
કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક
સંસ્થાપક-રવિશંકર રાવળ

તંત્રી
બચુભાઈ રાવત




સપ્ટેમ્બર ૩૨૧ ઈ. ૧૯૫૦

શિલ્પી (ચિત્રકાર: કે. શ્રીનિવાસાલુ)

નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા

તસ્વીરકાર: રવિશંકર રાવળ

જન્મ : ૩·૯·૧૮૫૯ | અવસાન: ૧૪·૯·૧૯૩૭



દૃષ્ટિપૂતં ન્યસેત્ પાદં એ ન્યાયે પગલાં ભરી,
તમે જીવનની યાત્રા રસદેશે શરૂ કરી.
અનેક કુસુમો વીણ્યાં ચિરંજીવી સુગન્ધથી,
ભર્યાં, અર્પ્યાં, કરી પૂજા ગુર્જરી કવિતાતણી.
એ દેવીમંદિરે બેસી વીણાના તાર છેડિયા,
અમારાં ઉરમાં એનાં આંદોલનો અનુભવ્યાં.
અને નૂપુરઝંકારે નૃત્યલાલિત્ય દાખવી,
ગીત, વાદ્ય અને નૃત્ય સંપૂર્તિ ત્રયની કરી.
તમારા ઉરને વ્હાલા અખંડ કરુણારસે
ઓપતી દિવ્ય શ્રદ્ધાથી રચી સ્મરણસંહિતા.

કલા ને રસચર્ચાને દેશે ડગ ભર્યાં તમે,
સંઘરી તત્ત્વ મોંઘેરું અર્પ્યું સૌ ગુજરાતને.
સંક્ષોભો જાગિયા કૈંક તમારે ઉરગ્રંથને,
નવનીત થકી તેના પોષાયા સર્વદા અમે.
ગભીરો ગર્જતો મેઘ રસથી ભીંજવે ધરા,
તમારે ઉરથી એવાં ઝીલ્યાં અમૃતબિન્દુડાં.
તમારી જ્ઞાનની જ્યોતે અમારા દીપ ચેતિયા,
તે વેળા ઉરમાં ઊઠી સદાની નમ્ર વન્દના.
અનેક પગલાં ધારો સ્થિર ને ચેતનાભર્યાં,
તમારે પગલેપગલે અમારા પ્રાણવન્દના.

[‘૭૫ પગલાં’ એ નામના આ અનુષ્ટુપ નરસિંહરાવની ૭૫ મી જન્મજયંતીએ બે ભક્તશિષ્યોએ ‘મિત્રાવરુણૌ’ની સહીથી એમને સંબોધેલું. એમાં એમનાં પુસ્તકોના ધ્વન્યાત્મક ઉલ્લેખ સાથે એમના સાહિત્યજીવનનો સુરેખ સંપૂર્ણ પરિચય આવી જાય છે. એનો એમણે આપેલો ઉત્તર આ અંકમાં એમના હસ્તાક્ષરોમાં આપ્યો છે.]



ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન. કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક (ટૅક્સ સાથે) રૂ. ૭ાા; પરદેશમાં રૂ. ૯ાા અથવા શિ૦૧૫ છુટક નકલ: બાર આના

કુમાર

કાળનાં કુસુમોમાંથી પામીએ તેટલાં વધુ
મનના મધપૂડામાં સીંચવાં સ્મૃતિનાં મધુ.
પિનાકિન્ ઠાકોર

વ્યવહાર: 'તારે તો માત્ર કેડી છે; મારે તો રાજમાર્ગ છે'
સ્વપ્નસૃષ્ટિ: 'તારે તો ભીંસ ને ચીસો, મારે તો મુક્ત ગાન છે.'
વ્રજલાલ દવે

સપ્ટેમ્બર ★ ઇ. ૧૯૫૦

સંચાર

· મિશ્ર ·

ઊંડે ઊંડે અંતરની ગુહામાં
જાગી ઊઠે કો રણકાર મીઠો,
વાગી ઊઠે જંતર કોક ઝીણું!

૧

જગાડતી નિદ્રિત નીલ વારિ
પતાલવાવે ભરી હેલ પદ્મિની,
અંધાર, ઊંડાણ, અશબ્દતાના
ભેદી સ્તરો, ઉપર આવતી જતી
–ધીરે ધીરે ઉપર આવતી જતી–
અદીઠ તો યે અનુભૂત કોકનો
સંચાર એવો ઉરવાપિએ થતો,
અંધાર, ઊંડાણ, અશબ્દ સંહરી
ધીરે ધીરે ઉપર આવતો જતો.

૨

એકાન્તમાં કો ગઢની વચોવચ
ઊભો ન હો મ્હેલ જ એકદંડિયો,
ને મધ્યમાં દ્વારભીડેલ ખંડે
ઝૂલે હિંડોળે મૃદુ રાજકન્યા;
કિચૂડતું એમ જ કોક અંતરે
સિંજારવે મંજુ ભરી શ્રુતિપટ,
ધીરે ધીરે...

૩

વગડો પડ્યો વિસ્તરતો ચહુ દિશે
બપોરની આતમશૂન્યતામાં,
ન પાંદડું યે ફરકે, અઘાટ
રહ્યું છવાઇ ગમગીન મૌન,
સમાન્તરે બે વનવાટ ચીરી
ચીલા જઇ દૂર દિગંત ડુબે;
ખાવા ધસે એકલતા, ક્ષણે ક્ષણે
વધ્યે જતી ભીંસ વિશૂન્યતાની;
એવે સુણાયે સહસા સુદૂરે
ઘેરી, ધીરી, ઘૂઘરમાળ વ્હેલની
ઢંઢોળતી વન્ય સજીવતાને.
વગડાઉ મારી ઉરવાટ ખેડતું
વ્હેલું ચડી આવત કોક એમ જ,
ધમકાવતું ઘૂઘરમાળ ઘેરી,
ઢંઢોળતું સુપ્ત સુચેતનાને
ધીરે ધીરે દૂર થકી સમીપ.

બાલમુકુન્દ દવે

રે જિંદગી

ઉપજાતિ

રે જિંદગી! તેં મુજને બતાવ્યા
છે કેટલા રંગ? અને નવો આ!
લે, લાવ, ત્યારે લઉં ગાણી એને
એ યે અજાણ્યો રહી જાય શાને?

અનંત છે વ્યોમવિહાર મારા,
છે સાન્ત કર્તવ્યની તોય ભૂમિકા.
અખંડ તારાં દુઃખવર્ષણોમાં
આનંદનો ખંડ કદીક વર્ષે.

આ વ્હેંચણી ન્યાયભરી, પછી હું
શાને નકામી ફરિયાદ આદરું?
વળી તને યે નવરાશ ક્યાં છે?
જેથી શકે સાંભળી મારી વાત.

તું આપજે અંધ બની ગમે તે
ઝીલીશ હું અંધ બની ગમે તે.

હરીન્દ્ર દવે

આવજે ના

ઉપજાતિ

મુશ્કેલીને મારગ આવજે ના
સીધી જતી કેડી બતાવવાને,
કે સિન્ધુના મોજ મહીં મને તું
બચાવવાને કદી આવજે ના.

થાકેલ મારા પગની કદી તું
ના ચૂમજે કંકર લોહીભીની,
અંધારને અંચલ હસ્ત મારો
ઝાલી મને ના કદી દોરજે તું.

દેજે થવા દર્શન તીવ્ર મારી
અપંગતા, નિર્બળતા, નિરાશા
ને દોષનું ખૂબ કઠોરતાથી
વર્ષી રહી દુઃખ, વ્યથા અસહ્ય
ને વેદનાને જિરવી જવાનું
દેજે મને તું મૃદુ હાસ્ય હોઠે.

'નિખિલેશ'

દગ અચુત

શિખરિણી

પહેલી વર્ષાએ અવનિઉરમાંથી જયમ તૃણો
ઉઠે જાગી સૂતાં સકલ; ધરણા ખુલ્લીની પરે
છવાતી લીલી કૈં મખમલતણી ચાદર કૂણી;
ફરે શું જાદુઇ લકડી જગના જાદુગરના!
લહેરે વાસન્તી અનિલની ફૂટે કૂંપળ યથા
પ્રશાખાશાખાએ વિટપવિટપે સૌ વનમહીં
લીસોટા તેજસ્વી મૃદુ ચમકતા તામ્રવરણા;

ભભૂકી ઊઠે શું વન રતુમડી અગ્નિશિખથી!
ઘને ગાઢાં છૂપ્યો શશિયર થતાં મુક્ત સહસા
ઉઠે સૃષ્ટિ આખી તિમિરમહીંથી તેજની મહીં
નવા જન્મે જાણે, દ્યુતિલ અવકાશે સ્મિતમય,
વનો, પ્હાડો, શ્હેરો, સરિત ઉપસે ઊર્ધ્વ શું નભે!
કૃપાસ્પર્શે તારા ત્યમ સકલ ચૈતન્ય ઉઠતું
સૂતું કોષે કોષે દગ અચુત ખોલે શત ક્રતુ!

પ્રજારામ

ધરિત્રીના ખોળે

મંદાક્રાન્તા

ચારે બાજુ ભીંસ પડી મને; શોધું ક્યાં આશરો જૈ?
સ્વપ્નાં જેવાં સ્વજન નિરખ્યાં; મારું કોઇ ન આંહીં:
હૈયા કેરી સ્થિતિ વિષમ આ કેવી! કારુણ્ય કેવું!
શ્રદ્ધા જાગી નહિ હરિ વિષે, વિશ્વશું ત્યાં અશ્રદ્ધા
એવી જાગી હૃદયમહીં તેને ય મારૂં લહું ન્હૈં.
રે મારી આ ક્યહીં જઇ વ્યથા ઠાલવું, એ વિચારે
ચાલ્યો છોડી નગર, પટમાં આવી બેઠો; ધરિત્રી!
તારા ખોળે નયનજળ મેં ઠાલવી ઠારી પીડા.

માતા! ત્યારે સમજી હું શક્યો ફૂલ શાને ખરીને
તારા અંકે સ્થિર થઈ રહે; વાદળાં કેમ વર્ષી
હૈયા કેરૂં જળ ધરણી! તારા જ અંકે વહાવે:
સૌ મા! તારા સુખદ ગરવા ખોળલે શાંતિ પામે.
પાછાં તાજાં થઇ નવીન ચૈતન્ય પામી ફળે તે:
મારા હૈયે પણ મધુરવી ચેતના સળવળે છે.

સરોદ

· વૈતાલીય ·

બીજને કદી યે ન વાંછવું
ઝીલવાને સ્મિત સૂર્યરશ્મિનું;
ફૂલનું પ્રગટાવવા સ્મિત
બીજને અંધ ભૂગર્ભમાં જવું.

જયન્ત પાઠક

યુવક-ધર્મ

સમસ્ત ગુજરાત વિદ્યાર્થી સંમેલનને અનુલક્ષીને

લેખક • રવિશંકર રાવળ ★

ગઈ તા. ૧૯ અને ૨૦મી ઑગસ્ટે શ્રી બબલભાઈ મહેતાના પ્રમુખપદે વીસનગરના નવયુગ વિદ્યાલયના વિસ્તારમાં સમસ્ત ગુજરાત વિદ્યાર્થી કૉંગ્રેસનું ચોથું અધિવેશન યોજાયું હતું, જે પ્રસંગે શ્રી કાકાસાહેબ કાલેલકરે મંગલ પ્રવચન કર્યું હતું. ગુજરાતનાં છેક મુંબાઇ સુધીનાં શહેરોમાંથી આવેલા વિદ્યાર્થીજૂથોના પ્રતિનિધિઓ અને આસપાસના વિદ્યાર્થીપ્રેક્ષકોની સારી સંખ્યા ત્યાં મળી હતી, અને પરિષદનાં કાર્યોની સર્વ યોજના તથા વિચારણાનો મુખ્ય ભાર તેમજ જવાબદારી વિદ્યાર્થીઓએ જ ઉપાડી લીધાં હતાં તે જોઇ કોઇને પણ વિદ્યાર્થીઓમાં આવેલી જાગ્રતિનો ખ્યાલ આવતો હતો.

પરિષદના મહેમાનો તરીકે આવેલા સર્વ પ્રૌઢ માર્ગદર્શકોનો એક જ ઉપદેશ હતો કે વિદ્યાર્થીઓ પોતાનાં ચારિત્ર્ય ને પુરુષાર્થની સર્વ તાલીમ પૂરી કર્યા પહેલાં કોઇપણ પક્ષાપક્ષી ને રાજકારણમાં પડી જાય છે એ તેના માટે વિઘાતક છે. દેશના પ્રશ્નો સમજી તેમાં સક્રિય ફાળો આપવા તૈયાર થવા માટે પ્રથમ સ્વાશ્રય અને સ્વાવલંબન કેળવવું જરૂરી છે. જગત આજે ભારત તરફથી જે મોટી આશાઓ રાખે છે તે પૂરી કરવાની જે ફરજ આપણા વિદ્યાર્થીઓની જ છે તેને ઉપાડી લેવા પૂરતું ચારિત્ર્ય અને સંસ્કારનું ઘડતર પાકું કરવાનો આ કાળ છે.

દેશમાં શ્રમનું ગૌરવ પ્રતિષ્ઠિત કરવાને માટે પરિષદનું કંઈ પણ કાર્ય શરૂ કરતાં પહેલાં વિદ્યાર્થી-પ્રતિનિધિઓ ને પ્રમુખ શ્રી બબલભાઇએ વીસનગરના દરવાજા પાસેના રસ્તા ઉપર પડેલા ખાડાઓમાં એક કલાક સુધી પાવડા-ટોપલા લઈ પૂરણી કરી હતી. આ દૃશ્ય જેમ નવીનતા અને કુતૂહલપ્રેરક હતું, તેમ વિદ્યાર્થીઓએ જાહેરમાં શ્રમકાર્ય કરવામાં જરૂરી નૈતિક હિંમત કેળવવાના અને શ્રમજીવીઓ સાથે સમાનતા લાવવાના પ્રયાસના પ્રતીક સમું હતું. થોડા જ વખત પહેલાં ખંભાત પાસે ભુવેલ ગામમાં એક માસ સુધી આવી રીતે વિદ્યાર્થીઓએ ગામનું તળાવ ખોદી એક સડક સુધારી આપી હતી, એ વાચકોને યાદ હશે.

આમ જ જો ગામેગામનાં વિદ્યાર્થીજૂથો માત્ર પરિષદો અને છાવણીમાં જ નહિ પણ પોતાનાં ઘરો, પોળો તથા નગરનાં મુખ્ય થાનોની સફાઈ અને સમારકામ માટે ધગશ રાખી પ્રયત્ન કરે, તો થોડા જ સમયમાં આપણા દેશની ગંદકી અને કચરા દૂર થાય અને વિદ્યાર્થી જનસમાજની સાથે ભાવભર્યો સંપર્ક મેળવી શકે; એટલું જ નહિ, પણ તેની તંદુરસ્તી અને જીવનદૃષ્ટિમાં મોટો ફેરફાર આવી જાય. વિદ્યાર્થીમંડળોમાં આજકાલ જોવામાં આવતો નેતાગીરીનો મોહ, પક્ષાપક્ષી બાંધવાનો ચેપ તથા ચૂંટણીના પ્રપંચો પેસી ન જાય અને જ્ઞાન, ચારિત્ર્ય તથા સેવાને જ તેઓ મહત્ત્વ આપે તો તેમના ઘણા પ્રશ્નો તેમના જ હાથે પાર પડી જાય. તેમને મળતી ફુરસદો તથા લાંબાં વૅકેશનોનો ઉપયોગ શરીરશ્રમ માટે માત્ર અખાડાની કસરતો કરવામાં જ નહિ પણ ગૃહકાર્ય, ધંધાની તાલીમ કે જ્ઞાનપ્રચાર માટે કરવામાં આવે તો જરૂર તેમાંથી તેમને બેકારી અને ગરીબી સામે લડવાના ઉપાયો સૂઝી આવશે.

આવી ભાવનાઓથી વીસનગરની પરિષદમાં કેટલાક સુયોગ્ય ઠરાવો તો થયા છે. પણ ઠરાવોથી જ સંતોષ ન માની લેતાં તેના પાલન માટે વિદ્યાર્થીઓએ તેમની દરેક પ્રવૃત્તિ અને વ્યવહારમાં આગ્રહ રાખવો જોઇએ. શિસ્ત, સફાઈ અને વ્યવસ્થાનો ભંગ વિદ્યાર્થીઓ દ્વારા તો કદી ન જ થાય એ સામાન્ય ધોરણ તો આપણી પ્રગતિનો પહેલો પાઠ છે. વીસનગર પરિષદના બે દિવસના કાર્યક્રમો વચ્ચે એટલો બધો સમય ફાજલ પડતો હતો કે તે વખતે પુખ્ત વિદ્યાર્થીઓ અનેક નવીન વિદ્યાર્થીઓના નિવાસમાં જઇને તેમને નવા આદર્શો અને માર્ગદર્શન આપી શકત. અથવા તેમનાં મનના સુયોગ્ય રોકાણ માટે એકાદ તાત્કાલિક વાચનાલય તથા પુસ્તકોનો સંગ્રહ ગોઠવી શકાત. સભાગાં ચાલતાં ફુટકળ વ્યાખ્યાનો, ઠરાવોની ચર્ચાઓ અને બંધારણીય કારવાઈઓમાં સામાન્ય સાધારણ વિદ્યાર્થીસમાજને બહુ રસ ન હતો. તેમને નવા જગતનું દર્શન અને પરિચય આપતાં સરળ વિવેચનો કે માર્ગદર્શનો આપી શકાત, કે જેથી એવા કાચા જ્ઞાનવાળા વિદ્યાર્થીઓનાં જૂથ અનિયમિત હરફર અને કુતૂહલમાં વખતનો વ્યય કરતાં હતાં તે અટકાવી શકાત. એવા માટે કોઇ જુદો જ સક્રિય કાર્યક્રમ ઘડી કાઢવો જોઇએ ઇતિહાસનાં ચિત્રોનું પ્રદર્શન, રમતો કે વાર્તાલાપો, સચિત્ર સોપાનિયાં તથા સારા સાહિત્યનો પરિચય યોજ્યો હોત અથવા તેમની જ નાની ચર્ચાસભા કે પ્રશ્નોત્તરીઓ ગોઠવીને તાલીમ તથા માર્ગદર્શનો આપ્યાં હોત તો તેમનાં સમય ને ખર્ચ સાર્થક થાત.

પરિષદની આટલી કટુ નોંધ લીધા પછી ત્યાંના સેવાદળના 'સ્વાશ્રય છાત્રાલયની' ઊડતી મુલાકાતે જે મીઠી લાગણીઓ પેદા કરી છે તે આનંદભેર નોંધવી જોઇએ. વીસનગર શહેરની બહાર, હરિજનવાસની બાજુમાં જ, બે ખેતર જેટલી જમીન ઉપર, બે સાદાં છાપરાંમાં કેટલાક વિદ્યાર્થીઓ સ્વાશ્રય અને સેવાનો સાચો પ્રયોગ કરી પોતાનું ઘડતર કરી રહ્યા છે. આજે ખર્ચાળ કેળવણીના પ્રશ્ન ઉપર ચારે તરફ ઉહાપોહ થાય છે; કપડાં, ચોપડીઓ અને ખાનપાન મોંઘાં થયાં છે; તેમાં કૉલેજ-ફીનો વધારો અકળાવે છે અને માબાપો મૂંઝી ઊઠ્યાં છે; તે વખતે આવાં સ્વાશ્રય છાત્રાલયો જ ઊગરવાની એક ચોક્કસ બારી લાગે છે.

આ છાત્રાલયમાં વિદ્યાર્થી વધુમાં વધુ પચીસ રૂપિયાના ખર્ચે કૉલેજની કેળવણીનો લાભ ઉઠાવે છે. પણ એમાં કોઈ લાલાસાહેબ થઇને ભણતા નથી. આશ્રમનાં સર્વ કામકાજો વારાફરતી શિસ્તબદ્ધ રીતે તેઓ જાતે જ કરે છે. રસોઇ કરવી, કપડાં ધોવાં, વાળવું, કાંતવું વગેરે શરીરકામનાં બધાં કામ કરવા છતાં અને સાદામાં સાદો જરૂર પૂરતો જ ખોરાક મળતાં છતાં એકેએક જણની દેહયષ્ટિ તંદુરસ્ત ને મુખ પ્રસન્ન દેખાતાં હતાં. સંડાસ પણ આશ્રમ-પદ્ધતિએ જમીનમાં ખાડા ખોદી બનાવેલાં હતાં. એટલા માટે પણ અન્યની સેવા તેમણે સ્વીકારી નથી. ઊલટું, બાજુના હરિજનવાસમાં જઇ તેમનાં બાળકોને તેઓ ભણાવે છે અને એ બાળકો આશ્રમમાં ઉદ્યોગ શીખવા આવે છે ત્યારે સ્વચ્છ ધોએલાં વસ્ત્રો અને નમ્રતાભર્યું વર્તન લઇને આવે છે. અમારી મંડળીએ વિદ્યાર્થીઓ સાથે સાદા સહભોજનનો આનંદ લીધો. એ ટૂંક સમયમાં પણ સૌમાં સહકાર અને શિસ્તનું નિરીક્ષણ થયું. કોઈ કોઇને હાકોટા કરતું ન હતું. દરેક જણ પોતાનું કામ સમજતું હતું. વસ્ત્રો વગેરે ગડી કરીને મૂકેલાં હતાં. કાંતણ-પીંજણનો સામાન સુવ્યવસ્થિત રીતે લટકાવી દીધો હતો અને એક જ પરશાળમાં ઉદ્યોગ તથા ભોજનગૃહનું કામ આટોપી લેવાતું હતું. બ્રહ્મચર્ય અને ઉદ્યોગની સ્ફૂર્તિ તથા પ્રસન્નતાનો

આહ્લાદસવનાંમોં પરહતો.અમે જમી રહ્યા એટલે કોઇએ ઓટલા આગળ બધાના જોડા અને ચંપલો હારબંધ જોડ કરી ગોઠવી દીધેલા જોયા! આ નાનું કાર્ય ઉલ્લેખવાની મતલબ એટલી જ કે અમે થોડી જ વાર પહેલાં પરિષદના બારણા આગળ સેંકડો જોડાની જે સેળભેળ અને ઢગલા જોયા હતા તેને પરિણામે ત્યાં થએલી ધમાધમ અને જોડા ગુમ થવાના સંભવ, ઉકળાટ તથા વખતના બગાડ તરફ વિદ્યાર્થીઓ વિચારતાં શીખે. વિદ્યાર્થીઓને ખરું જીવનશિક્ષણ શાળા કે કૉલેજો નહિ જ આપી શકે, પણ આવાં સહકારી અને સ્વાશ્રયી આશ્રમો જ તેમને ઘડી શકશે. એનું અનુસરણ ને પ્રચાર સર્વત્ર, સર્વ પ્રસંગે થવાં જોઇએ. ચૂંટણીઓ અને નેતાગીરીની ધમાલો નિરર્થક છે, દંભ છે, એ સૂત્ર વિદ્યાર્થીઓ નહિ પકડે તો તેમની સંસ્થાઓ અને સંમેલનો પણ રાજકાજ અને યુનિવર્સિટીઓ સરખાં જ પ્રપંચયુક્ત ધામો બનવાનાં.

વિદ્યાર્થીઓ અને યુવકોનાં સંમેલનો દેશમાં ઠેરઠેર થાય એ ખૂબ ઈચ્છવાજોગ છે. આ પ્રસંગને અનુસંધાને, એવાં સંમેલનોમાં શું થઈ શકે તેનાં સૂચન 'કુમારે' આજથી ૨૨ વર્ષ પર કરેલાં તે આજે પણ એટલાં જ સાચાં હોવાથી આ નીચે ઉતારીએ છીએ:

'આવા પ્રસંગે ઘણા જણ પોતે પોતાના જીવનના કોયડા શી રીતે ઉકેલ્યા તેની વાતો કરી બીજાને હિંમત અને સૂચના આપી શકે તથા પોતાના જીવનમાં થએલી ભૂલોથી બીજાને ચેતવીને બચાવી શકે. વળી નવાં જીવનક્ષેત્રો તરફ ધ્યાન ખેંચી શકે એટલા માટે સંમેલનોમાં શિક્ષકો અને સાહિત્યકો ઉપરાંત કુશળ કાર્યકર્તાઓ, સફળ વ્યાપારીઓ, ખેડૂતો, સમર્થ કારીગરો, બાહોશ અમલદારો અને મુત્સદ્દીઓ પણ યુવકોના સલાહકાર તરીકે ભાગ લેવા આવે એ ઈચ્છવા જોગ છે માત્ર તેમનાથી ચેતવાનું એટલું કે તેઓ ભૂલેચૂકે પણ પોતાની ઉપરના પીઢપણા ને અતિ ચીવટાઈથી યુવાનોના ઉત્સાહને ઠંડો કરી ન નાખે.' (કુમાર વર્ષ ૫મું: મિજલસ)

એ જ વર્ષમાં કબીરવડને છાંયડે મળેલા યુવકોના પ્રતિનિધિઓએ સર્વાનુમતે યુવાનોના સામાન્ય ધર્મ તરીકે સ્વીકારેલી બાબતો પણ ઉતારીએ:





મથાળે : વીસનગરની સમસ્ત ગુજરાત વિદ્યાર્થી કોંગ્રેસનાં પ્રમુખ શ્રી બળવંતભાઈ મહેતા (જમણે) (ડાબે) તથા સંમેલનના પ્રવચનકાર શ્રી દાદાસાહેબ માવળંકર; નીચે : પરિષદની કારવાઈ દરમ્યાન વ્યાસપીઠ ઉપર શ્રી બળવંતભાઈ, શ્રી દાદાસાહેબ તથા શ્રી રવિશંકર રાવળ

યુવક–ધર્મ

(૧) ગુજરાતના યુવકોએ દર સાલ એક સંમેલન કોઈપણ ગામડાના શાંતિમય કુદરતી વાતાવરણમાં ભરવું, ને પરસ્પર પરિચય તથા સદ્‌ભાવ વધે એવો કાર્યક્રમ ગોઠવવો.

(૨) ગામડાં ને શહેરોની વચ્ચેના અંતરાયો દૂર કરવા અને સાદાઈ તથા સ્વાશ્રયના ધોરણ ઉપર આ સંમેલનની યોજના રચવી.

(૩) આ સંમેલનમાં પ્રતિનિધિ તરીકે આવતા ભાઈઓ દેશસેવાના કોઇપણ ક્ષેત્રમાં સક્રિય ભાગ લેતા હોય.

(૪) દેશનાં બાળકો પર પડતા શિક્ષણનો નકામો ભાર ને ત્રાસ દૂર કરવા દરેક યુવાન મહેનત ને હીલચાલ કરે, તથા ભાવી પ્રજાની ઉન્નતિ ખાતર બાળલગ્ન, કજોડાં તથા પ્રેતભોજન તરફ તિરસ્કાર બતાવી તેનાથી દૂર રહે.

(૫) યુવાનો પ્રજાના શારીરિક વિકાસ માટે વ્યાયામ જેવી હીલચાલને ઉત્તેજન આપે.

(૬) યુવાન માને કે દેશની દોલત દેશને માટે જ વાપરવી જોઇએ. તે ખાતર બને ત્યાં સુધી દરેક વસ્તુ દેશની વાપરે. પ્રયોગ, અભ્યાસ કે હુન્નર ખાતર જરૂર પડે એટલું જ પરદેશનું સ્વીકારે. વૈભવ કે શોખના પદાર્થો સ્વદેશના જ હોવા જોઇએ એવું પ્રતિજ્ઞાપૂર્વક સ્વીકારે.

(૭) દેશમાંથી મેળવેલી દોલત પરદેશના વૈભવી પદાર્થો પાછળ વાપરતા ધનવંતો દેશને નુકસાનકર્તા છે એવું દરેક યુવાન માને ન એ વૈભવ ખાતર તેઓની જરાયે પ્રતિષ્ઠા ન કરે.

(૮) સ્ત્રીજાતિ તરફ યુવાનનો ધર્મ મૈત્રીની દૃષ્ટિ કેળવવાનો છે. ઘરમાં, શાળામાં કે સમાજમાં યુવકો તરફથી તેમને સન્માન, સહાય ને નિર્મળ વાતાવરણનો અનુભવ થવો જોઇએ. દરેક યુવકે ઘરની સુધારણામાં સ્ત્રીઓના મદદગાર થવું જોઇએ. રસોડાથી માંડી ઘરના કોઇપણ કામમાં ભાગીદાર થવાની, તેમાં વ્યવસ્થા અને યોજના લાવવાની જવાબદારી સ્વીકારવી જોઇએ.

(૯) દેશમાં થતા અન્યાય અને ગેરવર્તન સામે ઊભા રહેવા દરેક પળે યુવક તત્પર રહે.

(૧૦) નાતોનાં અનિષ્ટ બંધનો સત્વર દૂર થાય એવા પ્રયત્ન યુવાન કરે. કોમ ને ધર્મના વિખવાદોમાં ન ભળતાં તે અટકાવવા મથે.

(૧૧) જીવનને હાનિકારક વ્યસનોથી પ્રત્યેક યુવાન તદ્દન મુક્ત રહે.

(૧૨) યુવાને દેશના વ્યવહારમાં દેશની કળા ને રૂપોનો આદર કરે; અનિવાર્ય સંજોગો સિવાય બધે ગુજરાતી ભાષાનો પ્રયોગ કરે.

નરસિંહરાવ





ઉપર : નરસિંહરાવભાઈ ઉત્તરાવસ્થાએ નિવૃત્ત થયા બાદ; નીચે : જ્યારે એલ્ફિન્સ્ટન કૉલેજમાં ગુજરાતીના પ્રોફેસર હતા.

કવિ અને ભાષાશાસ્ત્રી સદ્‌ગત નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાના નામથી કુમાર ગુજરાત હજી તદ્દન અપરિચિત નહિ હોય, કારણકે એમનાં કેટલાંક કાવ્યો હજી પાઠ્ય પુસ્તકોમાં સ્થાન પામે છે. 'ફૂલ સાથે રમત', 'મધ્ય રાત્રિએ કોયલ', 'સહસ્રલિંગ તળાવ' એવાંએવાં એમનાં ટૂંકાં કાવ્યો આજનાં કુમારકુમારીઓના વાંચવામાં આવતાં હશે. એ કવિ નરસિંહરાવ કોણ હતા? કેવા હતા? એ પ્રશ્નોના ઉત્તરો આપનાર શિક્ષક કે વડીલ, 'નરસિંહરાવ કડક હતા, લેખકો ને કવિઓની આકરી ચકાસણી કરનાર હતા—ઝાટકણી કાઢનાર હતા', એવું એવું કહે તો તે આશ્ચર્યની વાત નથી. નરસિંહરાવ સખ્ત હતા, આકરા સાહિત્ય-પરીક્ષક હતા, એ ખરું છે, અને ગુજરાત એ જાણે છે. પણ ગુજરાત બધું એ કેવા નરમ પણ થઈ શકતા એ કદાચ ન જાણતું હોય. એકનો એક માણસ વજ્ર જેવો કઠોર પણ હોય અને કુસુમથી પણ વધારે મૃદુ હોય. એવા પુરુષોની એ કમનસીબી છે કે જાહેરમાં એમની કઠોરતા જ દેખાય; એમની મૃદુતા નિકટના સંસર્ગમાં જ અનુભવાય.

નરસિંહરાવના જીવનનો એક પ્રસંગ એમની એ દ્વિવિધ પ્રકૃતિનું સારું ઉદાહરણ આપે છે. એક પ્રાથમિક શિક્ષક હતો. અરજદાર હતો. નરસિંહરાવભાઇ ભલામણ આપે તો એનું કામ સફળ થાય એવું એ માનતો હતો. નરસિંહરાવભાઇએ સખ્ત થઇને પારકા કાર્યમાં હાથ નાખવાની નાખુશી જણાવી. કેટલાક દિવસો એ વાતને થઈ ગયા. એક દિવસે વહેલી સવારે, નરસિંહરાવ વાંદરામાં આવેલા 'બ્લૂ બંગલા'માં હજી ઊંઘમાંથી પૂરા જાગ્રત નહોતા થયા ત્યારે, ભૈરવીના મધુર સ્વરો એમને કાને પડયા. કોઈ ગાતું હતું: 'દયામય, મંગલ મંદિર ખોલો.' એમનું જ રચેલું ગીત. પોતાના પ્રિય પુત્ર નલિનના મૃત્યુ પછી રચેલી કરુણપ્રશસ્તિ (elegy) 'સ્મરણ-સંહિતા'માંનું, પોતાને પ્રિય અને ગુજરાતને પણ પ્રિય એવું એ ગીત, કોઈક હૃદયને પીગળાવે તેવા સ્વરોમાં ગાતું હતું. નરસિંહરાવ જાગ્યા; બહારના ખંડમાં આવીને બારણું ખોલ્યું. ગાનારની પ્રાર્થના ફળી. નરસિંહરાવ દયામય બન્યા અને એમણે 'મંગલ મંદિર' ખોલ્યું. આ ગાનારે એમના પ્રિય ગીત વડે એમના મકાનનું જ નહિ, એમના હૃદયનું પણ બંધ દ્વાર ઉઘાડયું, અને પોતાને જોઈતી હતી તેવી ભલામણ મેળવી. યોગ્ય-અયોગ્યને તોળનારી નરસિંહરાવની કડક બુદ્ધિએ જે ન કર્યું, તે એમના હૃદયની કોમલતાએ કર્યું.

એમના પર સ્વજનોનાં મૃત્યુનાં અનેક દુઃખો પડયાં હતાં, ને એ એમણે મનને નબળું પડવા દીધા વગર, વજ્ર જેવી કઠણ છાતી કરીને સહ્યાં હતાં. અનેકવાર બીજાનાં દુઃખોએ પણ એમના હૃદયની કોમલતાનું પારખું કરાવ્યું હતું.

એમની ન્યાયબુદ્ધિ કડક હતી, પણ પ્રામાણિક હતી. પ્રામાણિક અને ન્યાયી બનવાના એમના આગ્રહે એમને જેમ અનેકવાર કડક બનાવ્યા હતા, તેમ અનેકવાર બીજા ન બને તેટલા કોમલ ને ઉદાર પણ બનાવ્યા હતા. એક વખત તેઓ એમ. એ.ની પરીક્ષામાં ગુજરાતીના પરીક્ષક હતા. એ પરીક્ષાના એક ઉમેદવારે પરીક્ષા અગાઉ એમને મળીને એમની સહાનુભૂતિ મેળવવાના ઉપરાઉપરી પ્રયત્નો કર્યા. ન્યાયી પરીક્ષક એવા પ્રયત્નોને ઉત્તેજન ન જ

ભોળાનાથ . . . કવિ, વિવેચક અને વિશેષ તો ભાષાશાસ્ત્રી તરીકે જેઓ ગુજરાતી સાહિત્યની સાથોસાથ જીવંત રહેશે

★ લેખક

રામપ્રસાદ પ્રેમશંકર બક્ષી

આપે; નરસિંહરાવે એ ભાઇને મુલાકાત સુદ્ધાં આપવાની ના કહી. એ ભાઈએ આગ્રહ છોડયો નહિ ને એકવાર એ એમના ઓરડામાં ઘુસ્યો. નરસિંહરાવભાઇએ એને ધમકાવીને કાઢયાં. પરીક્ષા પૂરી થઈ. ઉત્તર પત્રો તપાસાઇ ગયા. પરિણામ નક્કી કરતાં પહેલાં રિવાજ પ્રમાણે પરીક્ષકોની સભા મળી. એ જ ઉમેદવારને પહેલો વર્ગ મળવામાં સારા જેવા માર્ક ખૂટતા હતા. બીજા વિષયના એક પરીક્ષકે થોડાક માર્ક આપવાની પોતાની ખુશી જણાવી, અને નરસિંહરાવભાઈને પૂછ્યું, 'તમે બાકીના ખૂટતા માર્ક ગુજરાતીમાં આપશો?' નરસિંહરાવે ખૂટતા માર્ક આપ્યા. એમનો ખુલાસો એ હતો કે અહીં એ ઉમેદવારની બુદ્ધિની અને તૈયારીની પરીક્ષાનો પ્રશ્ન હતો; એના નતિક વર્તનનો ન્યાય કરવાનો પ્રસંગ નહતો. એને મુલાકાત ન આપીને પોતે એને અનીતિ કરતો બચાવ્યો હતો, એટલે અનીતિનો પ્રસંગ ઉત્પન્ન જ નહોતો થયો. ગુજરાતના મહાપંડિતોમાં અગ્રસ્થાને ગણાય એવા એમના એક મિત્ર, એમણે આ રીતે પ્રથમ વર્ગ આપી દીધો એથી નાખુશ બન્યા હતા. પણ નરસિંહરાવને આત્મસંતોષ એ હતો કે નૈતિક ક્ષેત્રની ભૂલ માટે—ભૂલ નહિ, ભૂલના પ્રયાસ માટે એમણે બૌદ્ધિક ક્ષેત્રમાં શિક્ષા નહોતી કરી. આવાઆવા પ્રસંગો જનતાના જાણવામાં ન આવે. જનતા તો કાર્યરૂપ ફળ જુએ, એની પાછળ રહેલાં મનોમન્થનો એના જોવામાં ન આવે.

એ નરસિંહરાવને ગુજરી ગયાને આજે લગભગ ૧૩ વર્ષ થયાં. એમનાં કાવ્યો આજથી પાંત્રીશેક વર્ષ પહેલાં વંચાતાં તેટલાં આજે વંચાતાં નથી. છતાં સહુકોઈ જાણે છે કે સદ્દગત નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા એટલે પૂજ્ય ગાંધીજીએ સત્કારેલા 'મંગલ મંદિર ખોલો' એ ગીતના રચનાર કવિ; નવીન યુગના કવિઓના અગ્રણી; ને આજે એમ. એ. ના વિદ્યાર્થીઓને ભાષાશાસ્ત્રના અભ્યાસમાં અત્યન્ત ઉપયોગી થતા 'Gujarati Language and Literature' નામના ગ્રન્થના લખનાર સમર્થ ભાષાશાસ્ત્રી. આજથી ત્રીશ-પાંત્રીશેક વર્ષો પહેલાં જેમનાં કાવ્યોએ ગુજરાતી કવિતામાં નવી ભાત પાડીને કાવ્યરસિકોને શિષ્ટ સુસંસ્કૃત કાવ્યવાચન પૂરું પાડયું હતું, ચાર દશકા સુધી જેમનો ભાષાશુદ્ધિ માટેનો આગ્રહ ગુજરાતી લેખકોને 'સાવધાન'નો પડકાર કરી રહ્યો, જેમની નીડર સત્યભક્તિ અને સ્પષ્ટ વાણી અનેકને ડારતી હતી, એ નરસિંહરાવની અન્ય કાવ્યકૃતિઓ કદાચ વિસરાઇ જાય, એમનું વિવિધરંગી નહિ પણ સાહિત્યક્ષેત્રના વીર લડવૈયા જેવું જીવન કદાચ ભુલાઇ જાય, તોપણ એમનું ભાષાશાસ્ત્રનું વિશાળ કાર્ય એમને વિદ્યાર્થીઓના અભ્યાસમાં જીવન્ત રાખશે ને 'મંગલ મંદિર ખોલો' જેવી થોડીક લોકકંઠમાં વિરાજેલી એમની ગીતકૃતિઓ એમને ગુજરાતમાં અમર રાખશે.

કવિની કોમલતા તેમજ ભાષાશાસ્ત્રીની કઠોરતા, એવા વિરોધી ગુણ ધરાવતા ગુજરાતી સાહિત્યના આ ભીષ્મપિતામહના માનસમાં, આપણે જોયું તેમ, વિરોધાભાસો અનેક હતા. લોકખ્યાતિમાં



અંગ્રેજીના અને ગણિતના તેજસ્વી વિદ્યાર્થી: ૧૮૭૫ના કુમાર નરસિંહરાવની આંખોની ચમક વર્તાઇ આવે છે.

નીચે: પિતા ભોળાનાથ જેવી નાગરી પાઘડી પહેરેલા આવા (૧૮૮૮ના) નરસિંહરાવને ભાગ્યે જ કોઇએ જોયા હશે.





નરસિંહરાવ અને એમના દ્વિતીય પત્ની સૌ સુશીલાબહેન ઈ. ૧૮૮૮માં. આ છબિમાં પહેરેલી છે તેવી જે બંગાળી પાઘડી–ટોપી (એનું નામ 'મોરાશો') નરસિંહરાવ, રમણભાઇ વગેરે પહેરતા તે, કવિવર રવીન્દ્રનાથના મોટાભાઇ સત્યેન્દ્રનાથ ટાગોર અમદાવાદ, શોલાપુર વગેરે સ્થળે ડિસ્ટ્રિક્ટ જજ હતા તેમના ગાઢ સંપર્કમાં આવવા બાદ નરસિંહરાવે અપનાવેલી.

એ જુદા હતા, વિશિષ્ટ અનુભવમાં જુદા હતા. સાહિત્યચર્ચામાં એ જેટલા ઉગ્ર હતા તેટલા વ્યક્તિ-જીવનમાં પ્રેમળ હતા, બાલવત્સલ હતા. પોતાનો મત ખરો હોય ત્યારે એ જેટલા સ્વમતાગ્રહી હતા તેટલા જ, એમની ખાતરી કરાવે તેવો કોઈ વિરલો નીકળે તો પરમતગ્રહણમાં ઉદાર હતા. આકૃતિએ રૂઆબથી ડારે તેવા હતા;—પોતાની લગભગ પ્રચંડ એવી કાયાને ખાખી કોટ પાટલૂન ને હૅટમાં સજાવીને નીકળે ત્યારે સાર્જન્ટ જેવા લાગતા, છતાં ઘરઆંગણે બંડિયન અને ધોતિયાના સાદા પોષાકમાં નાગરભક્ત નરસિંહની યાદ આપતા. આસિસ્ટંટ કલેક્ટર તરીકે, ગુજરાતી સમાજથી દૂર, અંગ્રેજોના વર્તુળમાં રહેલા તેથી તેમણે આહાર સિવાયની બાબતમાં પાશ્ચાત્ય જીવનસરણી સ્વીકારી હતી, પણ આન્તરતત્ત્વમાં એ આર્ય- દેશી' રહ્યાં હતા. વિધિ, ઉપચાર અને ઔચિત્યના અત્યાગ્રહી આ અમલદાર કવિ નિવૃત્ત જીવનમાં માથે હૅટ ને કેડે ધોતિયું પહેરીને નીકળતા ત્યારે પશ્ચિમ ને પૂર્વના એ મિશ્ર પહેરવેશથી પોતાની dual personalityનું—બેવડા વ્યક્તિત્વનું પ્રત્યક્ષ નિદર્શન બની રહેતા.

આવા, ગુજરાતના નવયુગના આ પ્રથમ પંક્તિના કવિ ને ભાષાશાસ્ત્રી નરસિંહરાવનો જન્મ, ૩જી સપ્ટેંબર ૧૮૫૯ને રોજ અમદાવાદમાં થયો હતો. એમના પિતા સરદાર રા. બ. ભોળાનાથ સારાભાઇ સરકારી અમલદાર હતા. ભોળાનાથભાઇ પ્રથમથી જ ખૂબ ધાર્મિક હતા, પણ એમની ધાર્મિકતા ગતાનુગતિક રૂઢિને અને ખોટા વહેમોને તજીને એકેશ્વરભક્તિ પ્રત્યે વળી હતી. સમાજસુધારામાં એ સમયે તેઓ અગ્રણી હતા. અમદાવાદમાં પ્રાર્થનાસમાજની સ્થાપના કરવામાં તેમનો મુખ્ય હિસ્સો હતો. દેવેન્દ્રનાથ ટાગોર, પ્રતાપચંદ્ર મુઝુમદાર, બાબુ કેશવચંદ્ર સેન વગેરે બંગાળી સમાજ સુધારકો અને વિચારકો જોડેના એમના સંપર્કથી, તથા રણછોડલાલ છોટાલાલ, મહીપતરામ રૂપરામ, લાલશંકર ઉમિયાશંકર વગેરે અમદાવાદના અગ્રણીઓની મૈત્રીથી એમણે સુધારા અને સંસ્કારને વેગ આપ્યો હતો. વિદ્યા, કલારસિકતા ને ખાનદાનીને કારણે તે વખતે ભોળાનાથભાઇના કુટુંબની સારી ખ્યાતિ હતી. આવા ભોળાનાથભાઇનાં સાત બાળકોમાં નરસિંહરાવ છઠ્ઠા હતા. એમના બે વડીલ બંધુઓમાંથી એક આપારાવ ૧૮૬૯માં અને બીજા, સૌથી જ્યેષ્ઠ, બાબારાવ ૧૮૮૪માં ગુજરી ગયા હતા. નરસિંહરાવથી નાના બૅરિસ્ટર કૃષ્ણરાવ સંગીતમાં કુશળ હતા. નરસિંહરાવ ઊર્ફે નન્નુભાઈ કવિ, અને મનુભાઈ (કૃષ્ણરાવ) સંગીતજ્ઞ, એ બેનો સ્નેહસંચાર 'હૃદયવીણા'ના અર્પણ-કાવ્યમાં અમર થયો છે.

નરસિંહરાવની વિદ્યાર્થી અવસ્થા સંસ્કૃત, અંગ્રેજી, ગણિત વગેરે વિષયોમાં દેખાઈ આવતી બુદ્ધિમત્તા અને ઊંડી ગુરુભક્તિથી દીપી ઊઠી હતી. એમના ગુરુઓમાં મુખ્ય સદ્‌ગત અંબાલાલ સાકરલાલ દેસાઇ અને (કૉલેજમાં) સદ્‌ગત ડૉ. સર રામકૃષ્ણ ભાંડારકર. એ બંને ગુરુઓ પ્રત્યે નરસિંહરાવને કેવો શુદ્ધ ને ખરા હૃદયનો પૂજ્યભાવ હતો તે આગળ ઉપર જ્યારે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદને અંગે ગુરુ અંબાલાલભાઈ અને શિષ્ય નરસિંહરાવ વચ્ચે ગુજરાત કોની પસંદગી કરે એ વિકટ પ્રશ્ન આવ્યો હતો ત્યારે, તેમજ સંસ્કૃતના અને ગુજરાતીના ભાષાશાસ્ત્રના ક્ષેત્રમાં ડૉ. ભાંડારકર જોડે

મતભેદનો નાજુક અવસર આવ્યો હતો ત્યારે,—એ બંને પ્રસંગોએ નરસિંહરાવે પુરવાર કરી બતાવ્યો હતો. તે એમની વિદ્યાને ધન્યતા અપાવે એવો હતો.

બી. એ. માં સંસ્કૃતના વિષયમાં આખી યુનિવર્સિટીમાં જે પ્રથમ આવે તેને મુંબાઈ યુનિવર્સિટીનું ભાઉ દાજી પારિતોષિક મળે છે. આ ઈનામ ઉપર આપણા દક્ષિણી બંધુઓનો જ ઈજારો હોય એવું મનાય છે, અને છે. ગુજરાતીઓમાંથી એ ઇનામ મેળવનારા જૂજ નીકળ્યા છે. નરસિંહરાવે હોશિયાર દક્ષિણી હરીફોને હંફાવીને એ ભાઉ દાજી ઈનામ મેળવ્યું હતું.

વિદ્યાસંસ્થાના આ ગુરુઓ ઉપરાંત બાળ વયમાં કાવ્યરચનાના પ્રાથમિક પાઠ આપનાર કવિ દલપતરામ ડાહ્યાભાઇને પણ નરસિંહરાવ પોતાના ગુરુ માનતા.

ઇંડિયન સિવિલ સર્વિસ–આઈ. સી. એસ.ની મશહૂર પરીક્ષા આજે તો બંધ પડી છે, અને ભારત સ્વતંત્ર બનતાં એ પરીક્ષાનું સ્થાન Indian Administrative Service નામની પરીક્ષાએ લીધું છે. આઈ. સી. એસ.ની પરીક્ષા ઇંગ્લંડમાં લેવાતી અને એમાં ઊંચે નંબરે પાસ થનારાને હિંદ સરકારમાં કલેક્ટર જેવા ઉચ્ચ હોદ્દાઓ મળતા. એ હોદ્દાઓ પ્રાપ્ત કરવા માટે આઇ. સી. એસ. એ એક જ માર્ગ હતો, જે માટે વિલાયત જઇને અભ્યાસ કરવો પડતો. પણ નરસિંહરાવ બી. એ. થયા તે જમાનામાં આસિસ્ટંટ કલેક્ટરની જગ્યા માટે ઉમેદવારો પસંદ કરવાની એક બીજી પદ્ધતિ પણ પ્રચલિત હતી. પ્રતિષ્ઠિત કુટુંબના વિદ્વાન અને બુદ્ધિશાળી નબીરાઓમાંથી એ પસંદગી કરવાનો તે વખતે કાયદો હતો. આ રીતે પસંદ થએલા યુવાનોને વિલાયત જઇને આઇ.સી.એસ.ની પરીક્ષા આપ્યા વગર જ જગ્યાઓ મળતી. આને સ્ટૅટ્યુટરી સિવિલ સર્વિસ (સનદી નોકરી) કહેતા. નરસિંહરાવની આ રીતે પસંદગી થતાં એમણે ૧૮૮૪માં ખેડા જિલ્લામાં આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે સરકારી નોકરીની શરૂઆત કરી. એ નોકરી દરમ્યાન એમણે બાહોશીથી કામ કર્યું; પણ સાથોસાથ, પોતાની સમાન કક્ષાના ને કોઇક વાર ઊતરતી કક્ષાના પણ અંગ્રેજ અમલદારો, પોતે અંગ્રેજ છે એ કારણે અભિમાનભર્યું વર્તન દાખવતા તે નરસિંહરાવ સહી લેતા નહિ, બલ્કે સ્પષ્ટ અને સખ્ત વિરોધ કરતા. એમના આ હિંદી તરીકેના સ્તુત્ય સ્વમાનને લીધે એમના ઉચ્ચ પદવીના ખરા હક્કથી પણ એમને વંચિત રાખવાનો પ્રસંગ ઉપજ્યો હતો.

આવી ઉચ્ચ સરકારી નોકરી મળવાથી નરસિંહરાવનું માન કુટુંબમાં અને સમાજમાં બહુ વધ્યું. એમના કુટુંબને પણ આમાં માનપ્રાપ્તિનો અનુભવ થયો. અમદાવાદના વિદ્વાન પ્રસિદ્ધ અગ્રણી નાગરિક સર રમણભાઈ નીલકંઠનાં પત્ની લેડી વિદ્યાગૌરી નરસિંહરાવનાં ભાણેજ થાય. એમણે એક સ્થળે લખ્યું છે કે 'આ નોકરીને અંગે અમે બધાં પણ કાંઇક ઊંચી પદવીએ આવ્યાં હોઇએ એમ અમારા બાળ માનસને લાગતું.'

આ નોકરીમાં નરસિંહરાવની બદલી સોલાપુર, કારવાર, રત્નાગિરિ, સિંધ–હૈદરાબાદ વગેરે સ્થળે થવાથી એમના ભાષાશાસ્ત્રના અભ્યાસમાં ઉપયોગી નીવડે એવો મરાઠી, કાનડી ને સિંધી ભાષાઓનો એમને પરિચય થયો. ૧૯૧૨માં નિવૃત્ત થયા પછી થોડાં વર્ષ આરામ લઇને તેઓએ ૧૯૨૦થી ૧૯૩૬ સુધી એલ્ફિન્સ્ટન કૉલેજના ગુજરાતીના પ્રોફેસર તરીકે પણ કામ કર્યું હતું.


એમનું પ્રથમ લગ્ન ઈ. ૧૮૭૨માં એટલે કે એમની ૧૩ વર્ષની વયે થયું હતું. પ્રથમ પત્નીથી એમને એક જ પુત્ર (અનુસંધાન પૃ. ૩૨ પર)



ગથાળાનું ચિત્ર : શ્રી રવિશંકર રાવળે આલેખેલો સ્કેચ

નીચે: આ અંકના મુખચિત્ર તળે આપેલા છે તે, 'મિત્રાવરુણૌ'ના કાવ્યનો સ્વ. નરસિંહરાવે એવા જ અનુષ્ટુપમાં સ્વહસ્તે લખેલો

ઉત્તર



કુસુમો તો થયાં મ્લાન, વીણાના તાર તૂટિયા,
નૂપુરો કિંકિણી સર્વે વાગે છે ખોખરી હવાં.


રહ્યો માત્ર હવે ગૂઢ કરુણારસ તે વડે,
ભલે આ ઉરની ભૂમિ ભીંજાતી સર્વદા રહે.

કલા ને રસની ચર્ચા થઇ નીરસ. લે પડી!
ગ્રન્થનો ઉરમાં ઊંડાં થઇ રહેશે ઘડીઘડી.

વારિમન્થનમાંથી શું નવનીત ગ્રહ્યું તમે?
જ્ઞાનની જ્યોત ઝંખાઇ, ભલે તે તમને ગમે.

મૂઢ આશ્ચર્યથી જોઉં મિત્ર ને શિષ્યમંડલ,
શુષ્કારણ્ય વિશે પાએ અમી માની કદુ જલ.

(ઉપરના બે સિવાય બાકીના બ્લૉકો 'બુદ્ધિપ્રકાશ'ના સૌજન્યે)



ભૂત-આંબલી

લેખ

'સારંગ' બારોટ

હોળીનો દિવસ હતો. લાકડાં-છાણાં ઉઘરાવવાનું કામ પૂરું થયું હતું ને 'ચોરવાનું' કામ ચાલુ થયું હતું. ઘેરૈયાની સ્વતંત્રતા પરથી વડીલોનો કાબૂ ઊઠી ગયો હતો. ગોઠના પૈસા ન આપનારનું અપમાન થવું, કપડાં છંટાતાં, હુરિયો બોલાતી અને આ બધું થયા પછી પણ ગોઠ તો આપવી જ પડતી. ભાભીઓની ચુંદડીઓ રંગાઈ ગઈ હતી. દિયરિયાઓનાં મોઢાં તાવડીની મેશથી રગદોળાઈ ચૂક્યાં હતાં. રંગની શીશી કે પિચકારી હાથમાં ન હોય એવો જુવાન એ નાનાશા ગામમાં મળવો મુશ્કેલ હતો. હોળીના દિવસથી જ જાણે ધૂળેટી શરૂ થઈ ગઈ હતી.

સૂરજ ડૂબતાં ચકલે ચકલે હોળી પ્રગટી. સૌથી મોટી અને ઝાઝા દિવસ સુધી સળગતી રહે એવી હોળી મહોલ્લાનું ગૌરવ ગણાતી, અને આ ગૌરવ વર્ષોથી ઠાકરડાવાસને વરેલું હતું. ઠાકરડાવાસની ઘેર આગળ ગામની બીજી બધી ઘેર ઝાંખી લાગતી. કોઈ ઘેર તેના કરતાં ઉપરવટ જવા પ્રયત્ન કરતી તો તુરત જ એનો તેજોવધ થતો, મારામારી થતી, લાકડીઓ ઊછળતી, અને જોતજોતાંમાં વાત ધારિયાં-તલવાર પર આવી જતી. પણ છેવટનો વિજય ઠાકરડાવાસની ઘેરનો જ થતો. ઠાકરડાવાસની ઘેર જ્યાં લાકડાં છાણાં ચોરવા જતી ત્યાં બીજા કોઈ વાસની ઘેર આવી ચડે તો એને નમતું આપવું પડતું અથવા કોઈ નાના સાથી રાજ્યના લશ્કરની જેમ ઠાકરડાવાસની ઘેરમાં જોડાઈ જઈ એને મદદ કરવી પડતી. ઠાકોર મોતીસિંહ ઠાકરડાવાસની ઘેરનો આજીવન સભ્ય અને વણચૂંટ્યો સરદાર હતો.

પાલી બામણીએ આખું વર્ષ વગડો રઝળીને એકઠાં કરેલાં બળતણ પર મોતિયાની નજર હતી. કણબીવાસની ઘેરનો પણ ત્યાં જ છાપો મારવાનો વિચાર હતો. મધરાત પછી બંને ઘેર ત્યાં એકીસાથે પહોંચી એટલે વાત કદાચ વધી જાત, પણ પાલી ડોશીની ફુકડી જેવી ઊંઘ જરાક અવાજ થતાંની સાથે જ ઊડી જશે એની સર્વને જાણ હતી. શોર કરવો પાલવે તેમ ન હતું. ઝઘડવામાં મોતિયો જીતવાનો એ ય ચોક્કસ હતું. અને પાછા જવામાં અપમાન હતું. શું કરવું એની વિમાસણમાંથી કણબીવાસની ઘેરનો સરદાર માર્ગ કાઢે એ પહેલાં તો તેનું ગળું પકડતાં મોતિયાએ ધીમેથી એના કાનમાં કહ્યું: 'અલ્યા ધનિયા! મરવાનો થયો છે? છાનોમાનો ડાંડે પડી જા નહિતો ડાચું રંગાઈ જશે.'

મોતિયાની વાણી અને વર્તન વચ્ચે ઝાઝો જુદાગરો ન હતો એ બધા જાણતા. એને છેડવામાં જરા યે સલામતી ન હતી. પણ પોતાની ઘેરના દેખતાં નમતું આપવામાં પણ ઓછી માનહાનિ ન હતી. કણબીવાસના સરદારને આ ઉપસ્થિત થએલી પરિસ્થિતિ પ્રિય તો નહોતી જ; છતાં જરાક હિંમતથી અને જરૂર કરતાં જરા મોટા અવાજથી એ બોલ્યો: 'મોટો બહાદુરનો બેટો......'

પણ એનું વાક્ય મોઢામાં જ રહી ગયું. અને મોતિયાએ એના પેટમાં જોરથી એક મુક્કી ચોડી દીધી! ધનિયો પેટ પકડી દૂર રહી ગયો. થોડીક વારે એને કળ વળી. એના સાથીઓમાંથી કોઈ સળવળ્યું નહિ. હવે પાછા જવા સિવાય બીજો માર્ગ ન હતો. જતાંજતાં ધનિયાએ કહ્યું: 'મોતિયા! રાંડીરાંડનાં બળતણ ચોરવામાં તે શી બહાદુરી! બહાદુરનો બેટો હોય તો ભૂતિયા આંબલીનું સુકાએલું ડાળું પાડી આવને; તારા વાસની હોળી અષાડના વરસાદ સુધી સળગતી રહેશે.'

'અરે, ભૂત ને ચુડેલ, બધું ય ગજવામાં ઘાલીને ફરું છું. છાનોમાનો જા, નહિતો એકાદ તને જ વળગાડી દઇશ. મૂકય તારી ઘેરનું ઉઘરાણું હોડમાં. ડાળું તો શું આખી આંબલી ઉપાડી લાવું.'

'કબૂલ છે.'

'કેટલા રૂપિયા ઉઘરાવ્યા છે?'

'પંચ્યાશી. પણ શરત ૫૦ની ને પાંચ શેર ખજૂરની. છે હિંમત?'

'એમાં વળી હિંમત શી જોઇતી'તી?'

'ઠીક, તો આવતી કાલે મધરાત પછી તારે એકલાએ જવાનું. ખજૂરની પોટલી આંબલીની ડાળે સાંજ પડતાં તારા દેખતાં જ બાંધી આવીશું. પોટલી છોડી લાવજે અને રૂપિયા ગણી જજે.'

'કણુબા! ફરી ન જતો, હોં; નકર આગળ હું છું.'

'ફરે એ બે બાપનો.'

'ઠીક ત્યારે; રૂપિયા ને ખજૂર કાલે સાંજે તૈયાર રાખજે.

શરતની મંજૂરી મેળવી ધનિયો એની ઘેર સાથે પાછો ફર્યો.

મોતિયાના ગામની ઊગમણી ભાગોળથી અર્ધોક ગાઉ પર આવેલી ભૂતવાળી આંબલી આજુબાજુનાં સઘળાં ગામોમાં જાણીતી હતી. ખરા બપોર, ડૂબતી સાંજ અને અરધી રાત આ ત્રણ વેળાએ ત્યાંથી પસાર થવું જોખમભરેલું મનાતું. કોઈ અજાણ્યો વટેમાર્ગુ બપોરે ત્યાં વિસામો કરતો તો સાંજ પહેલાં એને તાવ ચડી આવતો. સાંજે ત્યાંથી પસાર થતાં ઘણાં માણસોએ ત્યાં વિચિત્ર છાયાઓ અને અળવીતરા અવાજો સાંભળ્યા હતા. જેણે જેણે આ અનુભવ્યું હતું એમાંના ઘણાખરા એ અનુભવના દિવસે જ માંદા પડ્યા હતા. સવા શેર દૂધ અને અરધો શેર જલેબી ભૂત-આંબલીએ પહોંચાડતાં દરદી સાજો થઈ જતો. આંબલિયા ભૂતની આવળઝોટનો ઉપાય આટલો સહેલો હોવા છતાં કોઇ માનવી ત્યાં સ્વેચ્છાએ જવા તૈયાર થતું નહિ. મોતિયાના જ ગામના મુખીની ભેંશ એક રાતે સાંકળ તોડી નાસી ગએલી. બીજા દિવસે સવારે ભૂતવાળી આંબલી નીચે એ મરેલી મળી આવી ત્યારથી એ આંબલીની અગણિત ગાથાઓમાં એકનો ઉમેરો થયો કે મધરાતના સમયે માનવી તો શું, ઢોર પણ ત્યાં જાય તો જીવતું પાછું ન આવે! મોતિયો આ બધી વાતોથી અજાણ્યુ તો નહોતો જ. પણ સ્વભાવે જરા અલ્લડ અને એમાં વળી કોઇએ પડકાર્યો, પછી પૂછવું શું? શરતનો પડકાર એણે ઝીલ્યો હતો અને ઝીલ્યો હતો એટલે હવે જીરવવાનો હતો.

ધૂળેટીની સાંજ પહેલાં આંબલીની ડાળ પર ખજૂરની પોટલી બંધાઈ ગઇ. મોતિયો મધરાત પહેલાં ત્યાં પહોંચી જઇને ગામગામ

ન કરે એ માટે ઘનિયાએ એનું પડખું છોડયું નહિ. એનો કોઇ સાથીદાર નિયત સમય પહેલાં પોટલી છોડી ન લે એ માટે કણબીવાસની ઘેરના છોકરાઓની છૂપી ચોકીઓ આંબલીના રસ્તે ગોઠવાઈ ગઇ. મધરાત થઇ અને મોતિયો તૈયાર થયો. ધોતિયાની કાછડી મજબૂત કરી, માથાનું ફાળિયું ઠીક કરી એણે હાથમાં તલવાર લીધી, અને એનું મહાપ્રસ્થાન નિહાળવા એકઠા મળેલા સર્વને ઉદ્દેશી એણે કહ્યું: 'કોઇએ મને ડરાવવાનો ત્રાગડો ગોઠવી આંબલી પર કોઇ માનવી મોકલ્યું હશે તો આ તલવારથી એનું માથું જુદું થઇ જશે. ભૂત-આંબલીએ જે મળશે એને આજ જીવતું નહિ છોડું.'

ઘનિયો મોતિયાની આંખની ખુન્નસભરી ચમક જોઇ થથરી ગયો: 'મોતિયા! એવી તે મશ્કરી કોઈ કરતું હશે? પણ પોટલી કોઈ મધરાત પહેલાં જ ઉતારી ન લે એટલા માટે થોડા જણને એ રસ્તા પર નજર રાખવા મોકલ્યા છે.' ઘનિયાએ કહ્યું.

'હત્તારી કણબાની! અલ્યા મારા પર વે'મ ખાધો ભૂંડા! હું બોલીને દગો કરું એવું કદી બન્યું છે?'

'ભઈ, આ તો શરત છે.'

'હવે જોઇ મોટી શરત.' કહી મોતિયો જવા તૈયાર થયો.

'મોતિયા, રસ્તામાં પેલા ચોકીવાળામાંથી કોઇ મશ્કરી ખાતર તને બીવડાવે તો તરવાર ખેંચતાં જરા વિચાર કરજે, ભઇલા.' મોતિયાની મર્દાનગી જોઈ ઘનિયો લગભગ ગભરાઈ ગયો હતો.

'બીવડાવે શું? માશીની મીંદડી? એક હાકોટો કરીશ ત્યાં બધાયનાં ધોતિયાં ઢીલાં થઇ જશે!' કહી મોતિયો ચાલી નીકળ્યો.

ગામની ભાગોળ વટાવી મોતિયાએ ઉતાવળે પગલે સીમનો રસ્તો લીધો. એક બે જગ્યાએ થોરિયાની વાડ પાછળ સળગતી બીડીના ઝગારા દેખાયા. મોતિયાએ ખોંખારો ખાધો. વાડ પાછળ સંતાએલા કણબીવાસની ઘેરના છોકરા મોતિયાને જતો જોઈ રહ્યા. ભૂત-આંબલીનો રસ્તો શરૂ થતો હતો ત્યાં બેઠેલી છેલ્લી ચોકીના ચોકિયાતોએ મોતિયાને છાતી કાઢીને જતો જોયો, અને એની હિંમત પર એ ફિદા થઇ ગયા. એની ચાલમાં હિંમત હતી; પગલાંમાં નિર્ભયતા હતી; એના ફેંટાના ઊડતા છોગલામાં અભિમાન ફરફરતું હતું; મોતિયાએ ગોંદરાની સીમ વટાવી. આગળ વગડો શરૂ થતો હતો.

દિવસના રળિયામણી લાગતી સીમ રાત્રે ઘણી વાર બિહામણું રૂપ ધારણ કરે છે. સુકાએલા વૃક્ષનું એકાદ વિચિત્ર આકારવાળું ઠૂંઠું, પવનના સુસવાટાથી ખખડતાં ઝાડનાં પાંદડાં, રાતના બિહામણાં જનાવરોના વિચિત્ર અવાજો, આ બધું મળીને એક જાતનું ભયપ્રેરક વાતાવરણ સર્જે છે. આવા વાતાવરણમાં 'ડર્યા તો મર્યા' એ સર્વસાધારણ નિયમ હોય છે. મોતિયો આ નિયમથી અજાણ્યો ન હતો. ઊઘડતી સવારના આહ્લાદક અજવાળામાં ફરવા નીકળ્યો હોય એવી નિર્ભયતાથી એ જઇ રહ્યો હતો. અજવાળી રાત હતી, પછી ડર શાનો?'

'ઘૂ-ઘૂ ઘૂ-ઘૂ ..ઙ...ઘૂ...ઙ...' સીમની શાંતિ ચીરતો બિહામણો ને કર્કશ અવાજ, મોતિયો જ્યાંથી પસાર થતો હતો ત્યાંના એક ઝાડ પરથી સંભળાયો. અચાનક જ થએલા આ અવાજથી મોતિયાનાં પગલાંનો નિયમિત વેગ હળવો થઇને મૂળ ગતિએ આવી ગયો. પાણીના વાસણમાં સળગતો કોલસો પડે અને છમ્ અવાજ કરીને ઓલવાઈ જાય, એવું જ કાંઈક મોતિયાની છાતીમાં થયું ને શમી ગયું.

આગળ પડતા પગ અને પાછળ ઊડતું ધોતિયું, એ બંનેની ગતિ સાથે સંવાદિતપણે હીલોળા લેતી હાથમાં આડી પકડેલી તલવાર હવાની ફૂંકથી એક વાર ધોતિયાની ફડકમાં ભરાઈ. મોતિયાને થયું કે માર્યા! કોઇએ પાછળથી ધોતિયું પકડવાનો એને વહેમ થયો. પણ બીજી જ પળે એને પરિસ્થિતિ સમજાઈ ત્યારે પોતાના મનની નબળાઈ પર એને હસવું આવ્યું. છાતીનું જોર માપવાનો અણમોલ અવસર મળ્યો હતો એ વાતની મોતિયાના મનને પ્રતીતિ થઈ ગઈ. ભૂત આવે તો શું કરવું એનો વિચાર કરતો એ આંબલીનું અંતર ઓછું કરી રહ્યો.

રસ્તાની બાજુએ આવેલા એક મોટા વડની છાયામાંથી પસાર થતાં, ઉતાવળાં પગલાંની અડફટમાં કશુંક અથડાયું અને કલેજું કાંપી જાય એવી ચીસ સંભળાઈ. મોતિયો કૂદકો મારી બે ડગલાં પાછળ હટી ગયો. હાથ તલવારની મૂઠ પર સજ્જડ થયો. એક માંદલું કૂતરું ઠોકરના મારથી પીડાતું, ચીસો પાડતું, આથડિયાં ખાતું, બાજુએ હટી ગયું. પણ વડની છાયા ચીરીને પચાસેક ડગલાં ચાલ્યો ત્યાં સુધી મોતિયાના કાળજાનો ફફડાટ ઓછો થયો નહિ. ભૂત-આંબલીએ પહોંચવું જાવરા કાળજાના માનવીનું કામ ન હતું એની મોતિયાને હવે ખાતરી થઈ ગઈ. ઘડીભર તો એને થયું કે પાછા ફરી જવું! એની ચાલના વેગમાં થોડીક શિથિલતા આવી; હૈયાની હામ ઓસરતી લાગી; પણ પગ પાછા ન વળ્યા તે ન જ વળ્યા. જીવ જાય તો જાય, પણ અભિમાન ઘવાય એના જેવી હીણપત બીજી કઇ હોઇ શકે?

પહોળો રસ્તો પૂરો થતાં એક સાંકડી નેળ શરૂ થતી હતી. આજુબાજુ થોરિયાની ઊંચી વાડ હતી. વાડમાં વચ્ચે વચ્ચે ઝાડ ઊગેલાં હતાં. એમાંથી ચળાઇને આવતો ચંદ્રનો પ્રકાશ નેળના સાંકડા રસ્તામાં ચાંદરણાં ચીતરતો હતો. એક વળાંક પાસે આવતાં લગભગ મોતિયાની અડફટમાં આવતો એક લાંબો કાળો સાપ પસાર થઈ ગયો. બરાબર એ જ વખતે નજીકમાં જ શિયાળની લાળી સંભળાઇ. ઝાડ પર સૂતેલાં વાંદરાં સળવળ્યાં. ને પંખીઓએ બિહામણો ફડફડાટ કરી મૂકયો. વળાંકમાં




ભુજંગાસન

આપણાં શરીર, મન અને જ્ઞાનતંતુઓ, ત્રણેને એકી સાથે સ્વસ્થ રાખતી અનન્ય વ્યાયામ પદ્ધતિ

યોગાસને!

આસન

૬



અત્યાર સુધીનાં આસનો ચત્તા સૂઈ ને કર્યા. હવેનાં ત્રણ આસનો ઊંધા સૂઈને કરવાનાં છે.

આ આસન બરોબર થઇ શકે તો ફણા માંડેલા નાગ જેવો શરીરનો દેખાવ થાય છે, માટે એને ભુજંગાસન કહે છે. ભુજંગ એટલે સાપ.

પાથરણા ઉપર લાંબા થઇને ઊંધા સૂઇ જાઓ. બંને હાથ બંને બાજુ પર રાખો અને કપાળને જમીનને અડકવા દો. પગનાં તળિયાં ઉપર રહે અને અંગૂઠા જમીનને અડકે, એવી રીતે પગ રાખો. હવે માથાને ઊંચું કરો અને ધીમેધીમે બને તેટલું પાછળ લઈ જવાનો પ્રયત્ન કરો. છાતી સુધીનો ભાગ ઊંચકાય એટલે અર્ધી ક્ષણ થોભી પાછું માથું પાછળ લો. નાભિ-દૂંટી-જમીનને અડકેલી રહે; માત્ર તેનાથી ઉપરનો ભાગ જ ઊંચકાઈ જવો જોઈએ. શરીરને વાળતાં હાથના ટેકાની જરૂર પડે તો લો. ધીમે ધીમે હાથ ઉપર ઓછું જોર આવશે અને કમરના સ્નાયુઓને જોરે જ વળાશે. કરોડના ઉપરના ભાગમાંથી વળતાં વળતાં નીચે જવાનું છે એ યાદ રાખવું. આ પ્રમાણે બરોબર આસન આવી જાય, એટલે થોડીક સેકન્ડ એ રાખો. પછી જેવી રીતે શરીર ઊંચક્યું હતું તેનાથી ઊંધી રીતે એને પાછું જમીનને લગાડો. બે વારથી શરૂ કરીને સાત વાર સુધી આ આસન કરી શકાય.

આ આસનથી કરોડને ખૂબ ફાયદો થાય છે. થાકને લીધે પીઠ કે કમરમાં દુખતું હોય તો આ આસન કરવાથી આરામ થઇ જાય છે. જમ્યા પછી જેને કાયમ પેટ ભારે લાગતું હોય તેવા માણસો આ આસન કરી ખૂબ ફાયદો ઉઠાવી શકે છે. **દાસુભાઇ શુક્લ**

(ઑલ ઈન્ડિયા રેડિયો-અમદાવાદના સૌજન્યથી)

આવતાં જ સામેથી એક વરુ ભયંકર વેગથી છીંકોટા દેતું મોતિયાની સામે ધસી આવ્યું. મોતિયો તલવાર ખેંચતો ચપળતાથી એક બાજુ હટી ગયો. વરુ વેગમાં ને વેગમાં સીધું દોડી ગયું અને વાડામાંના એક છીંડામાંથી ખેતરમાં ચાલ્યું ગયું. મોતિયાની છાતી ધડકી ઊઠી. ફફડતા કાળજે આગળ અને પાછળ નજર ફેરવતો એ જેમ તેમ કરતો ઝડપથી નેળ પસાર કરી ગયો.

નેળમાંથી બહાર નીકળતાં થોડે દૂર સામે જ પેલી ભયંકર ભૂત-આંબલી દેખાઇ. હૈયાની હાંફ ખંખેરી નાખવાનો પ્રયત્ન કરતાં મોતિયાએ મેલા અને ચોખ્ખા બધા દેવોનું સ્મરણ કર્યું, પણ છાતીમાંથી, કોણ જાણે કેમ, પેલો ફફડાટ ખસતો ન હતો. શરતની અરધી આવક કાળભૈરવના થાનકમાં ખર્ચવાની માનતા માની મોતિયાએ હાંફતા હૈયાની ઓસરતી હિંમત એકઠી કરવા પ્રયત્ન કર્યો. પણ દિલમાં પેસી ગએલો ભીતિનો વાયરો વંટોળે ચડ્યો હતો. પગમાં હવે નરી શિથિલતા આવી ગઈ હતી. ચાલનો વેગ તદ્દન હળવો થઈ ગયો હતો. સામે દેખાતી ઊભી આંબલી અત્યંત ભયંકર લાગતી હતી. એમાં વસતા ભૂતની કલ્પના સર્વ ભયંકરતા કરતાં વધુ ભયંકર હતી. કાંપતાં જડબાં અને થથરતા હોઠમાં મોતિયાની જબાન સળવળી: 'કાળભૈરવ બાપો. કશું દેખાશે નહિ અને હેમખેમ ઘેર પાછો પહોંચીશ તો પચાસે રૂપિયા તારા થાનકમાં વાપરીશ, મારા ધણી!'

કાળભૈરવનું સ્મરણ કરતો મોતિયો આંબલીએ પહોંચ્યો અને જે ડાળ પર પોટલી બાંધી હતી ત્યાં નજર કરી. મજબૂત કપડામાં ગાંઠ વાળીને બાંધેલી પાંચ શેર ખજૂરની પોટલીને બદલે ત્યાં પેલા કપડાનો ગાભો અને પડીકાનો કાગળ હવામાં ફરકતો હતો! મોતિયાનાં રૂંવાટાં અને માથાના વાળ ભયથી ઊભા થઇ ગયા, હાથપગ પાણી પાણી થઈ ગયા અને જ્યાં પોટલાના લટકતા અવશેષોની બાજુમાં એની નજર પડી ત્યાં તો...

'ઓ બાપલિયા રે...' કરતી ચીસ પાડી, મુઠ્ઠીઓ વાળી મોતિયાએ પાછી દોટ મૂકી. પણ ભીતિથી કાંપતું અને હાથપગ પરથી કાબૂ ગુમાવી બેઠેલું એનું શરીર ફસડાઈને આંબલી નીચે જ બેહોશ થઈ ઢળી પડ્યું. તલવાર બાજુએ ઊડી પડી. મોતિયાની ચીસથી ઝાડ પર એક કદાવર આકાર જરાક સળવળ્યો અને પાછી ત્યાં શાંતિ છવાઈ ગઈ.

ધાર્યા કરતાં ઘણો વધુ સમય વીતી જવા છતાં મોતિયો પાછો ફર્યો નહિ, એટલે અમંગળ શંકાઓથી ઘેરાએલા મોંએ પચીસેક ઘેરૈયાનું એક ટોળું તલવાર, ધારિયાં, ડાંગ, ડફણાં અને લાંબી બૅટરીના ઘોડા લઇ એની શોધમાં નીકળ્યું. ભૂત-આંબલીએ આવતાં નીચે પડેલા માનવ આકારને જોઇ બધાયનાં કાળજાં કંપી ઊઠ્યાં. સંઘબળની હૈયાધારણ ન હોત તો કોઇ તેની નજીક જવાની હિંમત પણ કરત નહિ. આંબલી નીચે આવતાં બધાયના પગ કાંપી રહ્યા હતા. બૅટરી પ્રકટાવી સાથીઓએ મોતિયાને તપાસ્યો. જીવ હતો, પણ જડબું જબ્બરપણે દબાએલું હતું. દાંત બંધાઈ ગયા હતા. બીકથી આંખો ફરડાઇ ગઇ હતી. કપાળ પર પરસેવાનાં ટીપાં સાફ દેખાતાં હતાં. બધાયના પ્રયત્નથી દસેક મિનિટે મોતિયાને હોશ આવ્યા. સાથીદારોને જોઈ એને ખાતરી થઇ કે પોતે જીવી ગયો છે. તાવથી તતડતા શરીરે એણે ભૂત જોયું હતું ત્યાં હાથ લંબાવ્યો. આંખ ઉઠાવવા જેટલી હિંમત પણ એનામાં રહી ન હતી.

ચાર પાંચ બૅટરીનો પ્રકાશ પેલી પોટલીવાળી ડાળી પર નંખાયો અને ત્યાં એકઠા થએલા પચીસે જુવાનો પેલો કદાવર આકાર જોઇ થથરી ગયા...

—પણ બીજી જ ક્ષણે બધાંના કાળજાંનો કંપ ઓસરી ગયો.

કવખતે એકઠા થએલા આ જુવાનિયાઓના અટકચાળા સ્વભાવ પર, બૅટરીના પ્રકાશથી જાગી ગએલો એક મોટો બુઢ્ઢો વાંદરો ત્યાં દાંતિયાં કરી રહ્યો હતો!

બીજા જ દિવસે ઘેરૈયાઓએ ભૂત-આંબલીને નામશેષ કરી, એના અવશેષો ઓલવાની હોળીમાં હોમી દીધા.

ચન્દ્રવદન મહેતાની

આપકથા

બાંધ ગઠરિયાં...



← શ્રી ચન્દ્રવદન મહેતા: આ હપતાઓમાં આવતાં સુરતના કાળનાં સ્મરણો વેળાએ : કુમાર વયમાં.



ક્રિકેટમાં ક્રિકેટ રમવાની ખરી મજા પડી. શીખવનાર તો કોઇ નહિ, પણ 'જામ રણજીત' (જામસાહેબ)ની 'જ્યૂબિલી બુક' હાથ આવી ગઈ તે આખી વાંચી નાખી. કેમ ઊભા રહેવું. કેમ બૅટ પકડવું વગેરે નાનીમોટી બધી જ સૂચનાઓ ધ્યાનમાં રાખી રમવા માંડયું. પરિણામે જુનિયર ટીમમાં શીલ્ડ મૅચ રમવાની મળી. એમાં મેં કરેલી વિકેટ-કીપિંગથી આત્મારામ ખાનસાહેબ માસ્તર બહુ ખુશ થઇ ગયા તે એક બૅટ ઇનામ આપ્યું. એ જ મૅચમાં હું પહેલો જઈ છેલ્લો નૉટ આઉટ રહ્યો તેથી આપણે સીનિયર ટીમમાં પણ દાખલ થઈ ગયા. નૉટ આઉટ રહેવામાં કંઇ મોટી ધાડ નહોતી મારી; કારણ રમત સાવ ફુસ, અને બૅટ ઉપાડવાના જ સોગંદ! આગળ વધીને દબાવ યા પાછળ જઇને અટકાવ, એ જ એક સિદ્ધાંત! રન ગણો તો પૂરા સોળ પણ નહિ.

દાખલા તો કપાળે ચોંટયા જ હતા. ચક્રવૃદ્ધિ વ્યાજ અને સ્ટૉક્સ ઍન્ડ શેર્સ. માંડમાંડ ચોથીમાંથી પાંચમીમાં આવેલા, પણ પાંચમીના દાખલા તો તોબા. ઍલજિબ્રા પણ વિચિત્ર બનતી જતી હતી. સ્કેવર અને ક્યૂબ; ગુણો, છુટા પાડો અને કૉમન કાઢો. પરિણામે પહેલીની પેઠે આ પાંચમીમાં પણ શેઠના દાંડિયા ગુલ! દાખલામાં તો ખરા જ, પણ અંગ્રેજીમાં યે માર્ક ઓછા!

પરિણામ સાંભળી આવીને આપણે છાનામાના પાછલે બારણેથી મોડા મોડા ઘરમાં દાખલ થઈ ગયા. તે દિવસે તો ઘરમાં કોઈ કંઇ બોલ્યું નહિ. બીજે દિવસે શનિવાર હતો. કોરટ તે દિવસે કંઈ બંધ હતી. શું ધારો છો? સવારે ચા-બા પીધી ત્યાં સુધી જાણે કંઇ છે જ નહિ. પછી મામાજીએ એક્કો જોડી મંગાવ્યો અને કપડાં પહેરવા માંડયાં: 'શેઠ! ચાલો, તૈયાર થાઓ.' એટલે જાણે મારે તૈયાર થવાનું સૂચન મળ્યું. વાતાવરણ તરત જ સમજણ પડે એવું હતું, પણ નેમ શી હતી તે કળવી મુશ્કેલ હતી.

નવેકને શુમારે આપણે એક્કામાં ગોઠવાયા. મામાજી જાતે હાંકવા બેઠા. નાના મામા મોતીભાઈ પણ સાથે નહિ. અને વરઘોડો નીકળ્યો. સુફિયાણી ચાલે, બેત્રણ ઘર નથી ગયા, એટલામાં તો સોની મહાજન પોતપોતાને ઓટલે આવકાર આપવા તૈયાર હતા!

પહેલાં તો સામેવાળા ઘેલાભાઇ રસ્તે ઘોળાતા ઘોળાતા આવતા અફળાયા: 'કેમ? લઇ ચાઈલા તારે? હા તો, બીજું સું થાય!'

હજી એ પૂછે કરે એટલામાં જેકિસનદાસે જાણે તપાવેલો લાલચોળ સળિયો પાણીમાં છમકાર્યો: 'કેમ ભાઈ? કાટલા ખાતે? હવે અમ સું કરો છ છોટાભાઇ સાહેબ! એક વરસ વધારે!'

પણ ઘેલાભાઈને વળી ટહુકો પૂરનાર મળ્યું એટલે ઊભા રહી ગયા. અને બળદ પણ મારો વહાલો સમજુ, તે એ પણ ઊભો રહી ગયો! ઘેલાભાઇએ હવે ઝીણી ચલાવી: 'એ તો, છોટાભાઇ! પેલા તમે બૅટબૉલને સાલાને સળગાવી દો. આખો દા'ડો ટકરે ફદાફદ. બે આમ માઇરા ને બે આમ માઈરા! સાલું વરસ જાય છ તે કંઈ પાછું આવે છ? ઠીક છે; લઈ જાઓ!'

પણ કયાં?

જરા આગળ નથી વધ્યા ત્યાં તો અગારા દાદાના ઘરની ગલીવાળા અલ્લક ઝોળી ઓટલે ટાંપીને બેઠેલા તે ઝળકયા: 'હું ચિમનને આજે જ લખુંછ, છોટાભાઈ સાહેબ! આ જુઓ, આ જ ગલીમાં અહીં તણ વાંસની લાકડી ઠોકે અને બે પાટિયા લઈને બૉલ ઝુડે. ચિમન ને હું તો નાનપણામાં રમેલા, એટલે મને તો કહેવાનો હક્ક છે. આવોની મારે તાં જ, જરા ભૂંગળી પકડતાં શીખવાડું'.

ત્યાં નગીન બાબુ ને છગન વાંદામારૂ બેઠેલા, તેમાંથી નગીનભાઈએ શારડી ચલાવી: 'અરે પકડયા ભૂંગળા! આ કહું તે, અરે ધગણુ નહિ પુરાય. ભણીને યે સું ધાડ મારે છ તેની મને ખબર છે ને! છોટાભાઇ સાહેબ, રોજ સવારે બે કલાક મારે તેં બેસવા મોકલો, જુઓ કેવો હોસિયાર બનાવું છ!'

'તે નગીનભાઇ, પગાર સું આપસો?' વાંદામારૂએ ટહુકો કર્યો.

'પગાર સેનો? એ તો ભાણાભાઈ મને સામા આપે. ઈસ્કોલમાં ફી લઈ જતા હતા ને, તેમ. બહુબહુ તો છોટાભાઇ કહેસે તો દાળભાત ને બે તળેલાં ભજિયાં. કેમ ભાણાભાઇ! હવે જરા ઊંચું તો જુઓ!'

નહોતું કોઈને નહાવા ધોવાનું કે બીજું કંઈ કામકાજ, તે ચઢતે પહોરે અરધો ફર્લાંગ ગયા નથી એટલામાં તો પોણો મહોલ્લો જમા થઈ ગયો! સાલો, ભમરડા ફેરવવામાં નગીન બાબુનો ભત્રીજો રોજ મારી સાથે રમે, તે યે ખુલ્લે શરીરે છાતી કાઢતો શું યે જાણે એણે વાઘ માર્યો હોય તેમ એ પણ આવીને ઊભો રહી ગયો! ઘેલાભાઈ સોની વળી ફૂલની છાબડી લેવાની ભૂલી ગયા, તે પાછા માળીની દુકાન આગળ આવી રહ્યા: 'મેં તો, છોટાભાઇ, મારા સમ, આ વખત ભાણાને પાસ થાત તો ઈનામ આપવાનું નક્કી કર્યું હતું.'

'હવે એમ અમસ્થી લાપસી સું પીરસોછ? આપજો આવતે વર્સે.'

'હવે, બે વરસે તો ગધેડા પણ પાસ થાય!'

'એ વાત રહેવા દો. આપણા ગંગારામનો નઠુ આજ પાંચ વરસથી મેટલિકમાં ફુગાયા કરે છ.'

'તે ભાણાભાઇ! તમે મેટલિકમાં નાપાસ થયા? એ પરીક્ષા જરા અઘરી ખરી. એમાં તો ભલભલાનાં કાટલાં જોખાય છ, જો!'

'ન્યાતમાં વહુના સાંસા કે હવે? હેં છોટાભાઈ!'

હરામખોર! એમાંથી કંઈકના મેં કાગળો લખી–વાંચી આપેલા, મની ઑર્ડરો કરી આપેલા, પણ કોઈ મારી વહારે ધાયું નહિ, અને ઉપરથી સૌકોઇએ મારી રેવડી ઉડાવી. બોલે તો બોલે, પણ ઉપરથી પાછા કાવલા થાય, લહાવો લે, ને તબિયતથી રંગત જમાવે!

ખૂબી તો એ, કે મામાજી તદ્દન ચૂપ! આહિસ્તે આહિસ્તે એમ સવારી બરાનપુરી ભાગળ આગળ પહોંચી. ત્યાં તો ઢોળાવ ચડતાં પહેલા જ નાકા પર મોખરે ચુનિયા ગાંધીની દુકાન હતી. ચુનિયો ગાંધી અમારો રોજનો ગાંધી. ભગત માણસ; હસમુખો; ટીલાં-ટપકાં તાણી દુકાને બેસે; સૂંઠ-મરી, પીપરીમૂળ-કરિયાતું ને જીરૂં-ટંકણખારથી માંડી ગોળ કોપરૂં, ધૂપેલની પડી, સુવાવડનાં વસાણાં વગેરે અનેક ચીજોનાં પડીકાં બાંધે.'

'આવો છોટાભાઈ સેઠ!'

'ચુનિયાભાઇ! તને ચિઠ્ઠી મળી ને?'

'હાજી સેઠ; અલ્યા કોથળો પાથર.'

'જો ત્યારે, ભાણાને તારી દુકાને બેસાડ. બહુ ભણ્યા. એક ખાંડણી અને દસ્તો આપજે અને તને જે ઠીક લાગે તે કામ આપજે. (મારી સામે જોઈને) જાઓ.'

ત્યારે આપણને સમજ પડી કે ગઈ કાલ રાતથી આજ સુધીની બધી વિગતો તો વિચારાઈ ચૂકી છે. આપણી તો આંખમાંથી દડદડ પાણી ટપકે. ચુનિયો સારો માણસ. દુકાનમાંથી પોતે બહાર આવ્યો; મારો હાથ ઝાલી ઉતાર્યો; દુકાનમાં અંદર લઈ ગયો; છાનો રાખ્યો; કહ્યું: 'રડો નહિ. બોલો, હવે બરાબર વાંચસો ને?' ડુસકાં ભરતાં ભરતાં મેં હા કહી. એટલે પાછો બહાર લઈ આવ્યો. મામાજીએ એ દરમ્યાન એક્કો ફેરવી લીધો હતો.

'છોટાભાઇ સેઠ! આટલી વાર મારું કહ્યું માનો. હું જામીન. હવે ભાણાભાઈ વાંચસે. બરાબર વાંચસે. મને એણે વચન આલ્યું છે. લ્યો, આટલી વાર જવા દો.'

અને ચુનિયા ગાંધીની શિફારસે આપણે પાછા એક્કામાં બેઠા.

'તું જાણે ચુની. નથી વાંચ્યું તો હું નહિ જાણું.'

'અરે એમ હોય છોટાભાઈ સેઠ! હું જામીન.'

મારીએ આપેલી યાદી પ્રમાણે પડીકાં બંધાઇ રહ્યાં. ચુનિયાના હુકમને અનુસરી બદામ-સાકરનો થાળ બહાર લવાયો. 'લ્યો છોટા-ભાઈ! આટલી વાર માફ કરો. ભાણાભાઇને બદામ-સાકર ખવડાવો.'

રસ્તે એ જ મૌન. પાછા ફરતાં સોની મહાજન બધા હથોડી લઇને ક્યાં યે સંતાઇ ગયા હતા! એકાદ બે જણ મળ્યા તેમણે આંખની ઇશારતથી પતાવ્યું.....અને રજાને દિવસે પણ દાખલાનું અને અંગ્રેજી પાઠમાળાનું ટાઇમટેબલ મંડાયું.

માસ્તરોમાં કેટલાક તો કેવળ પતરાજીખોર જ હતા. એક માસ્તરને એવો જ ધખારો કે ફી ચાર રૂપિયા ને ચાર આના તે રોકડામાં જ જોઇએ. કોઈ ભૂલેચૂકે પાંચની નોટ લાવ્યો, તો એની સાત પેઢી ધોઇ નાખતા. તેમ મુકરર તારીખે ફી ન લાવે તો રૂપિયે પૈસો દંડ કરતા.

'પાછી પાંચની નોટ લાવ્યો? આ શું દૂધવાળાની દુકાન છે?' પાસે પરચુરણ હોય તો યે આપે નહિ, અને રોકડા જ માગે. વારંવાર દૂધવાળાની દુકાનની મશ્કરી કરે. અમારા વર્ગમાં ભીખાભાઇનો હરજીવન ભણતો. સુક્કો, કાળો, હમેશાં લીલા કોટમાં. તીણો પણ બુલંદ અવાજે બોલનારો હરજીવન સ્વભાવનો તીખો હતો. એનાથી પોતાની મશ્કરી જરા પણ સંખાતી નહિ. સ્વમાનનો ખ્યાલ જરા વધારે. ભણવાગણવામાં પણ હોશિયાર. એક દિવસ એ પાંચની નોટ લાવ્યો તે માસ્તરે ફેંકી દીધી: 'આ શું કંઈ દૂધવાળાની દુકાન સમજે છે?'

હરજીવન ઉશ્કેરાયો. નોટ કેમ ફેંકી દીધી? નોટ ફેંકી જ કેમ? એ એને સાલ્યું. એણે નીચેથી નોટ ન લીધી અને ફી રોકડામાં લાવવા એણે રીતસરની રજા માગી. માસ્તરશ્રીજીની ફી લેતા હતા. તેમણે તાકીદે લઇ આવવાની હા પાડી. વચ્ચે વળી બેચારને દૂધવાળાની દુકાનવાળી વાત સંભળાવી. થોડી જ વારમાં હરજીવન પાછો આવ્યો.

'લાવ્યો રોકડા?' માસ્તરે પૂછ્યું.

'હા જી' કહી એણે ટેબલ પર ત્રણ રૂપિયાના પૈસા, અને બાકી-નાની નવી પૈનો રૂમાલ છોડી ઢગલો કર્યો! છોકરાઓ ખડખડાટ હસી પડ્યા. અને માસ્તર વિફર્યા: 'તું શું આ દૂધવાળાની દુકાન સમજે છે, હરામખોર!'

એ 'હરામખોર' બોલ પૂરો થયો કે ત્યાં બંડી અને જાડું ધોતિયું પહેરી, હાથમાં લાંબી ડાંગ લઈ ભીખુભાઈ દાખલ થયા.

'કોણ હરામખોર?' હાવકાઈથી ભીખુભાઈ બોલ્યા. અને પછી ટેમ્પો વધ્યો: 'મારા દીકરાને હરામખોર કહેવાવાળો છે કોણ તે તો જોઉં! પરસેવાના પૈસા આપીએ છીએ અને ઉપરથી છોકરાને ગાળો દો છો? શરમાતા નથી? કોણ છે તમારો સાહેબ? કેમ, કોઇ કંઈ પૂછનાર બૂઝનાર કરનાર છે કે નહિ?'



એણે પુરું કર્યું ત્યા હરજીવને ચલાવ્યું: 'બાપા, મારી આ નોટ સાહેબે અહીં આ ફેંકી દીધી. લક્ષ્મીને એમ આપણે કોઈ કહાડી ફેંકી દેતા નથી. ને રોજ રોજ ''દૂધવાળાની દુકાન, દૂધવાળાની દુકાન'' કહી મારી મશ્કરીઓ કરે છે. બાપા, મારો નંબર સારો છે, છતાં મને દૂધવાળો કહે છે.'

'દીકરા! આપણે દૂધ વેચવાનો ધંધો કરીએ એટલે એમાં એ કોઈ કહે તો ખોટું ન લગાડીએ. હોય. સાહેબ માસ્તરનો ધંધો છે; જેને ફાવે એ કરે. પણ આમ ધનનું અપમાન કરે એ તો ન ખમાય. (માસ્તરને) આ પરચુરણ મેં મોકલ્યું છે. બોલો, લેવું છે નહિ? અથવા લખી આપો કે તમે ફી નથી લેતા.'

'તમે કોની રજાથી વર્ગમાં દાખલ થયા?' માસ્તરે પતરાજી કરી.

'અરે રજા જોઇ. મોટા રજા માગવાવાળા નીકળ્યા છો તે. સરકારી નિશાળ છે. દીકરાની બરોબર મહિને પૂરી ફી આપીએ છીએ, છોકરો શું ભણે છે તે જોવા આવવાનો અમારો પૂરતો હક છે. જવાબ આપો, જવાબ આપો; આ ફી લ્યો છો કે નહિ? બધા છોકરા-ઓના માબાપો મરી નથી પરવાર્યાં સમજ્યાને? અરે હરજીવન'

'જી.'

'આપણે વદચારથી છીએ. હોય; માસ્તરને વિવેક ન આવડે અને ધનને ફેંકી દે, તો આપણે કઢાવી લેતાં શરમાવું નહિ. તું નોટ કઢાવી લે.'

'જી.'

'હવે બોલો; આ ફી લેવી છે કે નહિ? ચાર રૂપિયા ને ચાર આના જ લાવવા! જો કાયદો કાઢ્યો છે તે! અને ન લાવે તો ઉપરથી પૈસો દંડ! કેમ, સરકારની તીજોરી ખાલી થઇ ગઈ છે? છે શું!'

'ચાલો હેડમાસ્તર સાહેબ પાસે.' માસ્તર ટાઢા તો થઇ ગયા હતા. એટલે છટકવા બારી શોધી.

'તે હેડમાસ્તર સાહેબ ગવંડરથી પણ મોટા છે, એમ? આવે અહીં. હું તો તમને ઓળખું, તમને. તમે મારા દીકરાને ગાળ દીધી. હરામખોર કહ્યો. શી હરામખોરી કરી એણે?'

વાત વધતી હતી. પડખેના વર્ગના માસ્તર મામલો પારખી જઈ હેડમાસ્તરને બોલાવી મંગાવ્યા. તે આવ્યા અને ભીખુભાઇને શાંત પાડી બહાર લઈ ગયા. ફી લેવાનું તે દિવસે બંધ કરવામાં આવ્યું. પણ પેલા માસ્તરે ત્યાર પછી કદી ફી લીધી નહિ.

'ગોપીપુરા દૂર હે; જાના જરૂર હે.'
'હોળીઆ રે! ......હું બોલાઉં તેમ બોલશો કે......?'
'હા. ..રે.'
'બોલો બોલો, શ્રીઇઈ રામ બોલો.
આ જાય તે કાકાને લઈ ચાલો!'

હવાડીઓ ચકલો છે. ચીનુ ચટપટના પહોળા ઓટલા પર પાંચ સાત છોકરા બેઠા છે. સામે, એક વખતની—અને તે વખતે ઘેલાભાઈ મુન્સફની—હવેલીના ઓટલા પર બેપાંચ જણ બેઠા છે. સંપૂર્ણ શાંતિ છે. લોકો જાય છે, આવે છે. સુમસામ છે. કોઇ જરા પણ બોલતું નથી. એવી પાંચદસ મિનિટ પસાર થાય છે, અને એકાએક આડાઅવળા શાંત બેસી રહેલા વીસપચીસ છોકરાઓ એકીસાથે પોકારી ઊઠે છે: 'બોલો બોલો, શ્રીઈઈઈ...'

(બધા) '...રામ બોલોઓઓ......'

રસ્તામાં ચાર ઠેકાણે બે અરધા અને બે રૂપિયા પડેલા છે. તે જતા-આવતા કોઇની નજરે ચડે છે, અને તે લેવા જાય છે યા લે છે, કે હોળિયાઓ કીકિયારી પાડી ઊઠે છે: 'બોલો બોલો, શ્રીરામ...'

એ અરધો તે અરધો નથી અને રૂપિયો દેખાતો તે રૂપિયો નથી. પૈસા ઉપર પારો ઘસેલો, અરધા જેવો રૂપેરી દેખાતો, બનાવટી અરધો છે, અને એવો જ પારો ચડાવેલો ઢબુ તે બનાવટી રૂપિયો છે.

જેવી 'શ્રી રામ બોલો'ની ચીચિયારી પડે કે ખસિયાણો પડેલો વટેમાર્ગુ સિક્કો મૂકી ચાલવા માંડે. ઘણા તો એ મશ્કરી હસી કાઢે; પણ જો કોઇ મિજાજ કરી જીભ ચલાવવા સાહસ કરે તો મૂઓ જ પડ્યો. ટોળું એની આસપાસ હાક હાક કરતું વીંટળાઇ વળે, મમ્મો ચચ્ચો પિરસાવા માંડે, અને આખરે હાલહવાલ થઈ જવું પડે.

હવે આ બીજું કરતુક જુઓ. હોળિયા આમતેમ ફર્યા કરે છે. હાથમાં નેતરની સોટી યા ચાબુક છે. રાત્રે ખાસ બેસી બનાવેલી ધજાગરી હાથમાં છે. વેંત લાંબી સળીને એક છેડે ધજા છે. બીજે છેડે ટાંકણી ઊભી દોરીથી બાંધી છે. કોઇ શિકાર હાથમાં આવે એની રાહ જોવાય છે. કોઇ હરિના દાસ કે લહેરીલાલા પાઘડી—અંગરખે પસાર થાય છે કે તરત હળવે પગલે પાછળ ચાલી ધીમેથી ટાંકણીવાળી ધજાગરી ડગલે કે પાઘડીએ ટપકાવી જ છે! શાહદારી ધજા ફફડાવતા થોડે દૂર જાય છે કે 'બોલો બોલો શ્રી રામ બોલો'ની બૂમ પડી જ છે!

આ વળી ત્રીજું કરતુક: મુન્સફને ઓટલે માર્કંડ બેઠો છે. આ બાજુ સામે ચટપટને ઓટલે ચંપક બેઠો છે. ચૂપચાપ બંનેએ પોતાના હાથ થાંભલા પર ઊંચેથી ટેકવ્યા છે. કોઇ ટેસી ઝપાટાબંધ ચાલતા બેંગલોર કે એવી કોઇ ટોપી પહેરી આવે છે, અને ધડ દઇને તલવારને એક ઝાટકે શરીરથી ધડ છૂટું થાય એમ, માથેથી ટોપી ઊડી નીચે ગબડે છે! અને તરત જ 'બોલો બોલો શ્રી રામ બોલો...'ની બૂમ પડી રહે છે. માર્કંડ અને ચંપકે સામસામી ઝીણી પણ મજબૂત દોરી એવી સિફતથી ઝાલી છે, કે આવનારની ઊંચાઇનો બરાબર અંદાજ કાઢી ટોપીનો રામરોટલો કરાવાય છે. એમાં પણ જો એ મિસ્ટર હસીને સહી લે તો હોળિયા જાતે જ ટોપી ઊંચકી, ધૂળ ખંખેરી પાછી આપે છે; પણ જો પતરાજી કીધી, 'તમારી જાતના...' કરી બે ગાળ દીધી, તો સામી સો ગાળો વછૂટી જ છે, અને ટોપી લઇને એકાદું ગેણિયું રફૂ થઈ જાય છે તે જુદું, અને વખત બગડે છે તે નફામાં.

આ છે હવાડિયા ચકલાની હોળીના દિવસો. ચકલે ચકલે હોળી રચાય છે. બાલાજીને ચકલે તો ખાસ્સી મોટી, ઈંટોની ચણેલી, સાત છ પાંચ એમ ચઢઊતરની પગથીની, યજ્ઞકુંડ જેવી મોટી હોળી બનાવતા. ઉપર અબીર ગુલાલે શણગારતા, ધૂપસળીએ શોભાવતા, માટીની નાની લાડુડી ઉપર ફૂલ મૂકી મ્હેકાવતા, અને છેક પરાંના લોક તે જોવા પધારતા. સેતાન ફળિયાની હોળી પણ મોટી, અને હોળિયાઓ સેતાની! હોળી અગાઉ ત્રણચાર દિવસથી નાચણવેડા શરૂ થઇ જાય. 'કાકા હોળીની પૈ; કાકાની પાઘડી ઉથલે ગૈ'ના શોરબકોર ચાલવા માંડે. ઘણા સમજુ, શાનદાર શહેરીઓ તો સમયને સમજી એ ચારપાંચ દિવસ બહાર જ નહિ નીકળતા; ને કદાચ નછૂટકે નીકળતા તો ખિસ્સામાં છૂટી દસવીસ પૈઓ નાખીને જ નીકળતા. છોકરાઓનું ટોળું વીંટળાવા માંડે તે પહેલાં ગજવામાં હાથ નાખી પૈ પૈસો કાઢી જ આપતા અને રસ્તો માપતા. અને એમની 'જે' પણ બોલાતી.

પણ કેટલાક ઘાસલેટસ્વભાવના આવતા ત્યારે ઠીક મજા આવતી. અમારે ચકલે મહિપત બાંગડ મોટે ભાગે બેસી રહેતો. ઉમરમાં પાકટ, અને એના બેચાર બીજા સોબતીઓ પણ ખરા. જમાનાનો ખાધેલો, ગરીબનો બેલી, મહોલ્લાનો વાઘ, પાકી બાંધણીના કદાવર શરીરવાળો, હિંમતબાજ એવો કે ડોળો ચમકાવે તો ભલભલાના છક્કા છૂટી જાય. એમાં ભોગજોગે કોઈ ગરમ લોહીનો આવી જાય ને ગાળાગાળી ઉપરથી છૂટા હાથના સોદાની વાત બની જાય તો મહીપત રાજા નીચે ઊતર્યો જ છે. બે મિનિટમાં મામલો શાંત થયો તો ઠીક, નહિતો એ નવુંજૂનું કરી બતાવે અને પોલીસના મામલા પણ થઈ જાય. કોઇક વાર પોલીસ આવીને બેસતી ત્યારે મહીપત એને પળમાં પસરાવી મૂકતો, અને ચ્હાની બે આનીમાં એને ઠેકાણે પાડી દેતો.

રાતે ભારે મજા આવતી. બાર-બે વાગ્યા સુધી અમારી ટોળી શિકારે નીકળતી. શિકાર એટલે અડોશી પડોશીનું જે કંઇ હાથ લાગે તે લાકડું ચોરી લઇ આવવાનું. શિકાર પર ન જવાનું હોય તો ચાંદનીમાં તડકો-શીળો રમતા, અથવા સામી હોળી જીતવા થાપો મારવા જતા. બીજાં ચકલાની હોળી કૂદી જાઓ તો તમે જીત્યા, પાછા જાઓ તો હાર્યા. આ માટે વ્યૂહ રચાતા, રીતસરની ચાબુકની મારામારી થતી, હલ્લા થતા, અને બીજે દિવસે વેરઝેર ભુલાઇ જતાં.

હોળીની રાતે અગિયાર-બાર વાગે મોટી હોળી પ્રકટતી ત્યારે એની પૂજા થતી. પરાની હોળી ખાડો ખોદી કરવામાં આવતી। શહેરમાં માટીની બનાવી એની આસપાસ જ લાકડાં, ઘાસ, છાણાં વગેરે મૂકી સળગાવાતી. પૂજા કરનારાઓ હઠ્ઠો બનાવી લઇ જતા. હઠ્ઠો એટલે વચ્ચે કાણું રાખી બનાવેલા રમકડાં: જમરૂખ, કમરખ,

વડાં વગેરે; અને એમાં દોરી પરોવી હાર બનાવવામાં આવતો તે હતો.

પણ તોફાનનો ખરો દિવસ તો ધૂળ પડવો: બીજો દિવસ. લાલ, ગુલાબી, કેસૂડો, વાદળી, એમ જાતજાતના રંગનો વરસાદ વરસતો. પતરાની પિચકારી, રંગની બાલદી ને હોળિયાની હિંમત. ભલભલા ચમરબંધનો મિજાજ ઉતારી નાખવામાં આવતો; ભલભલા એંટાળની આખાત બગાડી નાખવામાં આવતી. મોટા મંદિર આગળ તો ગુલાલની જાણે જાજમ પથરાતી. રંગની છોળ અને આનંદની લહેરો ઊછળતી. ગામ રંગીલું બનતું, લોક લિજ્જતથી હોળી માણતું.

હોળી આવવાના દસબાર દિવસ અગાઉ મામાજી મને ડબગરવાડામાં લઇ જતા. એ જ એક્કો. ઘરના ત્રીજા માળના કાતરિયામાંથી એક કડા વગરની, સાદી તાંબાકૂંડી કાઢતા. તે લઈ ડબગરવાડામાં એક્કો હંકારતા. ત્યાં એમનો એક ઓળખીતો છેલો દુકાન ચલાવતો.

'આઈયે છોટાભાઇ સેઠ! બોલો હુકમ.'

'હુકમ શું, છેલા. આ કૂંડી મઢી આપ; અને ભાણાને કોઇ સારું જેવું નગારું બંધાવ.'

'અચ્છા! ભાનેભાઈ કુ બી લાયે હો? આઇયે, બૈઠિયે.'

છેલો ધાટીલો માણસ હતો. હસમુખો, ઠરેલ, મીઠો, મહેનતુ ને કસરતબાજ. બહારના ઓટલા પર નેતર પડી હોય; અંદર પણ નેતરના લાંબાલાંબા સોટા પડેલા હોય. ખૂણામાં થોડાં નગારાં, થોડી કૂંડીઓ; અને ડુગડુગી ને ડફનો તો ઢગલો હોય. બીજા ખૂણામાં એનું નાનું રસોડું. રસોડું એટલે ચૂલો, બેત્રણ વાસણો, ને ઉપરની અભરાઈ પર ચારપાંચ ડબ્બા, એકાદી છાબડી. રાતે સૂવાનું પણ અહીં જ. જરા સાફસૂફી કરી બિછાનું બિછાવી દે.

એની સાથે પાંચ છ વરસનો છોકરો પણ કામ કરતો. છોકરો એકવડા બાંધાનો સોહામણો હતો. છેલાના એવા નગારિયા ખંડમાં દાખલ થતાં મારી નજર તો ભીંત પર જ જતી. એનું પહેરણ, એની લૂંગી, એની રંગુનશાઈ ટોપી,—ના, એ કશામાં મને રસ નહોતો. હું તો પેલી ચળકતી કટારી જોતો. એ કટારી લઈને આ જ છેલાને આપણે વરઘોડામાં વાઘની ચાલે ચાલતો જોયો હતો. છેલાને હું ઓળખું એટલે કોઈ પણ મોટા વરઘોડામાં એ છે કે નહિ એની નજર રાખું. એ હોય તો વરઘોડો ફસ્ટ ક્લાસ!

છેલો આઠ દિવસમાં કૂંડી મઢી આપવા કહેતો ને એક ખારસું નગારું ટકોરા મારતો અંદરથી લાવી મારા ગળામાં પહેરાવતો.

'પણ ચોબા વગર શું?' હું કહેતો.

'અરે ચોબા ભી દેતા હું, ભાનેભાઈ, ઠહરો તો સહી. લો, યે દો ચોબે. ખાસ ફુમતીદાર આપકે લિયે.' નેતરની બે નાની નાજુક સોટી તે ચોબા. એક છેડે ફૂમતું; બીજો છેડો દીવામાં બાળી જરા કાળો કરેલો. એથી ચોબા જરા વધારે ટકે.

પછી મામાજી છેલા સાથે વાતે ચડતા. છેલો મામાજીને નગારાની જાતજાતની ચાલ વગાડી બતાવતો. ૧૯૪૬માં પ્રખ્યાત નટ શ્રી જયશંકર (સુંદરી)ને ત્યાં વીસનગર એને ગામ હું બે દિવસ માટે ગયો હતો ત્યારે અમે ભવાઈ વિષે ખૂબ ચર્ચા કરી હતી. ત્યારે શ્રી જયશંકરે, ભવાયા જે તબલાં બજાવતા તેના જાતજાતના તાલો અને આડતાલોની સુંદર સમજ આપી હતી. તબલાંના જાણીતા તાલ ઉપરાંત પણ એક જુદું પોતપોતાનું કર્ણરંજક દેશી શાસ્ત્ર છે, એ મેં ત્યારે જ જાણ્યું. એ જ રીતે નગારામાં પણ જાતજાતની ચાલો છે, એ છેલાએ બતાવ્યું હતું. ત્રણુંભી કહેવાતી તે તો સાદી અને સાધારણ ચાલ. પણ સાતની અઘરી; કોક જ વગાડી જાણે; અને મામાજી એ છેલા પાસે શીખવા મથામણ પણ કરતા. છેલો મારા હાથમાં એક ડફ પકડાવે, એક નાનો દંડુકો આપે, ને અમુક વખતે ઠેકો આપવાની સમજ આપે; અને પોતે તથા મામાજી એક્કેકી કૂંડી લઇને બેસે અને સાતની આડચાલ વગાડે.

એ છેલાની પોતાની વાત પણ જાણવા જેવી છે. મામાજીએ એક દિવસ પુછ્યું: 'છેલા! આજ એકલો કેમ છે?' એના જવાબમાં છેલાએ ગંભીર મોં કરી કહ્યું: 'ક્યા બતાઉં છોટાભાઈ સેઠ! મેરે તકદીર મેં સુખ હી નહિ. આજ પૂરે છ મહિને હુએ. આપકો માલૂમ હૈ કે ગંગા ઈસ્ટેસન પર મજૂરી કરને કો જાતી થી. બારિસ મેં રેલવે કે દો તીન ડાગીને લે કર ઈસ્ટેસન કા ઢલાવ નીચે આ રહીથી, તો પેર ખિસકા, ગિર પડી, ઔર વજન ઉનકે મુંહ પર! છોટાભાઈ સેઠ, ક્યા બાત કહું? અસ્પતાલ મેં લે ચલે, મેં વહાં જોતા રહા, ઔર વો તો ચલ બસી! બિચારા ગંગુ રોતા રહા.' એના હાથમાં નગારું હતું એના ઉપર ડબક ડબક બે આંસું ખરી પડ્યાં.

'પણ તેં અમને કહ્યું પણ નહિ? અમને તો ખબર જ નથી!'

'ક્યા કહું ઔર કિસ સે કહું! ઔર ઇસ મેં કહને કા થા હી ક્યા? ઉનકા ક્યા મેરા પર જી થા! અબ તો યે ગંગુ હૈ, બસ.'

મોહર્રમમાં પણ સૂરત શહેર ઝબકી નીકળતું. કતલની રાત પછી બીજે દિવસે શહેરમાં તાબૂત–તાજિયા નીકળતા. નાનામોટા, જાતજાતના તાબૂત જોવા શહેરનું આખું લોક ઉલટી પડતું. એ તાબૂતની આગળ તાબૂતનો વાઘ આવતો. કોઈવાર એની જોડી રહેતી. એ માણસો ફક્ત કચ્છ–લંગોટ પહેરી શરીરે કાળા-પીળા-સફેદ વાઘ જેવાં જ ચીતરામણો કરી, મોં પર વાઘના મોં જેવું મોરું તથા હાથે પંજા પહેરી સામસામે ઘુરકતા ચાલતા. આગળ એક નગારાવાળો ચાલે, અને તે, વાઘની ચોક્કસ અને જાણીતી ચાલ વગાડે. એ ગત સાંભળતાં જ સૌ કહે કે હવે વાઘ આવ્યો. બે વાઘ સામસામે પંજા બતાવતા, ઘુરકતા, દાવપેચ અજમાવતા, કે થઈ સ્થિર જેવા ઊભા રહી જતા, વળી ઝૂલતા-ડોલતા ચાલતા, એ જોવાની બહુ ગમ્મત પડતી.

છેલો તો એકલો જ વાઘ બનતો અને થનગનતો ચાલતો; અને એમ ચાલતાં કંઇકનાં હૈયાં જીતી લેતો. ભાગોળ આગળ તો એ તરેહતરેહની અદા કરતો, અને વાહવાહ કહેવડાવતો. લીમડાચોકમાં તો રંગીન બનેટી એવી સરસ રીતે ઘુમાવતો કે ભલભલા દંગ થઈ જતા. કણપીઠથી ભાગોળ સુધીના રસ્તા પરનો દરેક નાનોમોટો છોકરો એ છેલમહમદને ઓળખતો.

વળી તાબૂતની પાછળ કઈક મરસિયા ગાતી, તો કોઇ બાધા મૂકવા ધ્રૂજતી ધ્રૂજતી સ્ત્રીઓ પણ ઠીકઠીક પ્રમાણમાં ચાલતી. જમની, ગંગી, મંછુ, જોઇર, જડી, ધનકી, મોતન, લાડકુ, જગદંબા. એમાં ગંગા ભાગોળ પાસે રહેતી. જુવાન નહોતી થઈ ત્યારથી જાતમહેનતથી રોટલો કમાતી. કોઇ બળદગાડી નીકળતી અને પાછળથી તેનું છાણ પડતું, તે તરત એકઠું કરી લઇ એમાંથી છાણાં થાપતી, અને બાંધ્યાં ઘરાકને વેચી આવતી. નજીકની ડબગરવાડમાં રહેનાર છેલો એમ તો એનો ઘરાક હતો, પણ ગંગાએ છેલાને વરઘોડે નગારાં વગાડતો જોયેલો, કટારી લઈ ચાલતો મીટ માંડી નિહાળેલો, અને વાઘ બની ચાલતો પણ આંખ અને હૈયું ભરીભરી પેખેલો. પછી પરણવાનો વખત આવ્યો ત્યારે લાગતાવળગતાઓએ પારાવારની મુસીબતો ઊભી કરી, ધાકધમકીઓ આપી, પણ એ વખતે છોટાભાઇ મુખત્યારે એને સાદી સલાહ આપી નગારું વગડાવી દીધું. ને છેલાએ ત્યાર પછી ગંગાને ફૂલની જેમ જાળવી. એ મજૂરી કરવા જાય ને મોડી આવે તો છેલો રાંધી પણ નાખે. (અનુ. પૃ. ૩૨૪ ઉપર)

મૉનાઝાઈટ રેતી

લેખક
ડૉ. નરસિંહ મૂ. શાહ
એમ.એસસી., પીએચ.ડી.

જે ગૅસની બત્તીનાં મૅન્ટલ્સ · વીજળીના ગોળાના તાર
સિગાર-લાઇટરના ચકમક · ચીની માટીનાં વાસણો · ચર્મોદ્યોગ તથા રંગાટ
આર્કલૅમ્પ તથા સર્ચલાઈટ · ફોટોગ્રાફીના ફ્લૅશબલ્બ · ઑપ્ટિકલ (દર્શક) કાચ
એવા અનેકવિધ ઉદ્યોગોમાં વપરાય છે અને

જેનો ૮૮ ટકા જથ્થો એકલું ત્રાવણકોર પૂરો પાડે છે

ખિસ્સામાં રાખવાનાનાની ડબ્બી જેવા, સિગાર-લાઈટરથી તો આજે કોણ અજાણ્યું હશે? ચપ દઇને દાબવાથી, અંદર રાખેલા એક ઝટ સળગી ઊઠે એવા પદાર્થની દીવેટ પર જરા તણખો ઝરે ને સળગે. જૂના કાળમાં આ કામ માટે ચકમક વપરાતો: આથી સિગાર-લાઈટરમાં તણખો ઉત્પન્ન કરનાર એ પદાર્થને ચકમક તરીકે ગણવામાં આવે છે; પરંતુ વસ્તુતઃ એ એક મિશ્ર ધાતુ છે. તેમાં લોઢા ઉપરાંત સીરિયમ નામનું મેળવણ હોય છે.

એ સીરિયમ મેળવવાનું મુખ્ય સાધન કુદરતમાંથી નીકળતી મૉનાઝાઈટ નામની રેતી છે. બધે મળી આવતી સામાન્ય રેતી કરતાં તદ્દન વિશિષ્ટ પ્રકારની આ રેતી તો દુનિયામાં માત્ર બેત્રણ જગ્યાએ જ નીકળે છે અને એ બાબતમાં આપણો દેશ ઘણો નસીબદાર છે. ત્રાવણકોરના દરિયાકાંઠે તેનાં મોટાં ભરાણો આવેલાં છે, અને દુનિયાને તેની જરૂરિયાતનો ૮૮ ટકા જેટલો જથ્થો માત્ર આપણું ત્રાવણકોર જ પૂરો પાડે છે. બાકીનામાં બ્રાઝિલ અને ઇસ્ટ ઇન્ડીઝ ટાપુઓનો હિસ્સો છે. આ રેતી માત્ર રડ્યાંખડ્યાં સ્થળોએથી નીકળતી હોવાથી તેનું નામ 'મૉનાઝાઈટ' પાડવામાં આવેલું છે. એ ગ્રીક ભાષાનો શબ્દ છે અને તેનો અર્થ 'એકાકી રહેવું' એવો થાય છે.

આ રેતીનો વિશિષ્ટ ગુણ એ છે કે તે લોઢાની માફક લોહ-ચુંબકીય છે, એટલે લોહચુંબક વડે તેને બીજા પદાર્થોમાંથી છૂટી પાડી શકાય છે. આ રેતી કેટલી યે વિરલ ધાતુઓના ફોસ્ફેટોનું મિશ્રણ છે. સીરિયમ ઉપરાંત તેમાંથી થોરિયમ પણ નીકળે છે. વળી લેન્થાનમ, નીઓડિયમ, પ્રેસિયોડિયમ અને બીજી ઉપયોગી વિરલ ધાતુઓ મેળવવાનું મુખ્ય સાધન પણ એ મૉનાઝાઈટ રેતી જ છે. મેસોથોરિયમ નામનું રેડિયો-ઍક્ટિવ તત્ત્વ પણ તેમાંથી નીકળે છે.

પેટ્રોમૅક્સની બત્તીઓમાં વપરાતા 'મૅન્ટલ'ની બનાવટમાં ઉપયોગી થોરિયમ નાઇટ્રેટ મેળવવા માટે મૉનાઝાઈટ રેતી ખૂબ ઉપયોગી છે. વીજળીના ગોળાઓમાં વપરાતો ટંગ્સ્ટન ધાતુનો તાર પણ એ થોરિયમની સાથે જ મેળવીને વપરાય છે.

સીરિયમ અને તેના ક્ષારો વ્યવહારુ ઉપયોગમાં ખૂબ કામ આવે છે. સિગાર-લાઈટરમાં થતા તેના ઉપયોગ ઉપરાંત વીજળીના આર્ક લૅમ્પો અને સર્ચલાઈટમાં વપરાતા ઇલેક્ટ્રોડો તેમાંથી બનાવાય છે. દવા-ઔષધોમાં, ચીની માટીનાં વાસણોની બનાવટમાં, ચામડું કેળવવામાં, રંગાટમાં, અને વિજ્ઞાનના પ્રયોગોમાં વપરાતા ખાસ પ્રકારના ઑપ્ટિકલ કાચની બનાવટમાં સીરિયમના ક્ષારો ઓછેવત્તે અંશે વપરાય છે. મૉનાઝાઈટમાંથી હિલિયમ વાયુ પણ નીકળે છે. (એક ગ્રામ રેતીમાંથી એક ઘન સેન્ટીમીટર વાયુ મળે છે.) એની આ ઉપયોગિતાને લીધે તો મૉનાઝાઇટનું મહત્ત્વ સવિશેષ વધી ગયું છે.

થોરિયમના ક્ષારોને મૅગ્નેશિયમ ધાતુના ભૂકા સાથે મેળવી તેનો ઉપયોગ ફોટોગ્રાફીના ફ્લૅશલાઇટ અંગે કરાય છે. થોરિયમ અને સીરિયમ ઑક્સાઇડોને મેળવીને તૈયાર કરેલા નાનાનાના ગોળા મોટરગાડીઓની હેડલાઇટો અને સર્ચલાઇટો માટે ઉપયોગમાં લેવાય છે. થોરિયમ અને ટંગ્સ્ટનની મિશ્ર ધાતુ વીજળિક બત્તીઓની બનાવટમાં વપરાય છે.

ગૅસ મૅન્ટલનો ઉદ્યોગ

બજારમાં મળતા પેટ્રોમૅક્સ તથા બીજી ગૅસના બત્તીઓના મૅન્ટલમાં ૯૯ ટકા થોરિયમ ને ૧ ટકો સીરિયમના ઑક્સાઇડો હોય છે, અને તેમને મજબૂત રાખવા માટે ઉપર કોલોડિયન ચોપડેલું હોય છે. શરૂઆતમાં તો આ મૅન્ટલની બનાવટમાં રૂના તાંતણા વપરાતા: પરંતુ હવે તેમાં બનાવટી રેશમ અને રેમીના તંતુઓ ઉમેરવામાં આવે છે. આ રીતે બનાવેલા, મૅન્ટલના આકારના, ગૂંથેલા નળીવાળા કાપડને થોરિયમ નાઇટ્રેટ, સીરિયમ નાઇટ્રેટ, મૅગ્નેશિયમ નાઇટ્રેટ અને બેરીલિયમ નાઈટ્રેટના (૧૦૦૦ ભાગ+૧૦ ભાગ+૧·૫ ભાગ+૫ ભાગ), ૨૦,૦૦૦ ભાગ પાણીના દ્રાવણમાં પાંચ કલાક સુધી બોળી રાખવામાં આવે છે. પછી તેમાંથી વધારાનું દ્રાવણ કાઢી નાખવા તેમને રોલરમાં દબાવવામાં આવે છે, અને ૩૦ ડિગ્રી સેન્ટીગ્રેઈડની ગરમીએ સૂકવવામાં આવે છે. આ રીતે સુકાએલા કાપડને ઍસ્બેસ્ટૉસના તાંતણા સાથે જડી લેવામાં આવે છે, અને તેનો ઉપરનો તથા નીચલો ભાગ મજબૂત કરવા માટે તેના ઉપર કૅલ્શ્યમ, મૅગ્નેશિયમ અને મૅગ્નેશિયમના ક્ષારો મિશ્રિત થોરિયમના ક્ષારવાળું દ્રાવણ લગાડવામાં આવે છે. પછી તેને લાકડાના ચોકઠા ઉપર બેસાડી, તેને યોગ્ય આકાર આપી, ઉપરથી શરૂઆત કરી પછી નીચે એમ સખત ઉષ્ણતાએ તપાવવામાં આવે છે. આ ક્રિયાથી નાઇટ્રેટોનું તેમના ઑક્સાઇડોમાં રૂપાંતર થાય છે. આ રીતે તૈયાર થએલો મૅન્ટલ એટલો બટકણો હોય છે કે તેને બજારમાં મોકલતાં પહેલાં મજબૂત કરવાની ક્રિયા કરવી પડે છે. આ માટે ૪ ટકા કોલોડિયન (૧૦૦ ગ્રામ), ઈથર (૪૦ ગ્રામ) કપૂર (૬·૫ ગ્રામ) અને એરંડિયું (૩·૫ ગ્રામ), આ દ્રાવણમાં બોળીને પછી ૫૦-૬૦ ડિગ્રીએ સૂકવવામાં આવે છે.

મૅન્ટલ પર છાપ મારવા માટે નીચે પ્રમાણે બનાવેલી પેઇસ્ટ વપરાય છે: ડીડીનિયમ નાઇટ્રેટ (૧ કીલોગ્રામ), ગ્લીસરીન (૨૦૦ ગ્રામ), મેથીલીન બ્લ્યુ (૨૫ ગ્રામ) અને દારૂ તથા પાણી (પ્રત્યેકના ૩૦૦ ગ્રામ). આ છાપ મારવાનું કામ સખત ગરમી આપતાં પહેલાં કરી લેવામાં આવે છે. આપણા દેશમાં આ ઉદ્યોગને સારો અવકાશ છે, કેમકે તેને માટેની મૉનાઝાઈટ રેતી–કાચો માલ–સુપ્રાપ્ય છે માત્ર વૈજ્ઞાનિક આવડતની જરૂર છે.

તેમાં રહેલાં રેડિયો-ઍક્ટિવ તત્ત્વોને કારણે અણુશક્તિ માટે પણ મૉનાઝાઈટ રેતીનો ઉપયોગ થઈ શકે કે નહિ એ અંગે હજી પણ સંશોધન ચાલે છે, ને તેથી વળી મોનાઝાઈટનું મહત્ત્વ વધવા પામ્યું છે. એટલું તો નક્કી કે યુદ્ધમાં તેમજ શાંતિકાળમાં આ રેતી વૈજ્ઞાનિક તત્ત્વોમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરી ચૂકી છે.

ટેકરીયુદ્ધ

લશ્કરી વ્યૂહ અને હાથોહાથની લડાઈ શીખવતી રમત



લેખક

વાસુદેવ ભટ્ટ

એક મોટી ટેકરી છે. અડખેપડખે નાનીનાની બીજી ટેકરીઓ પથરાએલી છે. મોટી ટેકરીની બાજુમાંથી નાની સરખી નદી વહી જાય છે. તેમાં છબછબિયાં પાણી છે. ટેકરી ઉપર નાનો સરખો વડલો છે. તેના પર ધજા ફરકે છે, અને નીચે નાનામોટા છોકરાઓનું મોટું ધાડું જામ્યું છે. માંહી કેટલા યે જવાનિયાઓ પણ છે. શિક્ષક જેવા મોટા માણસો યે છે. સાથે બ્યૂગલ છે તે કોઈકોઈ વાર જોરથી ફુંકાય છે. વચ્ચેવચ્ચે સિસોટીઓ વગડે છે. કેટલાક આમથી તેમ જાય છે, ને તેમથી આમ જાય છે; કોઈ ઝાડ પર ચડ્યા છે, કોઈ ટેકરીના છેડાઓ પર ફરે છે, કોઈ વળી આંખે દૂરબીન માંડી ચોમેર નજર ફેરવે છે. વડલા નીચે બારેક લાકડીઓ, તથા થોડાં દોરી અને દોરડાં પડ્યાં છે. બધા ચારે બાજુ હારબંધ ઊભા છે અને શિક્ષક તેમને કાંઈક સૂચનાઓ આપે છે.

એવામાં ટેકરીના એક તરફના છેડેથી એક છોકરો દોડતો આવે છે અને શિક્ષક સામે ઊભો રહી સલામ કરે છે. પછી ટટ્ટાર ઊભો રહી તેમને કાંઈક કહે છે. એ સાંભળી શિક્ષક થોડા છોકરાઓ સામે સૂચક રીતે જુએ છે, એટલે તેઓ ચારે બાજુ જઈને આઘે-પાસે નજર કરે છે, તો ચારપાંચ જણને લપાતા છુપાતા આવતા જુએ છે. તેઓ જઈને શિક્ષકને આ વાત કરે છે, કે લાગતા જ શિક્ષક એ બધાને આમ ગોઠવે છે, તેમ ગોઠવે છે ને એક વ્યૂહ રચે છે. એમાં સૌ પોતપોતાને સ્થાને ચૂપચાપ બેસી જાય છે. માત્ર કોઈકોઈ ફરે છે, એવામાં એમાંનો એક જણ એકાએક બૂમ પાડે છે: 'એ..ય! ખડે રહો!' એ સાંભળી કોઈ નાસતું દેખાય છે. તરત જ પાંચેક જણ તેની પાછળ પડે છે. ત્યાં તો બીજા ત્રણચાર જણ પણ નાસતા દેખાય છે. એમાંથી બે જણ પકડાય છે, બીજા નાસી જાય છે. પકડાએલાને વડ નીચે શિક્ષક પાસે લઈ જાય છે. શિક્ષક જોડે એ ગમે તેમ બોલે છે. શિક્ષક તેમને દોરડેથી બંધાવે છે ને ઊંધા કરીને સુવાડે છે, અને પાસે બે ચાર જણને એમનું ધ્યાન રાખવા ઊભા રાખે છે.

આ પછી પા-અરધો કલાક વીતી જાય છે. દરમ્યાન કોઈકોઈ બગાસાં ખાય છે. એટલામાં એકાએક એક બાજુથી દસ જણ ઓચિંતો હલ્લો કરતા આવે છે અને એ છેડે ઊભેલા પાંચ જણને પછાડે છે; ને પછી સૌની વચ્ચે દોડી આવી આમતેમ ધૂમે છે. એથી થોડી બૂમાબૂમ મચી રહે છે. પણ આવેલા એ દસ જણમાંથી એક જણ બહુ આગળ ન જતાં ઝીણી આંખે ચારે બાજુ નજર કરે છે, ને થોડું જોયું ગ્રાહ્યું કરીને સમજે છે. પછી તે ઝડપથી સિસોટી વગાડે છે. એવા જ દસે જણ પાછા ફરે છે ને ઝડપટ ટેકરી પરથી સડ્ડડ્ડ કરતા ઊતરવા જાય છે. આ બધું થોડી ક્ષણમાં બની જાય છે, પણ ત્યાં તો સાવચેત ટેકરીવાળાઓ એમને પકડવા ક્યારના દોડતા હોય છે, તે સાત જણને આવરે છે. માત્ર પેલો ઝીણી આંખવાળો અને બીજા બે છટકી જાય છે. સાત જણ પણ પકડનાર સાથે બાખડે છે. પણ એમાંથી પાંચ જણ પકડાય છે અને બીજા બે ભાગી છૂટે છે. પકડાએલાને ઊંધા પાડી સુવાડે છે અને તેમના હાથ-પગ અવળા બાંધે છે. બીજો પા કલાક વીતી જાય છે.

ત્યાં વળી પાછું કાંઈક થતું જણાય છે. એક તરફ નજર રાખનારો સીસોટી વગાડે છે. સૌ જુએ છે તો પચીસ-પચાસ જણ દોડ્યા દોડ્યા ટેકરી ચડે છે. તેઓ મોટા હાકોટા પાડે છે અને હાથ ઊંચા ઉછાળે છે અને વેગથી ધડબડાટ કરતા દોડે છે. વચ્ચે આવે તેને પછાડે છે કે ટેકરી પરથી નીચે ગબડાવે છે. બહુ સામો થાય એને મારે છે. સૌની નેમ વડલા ઉપર પહોંચવાની છે.

શિક્ષક મોટી ગર્જનાથી હુકમો આપે છે અને બે હાર—ત્રણ હારને આ આક્રમણ કરનાર આખલાઓની આડા મોકલે છે. બીજી હારોને વડલાની ચારે બાજુ ગોઠવે છે.

આડા ફરનારા રક્ષકો, આક્રમકોને રોધે છે. ને પાડે છે પકડાય એને પકડે છે, ન પકડાય એને ભગાડે છે, ભાગતાને ગબડાવે છે. થોડા ગબડનારા પાછા ઊભા થાય છે અને ફરી સામા થાય છે.

એટલામાં પાછો બૂમાટો થાય છે. ઓહોહો...! નદી તરફથી તો ધાડે ધાડાં ઉપર ચડે છે! ઉપરવાળા મક્કમતાથી તેમની સામે થાય છે અને ચડનારાને ધક્કા મારે છે. ચડનારા સામેથી એમના ટાંટિયા ખેંચે છે. પરિણામે ઉપરવાળા ગબડે છે; પણ સાથે નીચેવાળાને લેતા જાય છે, એટલે તે ય ગબડે છે! તેઓ વચ્ચે આવતાં ઝાંખરાંનાં જાળાંમાં અટકે છે; કોઈ કાંટાની વાડમાં પડે છે; કોઈ થોરિયાંમાં અટવાય છે. માથે આવળનાં ફૂલનો અભિષેક ચડે છે!

કોઈક તો ગબડતા ગબડતા છેક નીચે જાય છે તે નીચે નદીનાં પાણીમાં પડે છે. તેમાં ડબકડોયાં થાય છે. પાણીમાંયે ઊભા થઈને તે પાછા લડે છે; લડે છે ને પડે છે; ફરી પાછા ઊભા થઈને બાખડે છે.

તોફાન હવે તો બહુ વધી ગયું છે, તો યે કોઈ નમતું આપતા નથી. કોઈ થાકતા જ નથી. માર તો એમને વાગતો જ નથી. શરીર જાણે લોઢાનાં છે. માથામાં જાણે માતા છે. લડવામાં તો નર્યા ભીમસેન!

કોઈનાં લૂગડાં ફાટ્યાં છે, કોઈ લંગોટભેર ધૂમે છે. કોઈને શરીરે ઊઝરડા છે તેમાંથી લોહી ઝમે છે. કોઈને માથે મોટું ઢીમણું જામ્યું છે, તો કોઈનો ટાંટિયો તૂટ્યો છે. કોઈનાં કપડાંમાં પાણી છે, કોઈનાં કપડાંમાં કાંટા છે તો કોઈનાં કપડાંમાં લદબદ કાદવ છે. કોઈ માટીમાં ઊંધેકાંધ પડ્યા છે, ને ઊંચાનીચા થાય છે; પણ ઊભા તો થવાય ક્યાંથી? હાથ-પગ બાંધેલા છે. એમાં એક જણ જરા મરડાય છે. એને શું તાણ આવી? ના રે, એનું મોઢું જુઓને! તાણ બાણ તો છે નહિ. મોઢું તો 'ડામીસ'નું છે. છૂટ્યો ને પહોંચેલો લાગે છે. ચારે બાજુ જુએ છે. કોઈનું ધ્યાન નથી, એટલે એ ગરડાય છે;

ખૂબ મરડાય છે.હાથ તો હલવા માંડયા છે.ધીમેધીમે એ હાથ લંબાવે છે ને કેડને પડખે ખેંચે છે. છેવટે ખિસ્સા સુધી પહોંચાડે છે ને ખિસ્સામાંથી કાંઇક કાઢે છે.એ હુન્નગતનું ધારદાર પાનું છે. આમ-તેમ જોઇને ખચખચ કાપવા માંડે છે. એવામાં કોઇક નજીક આવે છે, એટલે છાનોમાનો ઊંઘો સૂઇને ઉંહકારા કરવા માંડે છે—જાણે કે બહુ દુઃખી હોય! ખરો ઢોંગી છે! પેલો આગળ ચાલ્યો જાય છે, એટલે થોડી વાર શાંત રહીને પાછો ખચખચ કાપવા મંડયો ને થોડી વારે ચડાપ દઈને ઊભો થઇ દોડવા લાગ્યો. એક ચોકીદાર સામો થયો, તેને એવી તો ટાંગ મારી કે ચોકીદાર ત્યાં જ લાંબો થઈ પડયો. પછી એણે એવી દોટ મૂકી કે સીધો વડલો સર કર્યો ને તેના ઉપરનો ધજાગરો ખેંચી લીધો; અને કોઈ આવી પહોંચે તે પહેલાં તો ઓણી હાજરી બાજુ દોડી જઈ વાવટો પોતાના બીજા ભેરુને આપી દીધો! બીજાએ ત્રીજાને ને ત્રીજાએ ચોથાને દીધો, ને એમ સાતતાલી શરૂ થઈ. અને એ દોડગદોડીમાં હાથોહાથ વાવટો એવો તો નાઠો કે થોડી વારમાં તો ટેકરી પરથી નીચે ફરકયો, ને જોતજોતાંમાં નદીમાંથી સામે પાર! અને આક્રમકોએ ગજવ્યો ત્યાં જયજયકાર!

એ જયકાર થતાંવેંત લડનારાઓ છૂટા પડી ગયા. પછી બધા ભેગા થઇને પરસ્પરને ભેટી પડયા ને સામસામી શાબાશી દીધી.

નવાં પુસ્તકો

ભગવતી બેસન્ટ સ્મારકગ્રંથ : હિન્દહિતૈષી અંગ્રેજ વિદૂષી ને થીઓસોફી વિચારપ્રણાલિનાં અગ્રણી પુરસ્કર્તા ડૉ. ઍની બેસન્ટની જન્મશતાબ્દી (૧૮૪૭-૧૯૪૭) નિમિત્તે યોજાએલો, વિવિધ લેખકોના અંજલિ-લેખોથી ભરેલો ગ્રંથ : ૨૬૪+૩૨ પાનાં તથા સાત ચિત્રો પ્લેટો સાથે : સંપાદક—પ્રભાકર હ. મહેતા, સોલ એજન્ટ-ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૭-૦-૦; **સાહિત્યને ચરણે—** સ્વ. ડૉ. હરિપ્રસાદ દેસાઈએ ગુજરાત સાહિત્ય સભામાં તથા બીજે આપેલાં સાહિત્યલક્ષી વ્યાખ્યાનો : પ્રકાશક—ગુજરાત સાહિત્ય સભા અમદાવાદ, ૨-૮-૦; **વાર્ષિક વ્યાખ્યાનો :** ગુજરાત વિદ્યા-સભામાં અપાએલાં સાહિત્ય વિષયક વ્યાખ્યાનોમાંનાં આઠ અભ્યા-સભર વ્યાખ્યાનો : ૨-૦-૦; **ગુજરાતમાં વ્યાયામપ્રચાર** કેમ થવો જોઇએ તેની, પુરાણકાળના વ્યાયામના ઈતિહાસથી માંડી આજ સુધીની રસમય માહિતી આપતું પુસ્તક : લેખક-છોટુભાઈ પુરાણી, પ્રકાશક—ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ-ભરૂચ, ૧-૪-૦; અમદાવાદની ગુજરાત સાહિત્ય સભાની અભ્યાસીઓને પ્રિયથએલી સને ૧૯૪૭-૪૮ની **કાર્યવહી :** ૩-૦-૦; **સંક્ષિપ્ત નાગરિક શાસ્ત્ર** આ વિષયના વિદ્યાર્થીઓનો ઉપયોગી પુસ્તક : લેખક મહેન્દ્ર મોતી-લાલ દેસાઈ, પ્રકાશક—ફીકુભાઇ ચંદુલાલની કંપની-વડોદરા, ૧-૧૨-૦; શ્રી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયે બહાર પાડેલાં, જાણીતા લેખકોનાં બે પુસ્તકો : (૧) **રાજર્ષિ કુમારપાલ :** 'ધૂમકેતુ'ની ચૌલુકય નવલ-કથાવલિનું એક સવિશેષ પુસ્તક ૪-૮-૦; અને (૨) **પીડાગ્રસ્ત પ્રોફેસર અથવા સ્નેહસંભ્રમ :** કનૈયાલાલ મા. મુનશીનું જાણીતું નાટક, ૧-૮-૦ **શોધ અને સિદ્ધિ :** આધુનિક વિજ્ઞાનની શોધોની ભૂમિકાઓનો વિશદ શૈલીથી કરાવેલો પરિચય. લેખકો—સુરેશ મં. શેઠના અને નરસિંહ મૂ. શાહ, પ્રકાશક-ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય. ૨-૦-૦. **ભભૂકતો અગ્નિ :** રમણલાલ ધી. શાહ કૃત ત્રણ લાંબી સામાજિક વાર્તાઓ, ૫-૦-૦; **ગઇકાલ :** રમણલાલ વ. દેસાઇનાં જીવન-સંસ્મરણો, ૫-૦-૦; એ બંનેના પ્રકાશક : આર. આર. શેઠની કંપની, મુંબાઇ-૨; **ધૂમકેતુ :** આકાશી સૃષ્ટિના એ અદ્ભુત જ્યોતિ વિષેના વહેમો અને અજ્ઞાનને દૂર કરી નવી જ માહિતી આપતું નાનકડું સચિત્ર પુસ્તક : લેખક છોટુભાઇ સુથાર, પ્રકાશક—તારક મંડળ-આણંદ; ૨-૪-૦; **પ્રત્યૂષ :** જશભાઇ કા. પટેલ કૃત કાવ્યોનો સંગ્રહ : પ્રકાશક ચારુતર પ્રકાશન, વલ્લભવિદ્યાનગર, ૨-૮-૦; **ગાંધી કાવ્ય સંગ્રહ :** ગાંધીજીને અપાએલી સ્મરણાંજલિઓનું સંપાદન : કરનાર વિનોદ મો. ગાંધી, પ્રકાશક-રમણલાલ પી. સોની-મોડાસા, ૩-૦-૦; **સાપ્તાહિક પ્રાર્થના પ્રવાહ :** સંપાદક ને પ્રકાશક—માણે-કલાલ મણિલાલ શાહ અમદાવાદ, ૦-૪-૦; **વિદ્યાર્થી માર્ગદર્શન** (ભાગ ૨)—આગળ અભ્યાસ કરવા ઈચ્છતા મૅટ્રિક થએલા વિદ્યા-ર્થીઓને મળી શકતી શિષ્યવૃત્તિઓ તથા લોનોની યાદી : લેખક પ્રકાશક-કાંતિલાલ લલ્લુભાઈ દેસાઇ, પરા, બોટાદ-(સૌરાષ્ટ્ર), ૦-૮-૦; **અવનવી દુનિયા :** ધોરણ ૪-૫-૬ માટેનું ભૂગોળનું સરકારમાન્ય પાઠય પુસ્તક : લેખકો પટવારી ને લાલા, પ્રકાશક-એસ.બી. શાહની કંપની-અમદાવાદ, કિંમત અનુક્રમે ૧-૦-૦, ૧-૨-૦ અને ૧-૪-૦; **વિજ્ઞાન પ્રવેશ : ૫-૬-૭;** પ્રાથમિક ધોરણ ૫, ૬ અને ૭મા માટે મુંબાઇ સરકારે મંજૂર કરેલું વિજ્ઞાનનું પાઠય પુસ્તક-લેખક : હર-રાય અમુલખરાય દેસાઇ, પ્રકાશક-અનડા બૂક ડીપો-અમદાવાદ, કિંમતે અનુક્રમે. ૦-૧૨-૦, ૦-૧૪-૦ અને ૧-૦-૦; **બાલવિજ્ઞાન વાચનમાળા:** પુસ્તક ૧થી ૭ પ્રાથમિક ધોરણ ૧થી ૭ માટેનું મુંબાઇ સરકારથી માન્ય વિજ્ઞાનનું પાઠય પુસ્તક : લેખકો-નરસિંહ મૂ. શાહ ને ઠાકોરલાલ શ્રી ઠાકોર, પ્રકાશક-બાલગોવિંદ કુબેરદાસની કંપની-અમદાવાદ, કિંમત ૦-૬-૦, ૦-૬-૦, ૦-૬-૦, ૦-૭-૦ ૦-૧૫-૦, ૦-૧૨-૦; અને ૧-૪-૦; **ગાંધીનિર્વાણ આખ્યાન :** કર્તા જેઠાલાલ ત્રિવેદી, પ્રકાશક:ઝંઝા ફાર્મસી લિમિટેડ-ઝંઝા, ૦-૧૨-૦; **દંત કાવ્ય-માળા :** સંપાદક-પ્રકાશક ડેન્ટલ સ્પેશ્યાલિસ્ટ ડૉ. ફેખશરૂ દોરા-બજી જીલા, વાડી સ્ટ્રીટ, નવસારી. ચાર આનાના પોસ્ટેજ સ્ટૅમ્પ મોકલવાથી ઘેરબેઠાં મોકલવામાં આવે છે. Song of the Spirit : મરમવાદી સિંધીકવિ 'સામી'નાં કાવ્યોના અનુવાદો : અનુવાદક-શાંતિ એલ. શહાણી; પ્રકાશક. મૉડેલ પબ્લિશિંગ હોમ-કરાંચી-૧. ૪-૦-૦.

નાલંદા પબ્લિકેશન્સ લિમિટેડનાં પ્રકાશનો

(ધનનૂર, સર પી. એમ. રોડ, કોટ, મુંબાઈ-૧)

પશ્ચિમમાં પંકાએલી પોતાની નવલકથાઓ તથા અન્ય કૃતિઓ દ્વારા હિંદી સંસ્કારિતાનો પશ્ચિમને પરિચય કરાવનાર ડૉ. મુલ્કરાજ આનંદના નામથી આધુનિક અંગ્રેજીનો વાચક અપરિચિત નહિ હોય. ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય, સંગીત અને અન્ય જીવનકળાઓના એ અભ્યાસીએ તે તે કળાઓ પર લખેલા લેખો તથા કહેલા વાયુવાર્તા-લાપોનો સંગ્રહ Words written on an Indian Airના નામથી પ્રસ્તુત પ્રકાશન સંસ્થાએ થોડાં ચિત્રો સાથે બહાર પાડયો છે (કિં. ૬-૮-૦) તે સંસ્કારપ્રિય વાચકોએ વાંચવા-વસાવવા જેવો છે. એવાં જ ઉપયોગી બીજાં પુસ્તકો તે (૧) જાણીતા કલાવિવેચક અને સંસ્કાર-પ્રવાસી શ્રી જી. વ્યંકટ અચલમે પોતે વિવિધ પ્રતિભાવંત ભારતીય જનોના અંગત સંપર્કમાં આવીને અંગ્રેજીમાં લખેલાં ૪૦ ઉપરાંત રેખાચિત્રોનો સંગ્રહ Profiles ૮-૪-૦; (૨) Hound of the Heart—શ્રી ગુરુદયાલ મલિકનાં આધ્યાત્મિક સૂરેથી ગુંજતાં કાવ્યો-નો સંગ્રહ ૩-૦-૦; (૩) Eyes of Light—વિખ્યાત સંગીતજ્ઞ કવિ શ્રી દિલીપકુમાર રાયનો કાવ્યસંગ્રહ ૪-૦-૦; (૪) વિખ્યાત વિજ્ઞાની સર સી.વી.રામનના લેખોનો સંગ્રહ Aspects of Science ૨-૪-૦; તથા એમ.આર. દેવલંકરની ટૂંકી વાર્તાઓનો સંગ્રહ Hemakumari and other Stories, ૪-૪-૦.

ક્ષયરોગ-ટિકિટ એક નવી ઝુંબેશ

જેમાં હું—તમે—દેશનો પ્રત્યેક માનવી સહાયરૂપ થઈ શકે

આ લેખના લેખક ભાઈ માધવરાવ દત્તાત્રેય ગાહુલીકર ૧૯૪૭-૪૮ દરમ્યાન 'કુમાર'ના સંપાદન-મદદનીશ હતા. સવા-દોઢ વરસની જ કામગીરીમાં એમણે જે ઝડપ, સહૃદયતા ને કાર્યક્ષમતાથી એ કામ સંભાળી લીધું એ વિરલ હતાં. એટલે જ જ્યારે એવા શક્તિશાળી માણસને એકાએક ક્ષયરોગના પંજામાં સપડાવાને લીધે અમારાથી છૂટા થવું પડયું ત્યારે અમને બેવડું દુ:ખ થયું. એ રોગ પણ એમને, બારચૌદ વર્ષની કિશોર વયે, એ રોગમાં સપડાએલાં પોતાનાં માતાની મુગ્ધભાવે અનન્ય સેવા કરવામાંથી ચોંટેલો, એ હકીકત તેમના શીલવંત આત્માની પ્રતીતિ કરાવે છે, જેનો અનુભવ અમને તો સદા થતો જ રહ્યો છે. એટલી જ પોતાના આત્માની તેજસ્વિતા એમણે એ રોગ સામે પ્રબલ પુરુષાર્થ ખેડીને ઝૂઝવામાં દાખવી; અને પરિણામે, 'સેકન્ડ સ્ટેઈજ'માં પ્રવેશી ચૂકેલા એ દરદીએ મૃત્યુને પાછું ખાળ્યું! અમારી નજર સામે ખેડાએલા એ જીવનયુદ્ધના સાક્ષી તરીકે એમનો આ લેખ સવિશેષ ભલામણ સાથે વાચકો આગળ રજૂ કરીએ છીએ.

જગતમાં જે કેટલાક મહાભયંકર રોગો છે તેમાં ક્ષયરોગનું સ્થાન ઘણું મોખરે આવે છે. પોતાનાં કરાલ જડબાંમાં દર વર્ષે જગતનાં લાખો મનુષ્યોને ઓહિયાં કરતા આ રોગની સૌથી વધુ ભયાનકતા એ વસ્તુમાં રહેલી છે કે તે પોતાના ભક્ષ્ય તરીકે મોટે ભાગે યુવાન સ્ત્રી–પુરુષને જ પસંદ કરે છે. આયુષ્યની વસંત ગણાતી યુવાવસ્થામાં પદાર્પણ કરેલો મનુષ્ય જ્યારે જીવનનાં રમણીય સ્વપ્નો સેવતો હોય છે, આશાના અવનવા મિનારા બાંધતો હોય છે, જ્યારે તે એના કુટુંબની, એના સમાજની અને એના દેશની આશા હોય છે, બરાબર તે જ વખતે આ કરાલ રોગનો નિર્દય પંજો તેના પર પડે છે અને તેનાં સ્વપ્નોને ભાંગી નાખે છે, તેની આશા-આકાંક્ષાઓને ચગદી નાખે છે અને તેના કુટુંબને પાયમાલ કરી નાખે છે. ઉત્સાહથી થનગનતા યુવાનો દેશનું સાચું ધન ગણાય છે. એ ધનને બરબાદ કરનારો ક્ષયરોગ દેશનો પ્રથમ નંબરનો શત્રુ છે.

ક્ષયરોગની ભયાનકતા આટલાથી પૂરી થતી નથી. જો યોગ્ય કાળજી લેવામાં ન આવે તો તે અત્યંત ચેપી રોગ છે. જે કુટુંબમાં તે પેઠો ત્યાં એક પછી એક તે કુટુંબના ઘણા લોકોનો તે ભોગ લે છે. એવાં ઘણાં ગરીબ કુટુંબો છે જેમને ક્ષયરોગે પૂરેપૂરાં પાયમાલ કરી નાખ્યાં છે. વળી આ રોગ પર કોઈ રામબાણ દવા હજુસુધી શોધાઈ ન હોવાથી રોગને મટતાં કે કાબૂમાં આવતાં ઘણો લાંબો સમય જાય છે, જે દરમ્યાન સારવાર માટે પૈસાનો ખરચ કરવો તે ઘણાં કુટુંબોના ગજા બહારનું હોય છે. છતાં પ્રેમવશ એ દરદી પાછળ કરજ કરીને કે ઘરેણાંગાંઠાં વેચીને સારવારનો ખરચ કઢાવાય છે. એમ કરતાં પણ દરદી બચે તો ઠીક, નહિતર આખા કુટુંબની અત્યંત અનુકંપનીય દશા થાય છે.

હિંદુસ્તાન તો આ રોગનું ઘર ગણાય એટલી હદ સુધી તેનો ફેલાવો થયો છે. દર વર્ષે ઓછામાં ઓછા ૨૫ લાખ લોકો આ રોગથી પટકાય છે, જેમાંના ૫ લાખ લોકો મૃત્યુ પામે છે; એટલે કે દર મિનિટે હિંદમાં એક માણસ ક્ષયરોગથી મૃત્યુ પામે છે.! મેલૅરિયા પછી બીજે નંબરે ક્ષયરોગથી મૃત્યુ પામતા લોકોનો આંકડો આવે છે. છેલ્લાં ૧૦ વર્ષમાં હિંદમાં જે ભીષણ મોંઘવારી વધતી ગઈ, લોકોની હાડમારીમાં વધારો થતો ગયો તેને કારણે આ રોગના ભોગ બનતા લોકોની સંખ્યામાં પણ ઘણો વધારો થયો છે. જ્યાં ગીચ વસતિ છે, જ્યાં લોકોને ચોખ્ખી હવા અને પૂરતો પ્રકાશ મળતાં નથી, જ્યાં પેટ પૂરતો ને પોષક તત્ત્વોથી પૂર્ણ એવો આહાર મળતો નથી, જ્યાં ગંદકી ને અસ્વચ્છતા છે ત્યાં આ રોગ કૂદકે ને ભૂસકે વધે છે. હિંદુસ્તાનનાં કેવળ શહેરમાં જ નહિ, પણ ઘણાં ગામડાંઓમાં પણ આવી સ્થિતિ હોવાથી આ રોગે અહીં બરાબર પગદંડો જમાવ્યો છે.

હિંદમાં આ રોગ ઘણો વધારે છે, જ્યારે તેની સારવારનાં સાધનો ઘણાં અલ્પ છે એ સૌથી મોટી કમનસીબી છે. સારવારનાં સાધનો એટલાં હોવાં જોઈએ કે જેને જેને આ રોગ લાગુ પડે તે દરેકને પૂર્ણ સારો થતાં સુધી તેને જુદી ઑસ્પિટલમાં રાખીને સારવાર આપી શકાય. પણ આજે તો દર ૩૦૦ દરદી દીઠ ફક્ત એક જ માણસની સારવાર થઇ શકે એટલી વ્યવસ્થા છે. બાકીના ૨૯૯ જણા કંઇ પણ સારવાર ન મળવાથી આ રોગનો ફેલાવો સમાજમાં કરી રહ્યા છે. અત્યારે હિંદમાં કેટલી સગવડ છે અને કેટલી હોવી જોઈએ તેના નીચે આપેલા આંકડાઓ સાધનની અલ્પતા કેટલી છે તે બતાવે છે:


	અત્યારની સગવડો	હોવી જોઈતી સગવડો
ઑસ્પિટલ	૧૧૯	૪૦૦૦
ખાટલા	૧૨,૦૦૦	૫,૦૦,૦૦૦
નિષ્ણાત ડૉક્ટરો	૩૦૦	૧૫,૦૦૦
નર્સ આદિ	૪૦૦	૧૨,૦૦૦

ઉપર જણાવેલી સગવડો પેદા કરવા માટે પાયાના ખરચ તરીકે ૪૫૦ કરોડ રૂપિયા જોઇએ, એ સિવાય એ ઑસ્પિટલો ચલાવવા માટે દર વર્ષે ૬૦ કરોડ રૂપિયા ખરચવા જોઇએ. પણ આજે તો હિંદમાં માણસ દીઠ દર વર્ષે ફક્ત અરધો રૂપિયો તેના આરોગ્ય માટે ખરચાય છે, જ્યારે ક્ષયરોગને માટે તો ફક્ત $\frac{3}{4}$ પાઈ જ વપરાય છે. આ વસ્તુ જ કેટલું પ્રચંડ કાર્ય કરવાનું બાકી છે તે બતાવે છે.

હવે હિંદુસ્તાન આઝાદ બન્યું છે, એટલે આપણી સરકારે આ પ્રશ્ન હાથમાં લીધો છે. પણ સરકારની આર્થિક સ્થિતિ અત્યારે એટલી નબળી છે કે તે એકલી આ પ્રશ્ન ઉકેલી શકે તેમ નથી. જનતાનો સહકાર મળે તો જ આ જટિલ સમસ્યા જલદી ઉકલી શકે. તે માટે હિંદુસ્તાનમાં પહેલી જ વખત એક નવી પદ્ધતિથી આ માટે નાણાં ભેગાં કરવામાં આવનાર છે. ટ્યુબરક્યુલૉસિસ એસોસીએશન ઑવ ઇન્ડિયાના સહકારથી મહાત્મા ગાંધીજીના જન્મ દિવસથી, એટલે કે બીજી ઑક્ટોબરથી, ક્ષયરોગ-વિરોધી મોરચો શરૂ કરવામાં આવનાર છે. તે દિવસથી ક્ષયરોગ-ટિકિટો (Tuberculosis Seal)નું વેચાણ શરૂ થશે. તેની કિંમત ફક્ત ૧ આનો રાખવામાં આવી હોઈ ભારતની દરેક પોસ્ટ ઑફિસેથી તે મળી શકશે. પોસ્ટકાર્ડ અને પાકીટ ઉપર ચાલુ પોસ્ટેજ ઉપરાંત આ ટિકિટ ઐચ્છિક રીતે ચોંટાડવાની રહેશે. એ રીતે જે પૈસા ભેગા થશે તેનું ફંડ કરી તે ટ્યુબર્ક્યુલૉસિસ એસોસીએશન ઑવ્ ઈન્ડિયાને સોંપાશે, જે, ક્ષય રોગના અટકાવ અને ઉપચાર માટે તે વાપરશે. આઠ રંગમાં છપાએલી આ ટિકિટ પોસ્ટની ટિકિટ જેવડી જ હોઇ તે પર મોર તથા આંતરરાષ્ટ્રીય આરોગ્યચિહ્ન તરીકે બે ક્રૉસ હશે.

આ જાતની ક્ષયરોગ-ટિકિટો કાઢવાની પ્રથમ કલ્પના ૧૯૦૩-માં ડેન્માર્કના એક પોસ્ટમૅનને આવેલી. નાતાલના દિવસોમાં જ્યારે તે ખૂબ મોટી ટપાલ વિભાગવાર ગોઠવતો હતો તે વખતે રસ્તામાં ભટકતાં ક્ષયરોગી બાળકોનો વિચાર તેના મનમાં રમી રહ્યો હતો અને તેમને કેવી રીતે મદદ કરી શકાય તે વિચારી રહ્યો હતો. તે વખતે એકાએક તેને વિચાર આવ્યો કે જો દરેક કાગળ અને પારસલ ઉપર ચાલુ પોસ્ટેજ ઉપરાંત એક વધારાની ટિકિટ ચોટાડવામાં આવે તો એ ટિકિટના પૈસામાંથી પેલાં રોગી બાળકોને બચાવી શકાય. બીજા પોસ્ટમેનોને તેણે આ વિચાર કહ્યો. સૌને તે ગમ્યો. પોતાની આ યોજના લઈને સૌ ડેન્માર્કનાં રાજરાણી પાસે ગયા. તેમણે આ વિચારને ખૂબ આનંદથી વધાવી લેતાં ૧૯૦૪ની નાતાલમાં આ જાતની ક્ષયરોગ–ટિકિટો પહેલવહેલી ત્યાં નીકળી અને તેને અણધારી સફળતા મળી. પહેલે વર્ષે દેશના દરેક માણસે સરેરાશ બે ટિકિટો વેચાતી લીધી. એ ટિકિટોની આવકમાંથી ડેન્માર્કમાં એક મોટી ક્ષયની ઑસ્પિટલ બંધાઈ, જેમાં પેલાં ક્ષયરોગી બાળકોની સારવારની વ્યવસ્થા કરવામાં આવી. ડેન્માર્કની આ અભિનવ પદ્ધતિને તરત બીજા દેશોએ અપનાવી લીધી. અમેરિકાએ ૧૯૦૭માં એ જ પ્રકારની ઝુંબેશ શરૂ કરી અને ત્યારથી દર વર્ષે આવી ક્ષયરોગ-ટિકિટોનું વેચાણ ત્યાં ઝપાટાથી વધતું જ રહ્યું છે. ૧૯૪૮માં અમેરિકાના રાષ્ટ્રીય ક્ષયરોગ મંડળે ૨ કરોડ ડૉલર આ રીતે એકઠા કર્યાં હતા. આ જાતની ટિકિટોનું વેચાણ કૅનેડા, ઇંગ્લૅંડ તથા યુરોપના ઘણાખરા દેશોમાં દર વર્ષે થાય છે.

હિંદુસ્તાનમાં પહેલી વખત જ આ અભિનવ ટિકિટોનું વેચાણ બીજી ઑક્ટોબરથી શરૂ થશે અને ૨૬ મી જાન્યુઆરી ૧૯૫૧ સુધી ચાલુ રહેશે. તે વખતે દેશનો પ્રત્યેક નાગરિક બને તેટલી વધુ ટિકિટો ખરીદશે એમ સહેજે અપેક્ષા રહે છે. દેશનો ગરીબમાં ગરીબ માણસ પણ આ ટિકિટ ખરીદી શકે, અને એ રીતે દેશના આ કાતિલ શત્રુને હાંકી કાઢવાની ઝુંબેશમાં પોતાનો યથાશક્તિ ફાળો આપી શકે, તે માટે ટિકિટની કિંમત ૧ આના જેટલી ઓછી રાખવામાં આવી છે. પ્રજાના આ શત્રુને જેર કરવામાં પ્રજાએ જ મોટો ભાગ લેવાનો છે. આ ટિકિટોનું કેટલું વેચાણ થાય છે તે પરથી આપણે આઝાદ પ્રજા તરીકે આપણા પોતાના અતિશય મહત્ત્વના પ્રશ્નોનું કેટલું જાગૃત જ્ઞાન સક્રિય સહાનુભૂતિ અને જવાબદારીનું ભાન ધરાવીએ છીએ તેનું માપ નીકળશે. **મા. દ. માહુલીકર**



નવજીવન કાર્યાલયનાં નવાં પુસ્તકો

હમણાં હમણાંનાં નવજીવન કાર્યાલયનાં પ્રકાશનોમાં કદાચ થી વધુ લોકપ્રિય થએલું પુસ્તક તે **મહાદેવભાઈની ડાયરી.** નો ચોથો ભાગ (કિં. રૂા. ૩-૦-૦) હમણાં જ બહાર પડ્યો. એમાં ઓ ગાંધીજીના અંતેવાસી બન્યા તે શરૂઆતના કાળ(ઈ. ૧૯૧૭)થી ઈ. ૧૯૧૯ સુધીનાં બે વર્ષની ડાયરી આપેલી છે. એ આખી માળાને વિષે તો એટલી જ ભલામણ કરવાની હોય કે એ વસાવી શકે તે સૌ વસાવે અને બાકીના વાંચે અવશ્ય. મહાદેવભાઈ ગાંધીજી સાથે જોડાયા તે પૂર્વેનું એમનું ચરિત્ર એ ડાયરી માટે જ પ્રસ્તાવ રૂપે, એમના નિકટતમ મિત્ર શ્રી નરહરિભાઇ પરીખે લખેલું. પણ પછીથી તે સ્વતંત્ર રૂપે જ બહાર પાડવાનું ઠર્યું. હમણાં જ તે પણ **મહાદેવભાઇનું પૂર્વચરિત્ર** (૦-૧૨-૦) એ નામથી બહાર પડ્યું છે. તે કુમારો-કિશોરો-તરુણોએ તો ખાસ વાંચવા જેવું છે. એવું જ ઊગતી પ્રજા માટેનું લોકપ્રિય થએલું પુસ્તક તે શ્રી ચંદ્રશંકર શુક્લનું લખેલું **સીતાહરણ**(૧-૦-૦).રામાયણકથાની શરૂની સુંદર વર્ણનરસ જમાવતી માહિતી આપી બાકીની માહિતી મેળવવા માટે બાળકોને સ્વપ્રયત્ન કરવા ઉત્કંઠિત કરતું આ પુસ્તક આઠમી વખત મુદ્રિત થયું એ જ તેના લોકાદરનો પુરાવો છે. **बापुजीची ओझरती दर्शनें** એ, કાકાસાહેબ કાલેલકરના 'બાપુની ઝાંખી' નામના ગુજરાતી પુસ્તક પેઠે જ, મૂળ હિંદીનો મરાઠી અનુવાદ છે. (૧-૮-૦). આપણા જૂના અને તત્ત્વનિષ્ઠ ચિંતકોમાંના એક શ્રી કિશોરલાલ મશરૂવાળાનું પેલું યુગવર્તી પુસ્તક **સમૂળી ક્રાન્તિ** પણ બીજી આવૃત્તિમાં પ્રવેશ્યું છે (૧-૮-૦); એ સાથે જ સાબરમતીથી સેવાગ્રામ સુધીના એમના અખતરાઓ અને વિચારણાના પરિણામ રૂપ કેળવણી વિષયક લેખોનો સંગ્રહ **કેળવણીવિકાસ** નામથી બહાર પડ્યો છે (૧-૪-૦). જીવન વિષે પોતાની આગવી દૃષ્ટિ ધરાવનાર ગાંધીજી મૂળથી જ એક વિશિષ્ટ કેળવણીકાર હતા, એ તો આજે સ્વીકાર્યું છે. એમનાં કેળવણી ઉપરનાં છૂટક લખાણોના, તબક્કાવાર, ત્રણ સંગ્રહો આજ સુધી પ્રકટ થયા છે તેમાં ઉમેરો કરતો સંગ્રહ **પાયાની કેળવણી** (૧-૪-૦) હમણાં જ બહાર પડ્યો. તેમાં એમણે છેલ્લા દસકા દરમ્યાન રાષ્ટ્રની સાર્વત્રિક કેળવણી ઉપર લખેલાં લખાણો છે. એ ઉપરાંત **પ્રૌઢશિક્ષણ** તે એ ક્ષેત્રના રચનાત્મક કાર્યકર્તાઓને સર્વસંગ્રહ સમી માહિતીપૂર્ણ પુસ્તિકા છે. લેખકો: વિઠ્ઠલદાસ કોઠારી અને રામચંદ્ર સોમણ ૦-૧૪-૦; આપણી પ્રજામાં પાયાની જે ત્રણ બાબતોનું જ્ઞાન પૂરું નથી ખીલ્યું (યંત્રશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને આહારશાસ્ત્ર) એ પૈકી ત્રીજા આહારશાસ્ત્રના અજ્ઞાનથી તો પ્રજા નિર્વીર્ય અને પુરુષાર્થહીન થઈ ગઈ છે' આવો ગંભીર પ્રશ્ન ઊભો કરીને તેનો ઉત્તર આપવાના સહૃદય પ્રયત્ન તરીકે શ્રી ઝવેરભાઇ પટેલે લખેલું પુસ્તક **આહાર અને પોષણ**નો બીજો ભાગ (૦-૧૨-૦) વિદ્યાપીઠે હમણાં બહાર પાડ્યો છે, તે નાના કિશોરો તેમજ નવા શીખતા પ્રૌઢો પણ સમજી શકે એ રીતે સંવાદના રૂપમાં ને સરળ ભાષામાં નિરૂપેલો છે. મહાત્માજીની જગવિખ્યાત આત્મકથાના પૂરક સમું પુસ્તક **દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ**, જે નહોતું મળતું તેનું હવે બંને ભાગ સાંકળી લઈ સુધારાવધારા સાથેનું નવું સચિત્ર પુનઃમુદ્રણ બહાર પડ્યું છે. ૩-૦-૦. એવાં જ કેટલાંક મનનીય, ઉપયોગી ને રસમય બીજાં પુનર્મુદ્રણો: ગાંધીજીનું વિખ્યાત **નીતિનાશને માર્ગે**: ૦-૧૦-૦, તથા **ત્યાગમૂર્તિ અને બીજા લેખો**નું પાંચમું મુદ્રણ, ૨-૦-૦; કાકાસાહેબ કાલેલકરનો કાવ્યમય બાનીમાં **બ્રહ્મદેશનો પ્રવાસ**, ૦-૧૦-૦, અને જુગતરામભાઈની **ગ્રામભજનમંડળી**: આશ્રમોચિત ભજનો, ગીતો અને દુહા ચોપાઇઓનો નાનકડો સંગ્રહ, ૦-૧૦-૦.

Our Friends Abroad

[જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ]

ફરિયાદો

ગયા અંકમાં જેમને વિષે ભાઈ મધુ દેસાઈ તથા ધનવંત વાળાના ફરિયાદ-પત્રોનો ઉલ્લેખ હતો તે જ વ્યક્તિ વિષે ફરી ભાઇ ધનવંત વાળા તરફથી તથા જનાબ મોહસીન એમ. મલેક તરફથી ફરિયાદોના બીજા પત્રો મળ્યા છે. આ રહ્યા તે પત્રો:

(૧)

મેં આપને છેલ્લો પત્ર લખ્યા પછી પણ ત્રણ પત્રો દીના બહેનને મોકલ્યા હતા. ત્રણેય Refused થઇ પાછા મળ્યા. કેવું આશ્ચર્ય! પહેલાં લાગલાગટ જવાબ જ નહિ અને પછી પાછા! વાહરે, મિત્રાચારી!

ઉપરના ત્રણેય પત્રો હું આપને મોકલું છું. બહેન રિસાયાં છે જાણી મેં એમને સંબોધી કાવ્ય લખ્યું હતું. છતાં હાયરે! નસીબ! દીના બહેનને મારા શુદ્ધ અને પવિત્ર પ્રેમની કિંમત ન અંકાઈ.... બેનને પ્રેમ–ભાઈબહેનનો પ્રેમ–મિત્રમિત્ર વચ્ચેનો પ્રેમ એ શું હોય છે એની ખબર નથી લાગતી.... —ધનવંત વાળા

(૨)

મને જણાવતાં આનંદ થાય છે કે 'કુમાર'ના 'Our Friends Abroad' વિભાગ દ્વારા મને કેટલાક સારા પત્રમિત્રો મળ્યા છે. પરંતુ એક બહેન પત્રમિત્ર તરફથી મને જે કડવો અનુભવ થયો છે તે તરફ હું આપનું લક્ષ ખેંચું છું.

'કુમાર'ના જૂન ૧૯૫૦ના અંકમાં મજકુર વિભાગમાં (નં.૫૦૭) મિસ દીના વકીલનું નામ મારા વાંચવામાં આવ્યું. મેં એમને ટિકિટ-વિનિમય અને પત્રમિત્રતા માટે આમંત્રણ આપતો પત્ર ગુજરાતીમાં લખ્યો. જેનો પ્રત્યુત્તર એમણે અંગ્રેજીમાં આપતાં લખ્યું કે તેઓ પર મારા સુંદર પત્રની ઘણી જ સારી છાપ પડી છે અને તેઓ મારી સાથે પત્રમિત્રતા અને ટિકિટ-વિનિમય કરવા માટે ખુશી છે. તે સાથે તેમણે જુદાજુદા દેશોની ટિકિટો તેમજ હિંદની જૂની ટિકિટોની મારી પાસે પ્રથમ માગણી કરી અને અદલાબદલી માટે પૂરતો વિશ્વાસ રાખવા જણાવ્યું. આથી મેં તેમને હિંદની જૂની ટિકિટો ચાલીસ તથા જુદાજુદા દેશોની ચાલીસ મળી કુલ એંસી ટિકિટો મોકલી, અને બદલામાં તેમને જે ઠીક લાગે તે મોકલવા લખ્યું. પરંતુ એ બહેન તરફથી બીજી ટિકિટો હજુ સુધી મોકલવામાં આવી નથી. બાદ મેં તેમને ત્રણ પત્રો લખ્યા જે Refused થઇને મને પાછા મળ્યા છે. મેં તેમને છેલ્લા પત્રમાં જણાવેલું કે જો આપની પત્રમિત્રતા માટે અનિચ્છા હોય તો તે બદલ ખુલાસો કરતો પત્ર લખશો અને મારી મોકલાવેલ ટિકિટો પરત કરશો. પરંતુ આ પત્ર પણ સ્વીકારાયા વિના જ પાછો આવ્યો છે. Refused થએલા પત્ર પર Refused by K. M. Vakil એવી રિમાર્ક પોસ્ટ ખાતા તરફથી કરવામાં આવેલો છે. એટલે મને આમાં કંઈક ભેદ લાગે છે......... ખેર, જે હશે તે. પરંતુ હું આપનાથી એટલી આશા રાખું છું કે આપે આવા પોકળ પત્રમિત્રોનાં નામ 'કુમાર'માં જાહેર કરવાં જોઇએ. અલબત્ત, આપને જે કેસમાં પૂરતા પુરાવા સાથે ખાત્રી થાય ત્યારે આપે જરૂર અન્ય પત્રમિત્રોને ચેતવણી રૂપે આવા પોકળ માણસોને જાહેર કરવા હિતકર્તા છે. આવા માણસોની નેમ કેવળ ટિકિટ વગેરે પચાવી પાડવાની જ હોય છે.

'કુમાર'માં આગળ પણ કેટલાક પત્રમિત્રોને આવા કડવા અનુભવો થએલા–એ ગતકાળનાં લખાણો પ્રસિદ્ધ થયાં છે. 'Our Friends Abroad' વિભાગનો આ રીતે ખોટો ઉપયોગ કરતા માણસોને ઉઘાડા પાડી કોઈ નસીહત પહોંચાડવા પર વિચાર કરવો જરૂરી છે. એ જ. લિ. આપનો સાચો, મોહસીન એમ. મલેક

તા. ક. ઉપર જણાવેલ બહેન સાથેનો પત્રવ્યવહાર સત્યતાની ખાત્રી માટે આપને જરૂર પડે તો મોકલીશ.

● ● ● આ બંને પત્રો વાંચીને અમને ઘણું દુ:ખ થયું છે. ભાઇ વાળાને અમે કહીએ તમે અત્યંત લાગણીવશ થયા છો. પ્રત્યુત્તર ન મળ્યા કે પત્રો પાછા મળ્યા તેથી ભારે 'સ્નેહભંગ' ગણીને તેને મોટી આપત્તિ રૂપ માની આમ લાગણીપટુ થવું ડહાપણ ભર્યું, હિતકર કે વ્યવહારુ નથી. વ્યવહારમાં વાસ્તવિકતાનો સામનો કરવો જોઇએ અને જનાબ મલેક જેવું સ્વસ્થ વલણ અખત્યાર કરવું જોઈએ. અમે દીના બહેનને આમંત્રણ આપીએ છીએ કે તેઓ આ બાબતમાં સાચી પરિસ્થિતિ ઉપર પ્રકાશ પાડે.

(૩)

ચાલુ માસનું 'કુમાર' વાંચ્યું. મારા અનુભવની અને આવેલ ફરિયાદથી લાગે છે કે મોટા ભાગના મિત્રો ફક્ત પ્રસિદ્ધિ માટે જ કે અમે કંઈક છીએ એ માટે જ 'કુમાર'માં ઍડ્રેસ છપાવતા હોય છે. આ અટકાવવા મને એક વિચાર સૂઝે છે.

મારા મત પ્રમાણે 'કુમારે' એક 'પત્રમિત્ર-મંડળ' કાઢવું ને આ મંડળના સભ્ય થવા માટે અમુક ફી રાખવી. આથી જે મિત્રો ખરા દિલથી જ પત્રમિત્રતા ચાહતા હશે તે જ સભ્ય થશે. અને વળી અમુક નિયમો કરવા. આ નિયમોનો ભંગ કરે અગર કોઇ પત્રમિત્રની ફરિયાદ આવે તો ભંગ કરનારને સંસ્થામાંથી રજા આપવી. મંડળની સભ્ય-ફીનો ઉપયોગ મંડળનું ખર્ચ કાઢતાં વધે તો તેમાંથી મંડળનું એકાદ મુખપત્ર પણ કાઢવું, જેથી આ સંસ્થા કદાચ આંતરરાષ્ટ્રીય પણ બને.... —પ્રવીણ શેઠ

● ● ● આ વિભાગ ચલાવવા પાછળ અમારો ઉદ્દેશ ઉત્સુક પત્રમિત્રો માટે સરનામાંની આપ-લેના મિલનસ્થાન બનવા ઉપરાંત બીજો વિશેષ નથી; તેમ હાલ એનો કશો મર્યાદાવિસ્તાર કરવા પણ નથી ઇચ્છતા. ફી, પૈસાના હિસાબ, નિયમો, તેના ભંગની ફરિયાદો, તેના સાચાખોટાપણાના ન્યાય, એ બધું અમે નક્કી કરેલા ક્ષેત્રની બહાર છે. આથી જ અમે પત્રમિત્રની સંસ્થા કાઢનારાઓ, ફી લઇને સભ્યો નોંધનારાઓ, અમુક રકમ મંગાવીને ટિકિટો કે દીવાસળીનાં લેબલો આદિ મોકલનારાઓ, વગેરે 'જાહેરાત' કરતાં સરનામાં પણ નથી છાપતા. 'કુમાર' માત્ર બે મિત્રોને મેળવી આપનાનાર ત્રીજો મિત્ર જ બનવા ઇચ્છે છે, અન્ય કશું નહિ.

(૪)

આપે રજૂ કરેલી ફરિયાદને કારણે મારા પર બે દિવસ અગાઉ એક નનામો પત્ર આવ્યો છે કે તે ભાઈ પર અમેરિકાથી એક પત્ર

એર મેઈલમાં આવેલ, પરંતુ પોતાની સ્થિતિ સારી ન હોવાને કારણે તે ભાઇ જવાબ આપવાને શક્તિમાન ન હતા. તે ફક્ત Ordinary mailથી પત્રવ્યવહાર કરવા ચાહતા હતા અને Air-mailથી એટલે ૧-૨-૦નું પોસ્ટેજ (હવે વધીને ૧-૮-૦ થયા છે.–તંત્રી) ખર્ચવાની તેમની શક્તિ ન હતી, ને તે જ કારણથી તે ભાઈ ન તો અમેરિકનને પોતાની ગરીબી બતાવી શક્યા કે ન તો પોતે પત્રનો જવાબ આપી શક્યા.

વધારામાં ભાઈ જણાવી રહ્યા છે કે આ જ કારણથી કદાચ બીજા ભાઇઓ જવાબ આપવાને શક્તિમાન ન બની શકતા હોય.

તો હવે આનો ઉપાય આપના હાથમાં છે.–કુમુદકાન્ત શાહ

• • • પત્રવ્યવહાર લંબાવવાની પોતાની ઈચ્છા નથી એટલો નકાર લખવા માટે પોસ્ટકાર્ડ જ બસ થાત, જે (હવે) ૦-૧૦-૦માં અમેરિકા મોકલી શકાય છે. પોસ્ટ ઑફિસમાંથી મળતા ૦-૬-૦ના એરલેટર ઉપર પણ વધારાના ૦-૪-૦ ચોડીને ૦-૧૦-૦માં અમેરિકા એર લેટર મોકલી શકાય છે. પોસ્ટ ઑફિસમાંથી આ માહિતી મેળવી શકાત. મૂળ વાત તો એ કે, પત્રમૈત્રી કરવામાં ટપાલ ખર્ચ થવાનો જ છે, એ ગણત્રી રાખીને જ એ શોખ શરૂ કરવો જોઇએ, અને તે માટે ઘડેલા પોતાના 'બજેટ'ની મર્યાદામાં બધી ત્રેવડ કરવી જોઈએ.

પરદેશની પત્રમિત્ર સંસ્થાઓ

ભાઈ જગદીશ શાન્તિલાલ શાહ (અરુણ નિવાસ, ઓખા બંદર) જુદાજુદા દેશોનાં એલચી ખાતાં સાથે પત્રવ્યવહાર કરીને મેળવેલાં સરનામાં મોકલે છે. લખતી વખતે તેમના નામનો ઉલ્લેખ કરવો. એમાંની સ્વિટ્ઝર્લૅન્ડની સંસ્થાએ એમને થોડાં ફૉર્મ મોકલ્યાં છે તે તેમને ૦-૨-૦ બીડવાથી મોકલી આપશે. તેની સાથે ઇન્ટરનૅશનલ રિપ્લાઈ કૂપન બીડવાથી એ સંસ્થા યોગ્ય પત્રમિત્રો મેળવી આપશે.

(1) Association for Cultural and Economic Relations with the East, Indian Section, Praha III, Lazenska, Czechoslovakia; (2) Vereniging van International· Neugdverkeer, Rapenburg 45, Leiden (Holland); (3) Foundation Pro Juventute, Serves des relations internationales, Seefeldstrasse 8, Zurich (Switzerland); (4) Correspondence Scolaire Internationale, Mesee Pedagogigue, 29, Rue d'Ulm, Paris -5e (France); (5) International Friendship League, (Miss Edna MacDonough, Executive Secretary), 41 Mt. Vernon Street, Boston, Massachusetts, (U.S.A.); (6) International Students' Society, (Dr. Newton H. Crowell, Director), Hillsboro, Oregon (U.S.A.); (7) Interscholastic Correspondence, (Mrs. Alice Wilson, Director) 433, Buena Vista, San Francisco, California (U.S.A.); (8) Foreign Correspondence Bureau, Augusta, Kansas (U.S.A.).

હિંદી પત્રમિત્રો

(543) Kantilal V. Sheth, C/o Vrajlal Giradharlal, Jail Road, Amreli (Saur.)—17, Stamps, Photography; (544) Dhanendra Manilal Shah, 3465; Chhabila Odhava's Khadki, Darwaja's Khancha, Shahpur, Ahmedabad—21, Palmistry, Photography; (545) Jitendra M. Chhaya, C/o A. J. Chanchani, P. O. Bokaro, Dist. Hajaribag—22, Stamps, Literature, Politics; (546) Abidali T. Kapasi, Iron Marchent, Rajula-City (Saur.)—19, Photography, Reading; (547) Chandrakant B. Jhaveri, 123, 25, Daya Mandir, Mumbadevi Road, 3rd floor, Bombay-3—18, Photography, Sports; (548) Kalyanji Velji Vishrani, B.Com., Vishrani Nivas, 14, Bhandarkar Rd., Matunga, Bombay-19—25, Stamps, Literature, Photography, Bridge (contract); (549) Navinchandra Pranlal Bhatt, 1453, Raipur, Ahmedabad—18, View-cards, Stamps; (550) Chhotalal Amritlal, C/o N. T. Vyas, Sarspur, Outside Nickal Gate, Ahmedabad-2—20, Stamps, Photography, View-cards; (551) D. J. Bhana, 146 B, Prince Edward Street, Durban, Natal, South Africa—17, Stamps, Cricket, Music, Photography; (552) Manu M. Wadhwani, Dadubhoy Rd., Santacruz, Bombay-23—20, Stamps, Pen-pals Abroad only; (553) Mohmedi J. Tambawala, Saifeepura, Siddhpur (N. G.)—18, Stamps, View-cards; (554) Vasantlal N. Shah, P. O. Box 360, Zanzibar, Br. East Africa—16, Stamps, Coins; (555) Ghanshyam Chotalal Shah, C/o Babubhai C. Shah, Kapol Nivas, Vinsant Rd., Matunga (G. I. P.), Bombay-19—17, Stamps; (556) Hirabhai Gopaljee Patel, C/o Bharat Vidyalaya, Karadi, Navsari, (Dist. Surat)—18, Stamps, Sports, View-cards, Music, Swimming; (557) Navinchandra Shah, Gandhi Chawk, Vanz (Saurashtra)—17, Stamps, Coins, View-cards; (558) Ismail H. Madraswala, C/o Hasanally Gulamally Madraswala, Saifeepura, Siddhpur (N. G.)—24, Stamps, Coins, Snapshots; (559) Fakhri S. Mamuwala, Saifeepura, Siddhpur (N. G.)—19, Stamps, Literature, View-cards, Coins, Photography; (560) Jayant Tolia, II New Residency, Bhavan's College Hostel, Andheri, Bombay—16, Stamps, View-cards, Science; (561) Manukumar P. Patel, C/o Kantilal Mulajibhai Patel, Goga Gate, Bhavnagar (Saurashtra)—18, Stamps. (562) Keshvkant R. Udani, C/o Vaidya Ravikant V. Udani, Balambha, Via Dhrol (Saur.)—20, Literature, Philosophy; (563) Vijay M. Gosalia, 40-42, Mint Rd., 2nd floor, Fort, Bombay-1—20, Cricket, Stamps. (ચાલુ)

પાંદડાંનો છાપ-સંગ્રહ

એક નવો સંગ્રહ-શૉખ



પાંદડાની કાર્બનછાપનો નમૂનો

ટિકિટો સંઘરવાનો શૉખ જેમ જીવનભર ચાલે છે, તેવો જ અણખૂટ આ શૉખ છે: ઝાડનાં પાંદડાંની કાર્બન-છાપ લેવાનો. એક વિખ્યાત વનસ્પતિશાસ્ત્રીએ કહ્યું છે કે સાગ જેવડાં ઊંચી જાતનાં જ વૃક્ષો ત્રણસો ઉપરાંત તો થાય છે. એ સિવાય નાનાં ઝાડ, છોડ, વેલ વગેરેનાં તો જુદાં. એટલે જો ધીરજ, શોધનો ખંત અને પરિશ્રમની શક્તિ હોય તો આ શૉખ તો જીવનભર ચાલે તેવો છે. આપણે ત્યાં તો કોણ જાણે, પણ પશ્ચિમના મુલકમાં તો આ શૉખ ઠીકઠીક વ્યાપક છે. એક જાણીતા એવા સંગ્રાહકે ૫૦૦થી વધુ ઝાડનાં પાંદડાંની છાપ એકઠી કરી છે; અને એ તો નમ્રતાથી કહે છે કે આ ક્ષેત્ર એટલું વિશાળ છે કે આ તો હજી મારી શરૂઆત છે.

એમાં સાધન પણ બહુ નથી જોઈતાં. થોડા ડ્રૉઇંગ પેપર: ફુલસ્કેપ કાગળના કદના હોય તો ઠીક, જેથી નાનાં-મોટાં પાનની છાપ લેવાને પૂરતો અવકાશ રહે. ને પેન્સિલ-કાર્બનના થોડા કાગળ. જોજો 'પેન્સિલ કાર્બન' જ જોઈએ. બીજો ટાઇપરાઈટરનો કાર્બન પેપર આવે છે તેના પરનો કાર્બનનો પટ બહુ સખત હોવાથી ખપ નથી લાગતો. બીજી બે ચીજો જોઈએ તે ૮''×૫''ના માપના થોડા પાતળા (અરધા પારદર્શક જેવા) કાગળ ને એક બ્લૉટિંગ પેપરનું પૅડ. બ્લૉટિંગ પૅડ ન હોય તો છાપાંના થોડા કાગળ પણ ચાલે; કેમકે એનો ઉપયોગ તો પોચા ગાદી તરીકે કરવાનો હોય છે. શરૂઆત કરવા માટે એવાં પાંદડાં પસંદ કરવાં, જેની ઉલટી બાજુએ નસો અને રેષાઓ વધારે ઉપસેલા હોય.

પહેલાં તો બ્લૉટિંગની ગાદી ઉપર કાર્બન પેપરને ચત્તો મૂકો, જેથી તેની કાર્બનની બાજુ ઉપર રહે. પછી, પાંદડાંની પાછલી (રેષાવાળી) બાજુ તેને અડે એવી રીતે તેના પર પાંદડાને મૂકો. હવે, એ પાંદડા ઉપર પાતળો કાગળ મૂકીને તમારી આંગળીનાં ટેરવાં કે અંગૂઠાના નખ ઘસીને સ્થિર ને સજ્જડ દાબ આપો. પાતળા કાગળ સોંસરી પાંદડાની આકૃતિ દેખાતી હશે એટલે તેનો એકે ભાગ દબાણ વિનાનો રહી ન જાય તેની ચોકસાઈ તમે કરી શકશો. પાંદડાની કિનાર ઉપર ખાસ કાળજીપૂર્વક દાબ આપજો, અને ક્યાંય જરાપણ કરચલી ન પડે તેની ખાસ તાકેદારી રાખજો.

આ રીતે આખા પાંદડાની સપાટી પર પૂરતો દાબ અપાઇ ગયાની ખાતરી થાય, એટલે પાતળો કાગળ હટાવી લઈને પાંદડાને ધીમે રહીને કાર્બન ઉપરથી ઉખેડી લો, ને બારીકાઇથી તેની નાનામાં નાની રેષાઓ ઉપર પણ કાર્બન લાગી ગયો છે કે નહિ તે તપાસી જુઓ. હવે એની છાપ લેવા માટે, ગાદી ઉપર ડ્રૉઇંગ પેપર મૂકીને તેની બરોબર વચ્ચે છાપ પડે એ રીતે, પાંદડાની કાર્બનવાળી પાછલી બાજુ ગોઠવો, ને ફરી તેના ઉપર પાતળો કાગળ મૂકી, ખૂબ સાવચેતીથી અગાઉની માફક જ આંગળીઓ વડે ધીમો પણ સજ્જડ સ્થિર દાબ આપી ઘસો. જોજો પાંદડું લેશમાત્ર ખસી ન જાય. દાબ પાંદડાની મધ્યરેષા તરફથી બહાર કિનાર તરફ જાય એ રીતે આપવો, અને પાંદડાંનો કોઈ પણ ભાગ-એક પણ રેષા કે કિનારનો ઝીણામાં ઝીણો ખૂણો દાબ્યા વિનાનો રહી ન જાય તેની તકેદારી રાખવી.

હવે પાતળો કાગળ હઠાવી, હળવે રહીને પાંદડું ઉખેડી લો. જો દાબ ચોક્સાઈપૂર્વક ને સંપૂર્ણપણે રેખાકતાર આપ્યો હશે તો પાંદડાંની બાજુની સ્પષ્ટ ને સુરેખ છાપ કાગળ ઉપર પડી રહી હશે. જો પાંદડું ખસી ગયું હશે તો છાપ ચેકાઈ-ભુંસાઈ ગએલી આવી હશે.

જોકે બધાજ પ્રકારનાં પાંદડાં આ કામ માટે ખપ નથી લાગતાં. કેટલાંક પાંદડાની મધ્યરેષા એટલી બધી જાડી હોય છે કે બીજી રેષાઓ ઉપર નથી પૂરો કાર્બન લાગવા દેતી કે નથી પૂરી છાપ ઊઠવા દેતી. કેટલાંક પાંદડાં એવાં મુલાયમ હોય છે કે દાબ જ સહન નથી કરી શકતાં. અને જરા અમથો દાબ લાગતાં છુંદાઈ જઇને તેમાંથી રસ નીકળવા માંડે છે. ઘણી વાર પાંદડું તોડ્યા બાદ તેને એક દિવસ રહેવા દઇને બીજે દિવસે છાપ લેવાથી પાંદડું કડક થવાને લીધે વધુ સ્પષ્ટ ને સુરેખ છાપ ઊઠે છે. આવી નાનીનાની મુશ્કેલીઓ પણ કવચિત નડશે, ને તેના આવા ઉકેલ પણ નીકળી આવશે. પણ એથી તો આ શૉખમાં ઓર રસ વધશે.

આવો સંગ્રહ જેમજેમ એકઠો થતો જાય તેમતેમ તેને જુદાજુદા વર્ગમાં ગોઠવતા જવું. મોટાં વૃક્ષ, જંગલી છોડ, વેલા, ફુલછોડ, અનાજ ને શાકભાજી વગેરેનાં પાંદડાં, એવાં વર્ગીકરણ કરી શકાય. નાનાંનાનાં પાંદડાં હોય તો એક કાગળ ઉપર ત્રણચાર છાપ પણ ગોઠવી શકાય: પણ બહુ ગીચ ન થઈ જાય તે જોવું. દરેકની નીચે તેનું નામ તથા છાપ લીધાની તારીખ સુઘડ અક્ષરે લખવાં. અને દરેક કાગળ ઉપર પાતળો ઝીણો પતંગિયો કાગળ-ઝરઝરિયો કાગળ (ટિશ્યુ પેપર) લગાડી દેવો, જેથી ઘસારાથી છાપ ભુંસાઇ ન જાય. પાનાં ફેરવતાં ફેરવતાં પણ ઘસારો ન લાગે તેની કાળજી રાખવી.

જરા કાળજીપૂર્વક શોધ ચલાવીશું તો જણાશે કે આપણા દેશમાં ઝાડની એટલી વિપુલ વિવિધતા છે કે આ શૉખ સદોદિત ચાલ્યા જ કરે: બાગબગીચા, વાડીખેતર ને ગામગોંદરા ઘૂમીઘૂમીને એકઠાં કરવાની તમન્ના જોઈએ. અને તમારા કોઈ મિત્રો કે સગાં-સંબંધી પરગામ-પરદેશ રહેતા હોય તેમની પાસેથી પણ ત્યાંનાં અવનવાં પાંદડાં મંગાવીને તમે તમારા સંગ્રહમાં વૃદ્ધિ કરી શકશો.

(અનુ પૃ. ૩૧૫થી ચાલુ) એને છોકરો જન્મ્યો ત્યારે એનું નામ હોંસ અને ઉમળકાથી ગંગારામ રાખ્યું.

'છોટાભાઇ સેઠ! મેરી કસમ, અબ જી નહિ લગતા. ન મેં વાઘ બનના ચાહતા હૂં, ન મેં વરઘોડે જાને ચાહતા હૂં. ઇસમે હી રોટી મિલતી રહે તો બસ હય. મેરા ચલે તો યે સબ છોડ કર કહાં ભી ચલા જાઉં, મગર ગંગુ કા સવાલ હૈ. દેખિયે, સેઠ. અભી મેં કયા કરું? ઈસ્કોલમેં રખ્ખા તો કહે ફારમમેં જાત લિખો! મેં કોઈ જાત લિખના નહિ ચાહતા. ઇસમેં ઉનકો ફી મેં માફી ભી નહિ મિલતી.'

'ભલા! કાલે ગંગુને લઇને તું મારે ત્યાં આવ. એને નિશાળે પણ બેસડાવી આપીશ, અને માફી પણ કરાવી આપીશ, સમજ્યો?'

અને પછી ઘણાં વરસ સુધી એ ગંગુની ફી મામાજીએ જ આપી હતી એની મને થોડાં વરસ રહીને ખબર પડી.

અત્યારે એ છેલો કયાં હશે, માના નામ પાછળ માનું નામ ધરાવનાર ગંગુ કયાં હશે,—કોને ખબર?

આ પણે હોળી ચકલે તો ધૂમી આવ્યા, પણ નગારાંનો કડકડાટ જ સાંભળવો ભૂલી ગયા. અલબત્ત, છેલાએ બેત્રણ ચાલો વગાડી સંભળાવી, પણ એથી કંઈ નગારે ગાજતા ગામનો ખ્યાલ આવી શકે?

સૂરત આખાને ઘરઘરને એટલે નગારાં વાગતાં: સવાર-સાંજ વાગતાં, રાત-મધરાત વાગતાં. તો કદીક દૂરથી તાલબદ્ધ રણકારમાં કાનને મધુર લાગે એ રીતે પણ વાગતાં. દસ વરસ સુધી સૂરતમાં એ નગારાંની જે મેહફિલ જોઈ છે એવી બીજે કયાંયે જોવા નહિ મળે.

કોઇને 'ગીસનો વરરાજ' કહેવો એટલે સામી બે ગાળ ખાવી. એ 'ગીસના વરરાજ'ની ગાળ સૂરતીઓ જ સમજી શકે. સૂરત સિવાય બીજે ગીસ નીકળતી હોય એવું મારી જાણમાં નથી.

ખપાટિયે ચકલે મુલ્કમશહૂર પ્રેમચંદ રાયચંદે બંધાવેલી કન્યાશાળાના મકાનની બાજુમાં જાણીતા લાકડાવાળાનું કુટુંબ રહે. બહોળું કુટુંબ અને બધા જ 'નગારિયા.' હોળી આવવાની અગાઉ કેટલા યે દિવસોથી એ લોકો નગારાં વગાડવાની 'પ્રૅકટિસ' કરે: કોઈ મલ્લ, ક્રિકેટર કે ટેનિસ પ્લેઅર જેમ તાલીમ લે તેમ જ. કુટુંબના બુઝર્ગ વડીલ હાથમાં ચોબા લઇ બેસે અને આસપાસ પાંચસાત જણ કુંડાળું વળી, દરેક જણ પોતપોતાનું વાજિંત્ર લઈ બેસી જાય. વચમાં એક યા બે ત્રાંબાફૂંડી. એની આસપાસ એક જણ ઢોલક, બીજો ડફ, ત્રીજો ખંજરી, ચોથો ડબલું, પાંચમો ડમરુ, છઠ્ઠો લોખંડનું ત્રિશૂળ એમ સાજ લઈ ગોઠવાઈ જાય. અને પછી વડીલ ચાલ ઉપાડે. કલાક કલાક સુધી એક જ ચાલ વગાડે. લય એક જ રાખે, તાલબદ્ધ ચાલ્યા જ જાય અને કર્ણરંજક માધુર્ય ઉપજાવે.

ગીસમાં એ ટોળીને વરના બાપ થવાનો પ્રથાનુસાર હક્ક. એટલે એ ટોળી સૌથી છેલ્લે રહે. એની આગળ પંદરવીસ જુદાંજુદાં ટોળાં ચાલે, અને દરેક જણ નગારાંનો મહોત્સવ માણે. બાલાજીના ટેકરા આગળથી ગીસ ચઢે, તે ભાગોળ થઈ, ખાંડવાળાની શેરીમાંથી અમારે બારણે થઈ, ખપાટિયે ચકલે ફરી, પાછી મૂળ જગ્યાએ જાય. નીકળે રાત્રે નવ વાગ્યે અને ઊતરે મળસ્કે ચારપાંચ વાગ્યે. જુદાજુદા મહોલ્લાના તરેહતરેહવાર લોક એમાં ભાગ લે. અરધોએક માઈલ લાંબો એ વરઘોડો શહેરમાં ફરે. છેડે ઘોડા પર ખાસ્સા સોનેરી લપ્પામાં, પાઘડી-અંગરખો પહેરી વરરાજા બેસે: ગમે તે છોકરાને પકડી બેસાડી દે. એને ગાલે મેશના ચાંલ્લા કરે, પાઘડીમાં છોગાં ખોસે ને વરઘોડો ઊતર્યા પછી બબ્બે ઘપ્પા મારી બે કે પાંચ રૂપિયા આપે.

તે દિવસે શેરીએ શેરીએ એક જ વાત થતી: 'એ આવી! મ્હોડું ભાગળ પર પહોંચ્યું. બાર વાગે ખાંડવાળાની શેરીમાં પહોંચવી જોઇએ.' ભાગોળ પરથી ઊતરી ખાંડવાળાની સાંકડી શેરીમાં ગીસનાં ટોળાં રંગે ચઢતાં. એટલે શેઠિયાઓ ગાદીતકિયે ઠાઠથી મહેમાનો સાથે બેઠા હોય; હવેલીઓને પહેલે માળે હાંડી ઝુમ્મરોમાં દીવા ઝળકતા હોય; બારીએ નારીવર્ગ બનીઠની બેઠો હોય. ટોળાં એક પછી એક પોતાનો કિસબ બતાવતા જાય. એમને મુકરર ઠેકાણેથી હારતોરા મળતા જાય. ત્યાં ટોળી ખીલે. ટોળી એટલે કુટુંબકબીલો, અને એના વડીલ જાતે ગળામાં નગારું પહેરી વગાડે!

આપણે ગમે તે એક ટોળું લઇએ. જુવાનિયાએ રેશમી ખમીસ અને આલપાકાનો ડગલો પહેર્યા છે. માથે ઝીક-ભરતની ટોપી યા ભરાવદાર ફેંટો બાંધ્યો છે. જરા બાંકેલાલ જેવા બની ગળામાં ઢોલકું યા બગલમાં ડમરું રાખી જમણે હાથે ડમ ડમ ડમ... ડમ ડમ ડમ, તાલ આપ્યે રાખે છે. વચ્ચે ચાલે છે વડીલ. કયાં એ ઠસ્સો! ધોતિયું ચીપીચીપીને પહેરતાં પોણો કલાક લીધો હશે. ડગલા પર સોનાનાં બોરિયાં લગાવ્યાં છે. પાઘડી ખાસ આજને માટે ફરીથી રંગાવી-બંધાવી છે. લાલચટક ભારેખમ એ પાઘડી પર મોટો સોનેરી લપ્પો લસલસી રહ્યો છે. ગળે સુશોભિત નગારું લટકાવ્યું છે. નગારાની આસપાસ લપ્પાની ઝાલર છે. હાથમાં છોગેદાર ચોબા છે. બાજુમાં પંદરેક ચોબાનો થોકડો લઈ એક જણ ચાલે છે. ચોબો ફાટી જાય તો ત્યાં જ ફેંકી દેવામાં આવે છે. કોઈ ત્રણની, તો કોઈ પાંચની, તો કોઇ જવલ્લે સાતની ચાલ વગાડે છે. રંગત જામે અને એમાં વચ્ચે સિપાઈ દાદા ડાહ્યા થઈ આગળ ચાલવા કહે તો ટોળું બેસી જાય છે, અને બેઠા બેઠાં વગાડવા પર ચડે છે. પછી તો ઊઠે સો બેટ્ટો! સમજાવી પટાવી એને પોલીસ ઉઠાડે છે, મામલો આગળ ચાલે છે.

કિસબી વગાડનાર ખરેખર નગારાની ખાલ ઉતારી નાખે છે. જે સિફતથી એનો હાથ ચાલે છે, એથી તાંબાકૂંડીમાંથી જે રણકો નીકળે છે, અને એ રણકાની જે પરંપરા ચાલે છે, એથી જે ઘોર ઉદ્ભવે છે, એની મિઠાશનું વર્ણન કરવું મુશ્કેલ છે. ઢોલ, ત્રિશૂળ, ડફ, ડમરું અને નગારું એકબીજા સાથે પછી તો તાદાત્મ્ય સાધી, સંગીતનો એક જ રસમય સૂર કાઢે છે, જે હૈયાના ઊંડાણમાં હમેશને માટે ઊતરી રહે છે.

ભારેખમ ત્રાંબાફૂંડી ગળે લટકાવી, કલાકોના કલાકો સુધી તાલબદ્ધ નગારું વગાડવું એ કંઈ સહેલ વાત નથી. પહેલી તો હથેલીમાં ચોબાની બરોબર પકડ આવવી જોઇએ. અને પછી હાથને મોકળાશથી ઉઠાવવા જોઇએ. અને જ્યારે બરાબર શૂર ફૂટે ત્યારે કાબેલ વગાડનાર એકાએક નગારાને નીચેથી દૂંદ પર બરાબર ઉઠાવ પર લાવી, છાતી કાઢી, ઊંચે ચારેગમ નજર ફેરવતો જે વગાડે છે, ત્યારે તો 'કયા બજાયા!' થઈ રહે છે.

ધોળી મૂછો, વૃદ્ધ શરીર ને બાસ્તા જેવા સફેદ પોષાકમાં ચમકતી આંખો, સાઠ ઉપરની ઉમરે લાકડાવાળા શેઠને ખાંડવાળાની શેરીમાં નગારું વગાડતા જોવા—સાંભળવા એ પણ એક લ્હાવો હતો. એનો તાપ, એનો રૂઆબ, એનો દમામ, એના હાથનો લ્હેકો, એની જુગત, અનોખાં હતાં, અમીરી લાગતાં. છેક મોડી રાત થતી છતાં પોતાને ચકલે જાતે વગાડતા, મહોલ્લો ધમધમાવી મૂકતા, ગામ ગજાવી દેતા.

મામાજીના ઓળખાણનાં ઘણાં ટોળાં નીકળતાં. ગીસના વરરાજા થવાનો તો નહિ, પણ ગીસમાં વગાડવાનો લ્હાવો એક વખત મામાજીએ અપાવ્યો હતો. હાથમાં ઢોલક સાથે ઢમ ઢમ ઢમ્ ઢમ્ કરતાં એ ટોળામાં દાખલ કરાવી ફેરવ્યો હતો. પગની કઢી, અને આંખો લાલચોળ. બીજે દિવસે નિશાળે જવા જેવો જીવ નહોતો, એટલે મામાજીએ જ ચિઠ્ઠી લખી રજા મંગાવી દીધી હતી.

(ચાલુ)

નરસિંહરાવ ભોળાનાથ (અનુ. પૃ. ૩૦૯થી ચાલુ) હતા—સ્વ. પ્રસન્નકુમાર, અમદાવાદમાં 'કુમારભાઈ' નામે જાણીતા થએલા પોલીસ અમલદાર. કુમારભાઈ નરસિંહરાવના મૃત્યુ પછી ત્રણ વર્ષે ગુજરી ગયા અને એમના પુત્રો શ્રી અરુણકાન્ત તથા શ્રી નિશિકાન્ત આજે અમદાવાદમાં જ રહે છે.

પ્રથમ પત્નીના અવસાન પછી નરસિંહરાવ બીજી વારના લગ્નમાં જેમને પરણ્યા તે શ્રીમતી સુશીલાબહેનનો સહચાર દીર્ઘજીવી નીવડ્યો. શ્રી સુશીલાથી એમને ત્રણ સંતાન થયાં: ઊર્મિલા, નલિનકાન્ત અને લવંગિકા. આ ત્રણે સંતાનો નરસિંહરાવના જીવતાં જ મૃત્યુ પામ્યાં. ઊર્મિલા ૧૯૧૩ની આખરમાં એક જ બાલક પુત્ર પ્રેમલને મૂકીને ગયાં; નલિનકાન્ત ૧૯૧૫માં ગયા; લવંગિકાબહેન ૧૯૩૨માં ગુજરી ગયાં. એમની બે પુત્રીઓ સૌ. કુરંગી તથા સૌ. ચિત્રા આજે મુંબઈમાં રહે છે.

મુંબઈમાં નરસિંહરાવ નોકરીમાંથી ૧૯૧૨માં નિવૃત્ત થઈને વાંદરા નામના પરામાં સમુદ્રતટે 'બ્લુ બંગલા'માં રહ્યા અને ત્યાં લગભગ એક વર્ષને આંતરે ઊર્મિલા અને નલિનકાન્ત એ બે પ્રિય સંતાનોના મૃત્યુના દારુણ ઘા એમના પર પડ્યા. ત્યાંથી ૧૯૨૬-૨૭ માં નરસિંહરાવ સાંતાક્રુઝ આવ્યા અને ત્યાંથી થોડાં વર્ષ રહીને ખાર રહેવા ગયા. એ એમનું છેલ્લું નિવાસસ્થાન બન્યું. ત્યાં, ૧૯૩૨માં સૌ. લવંગિકાએ, અને ૧૯૩૪માં સ્વ. ઊર્મિલાના પુત્ર પ્રેમલે પરલોકગમન કર્યું. ૧૯૩૬માં પત્ની સુશીલા ગુજરી ગયાં.

ઉપરાઉપરી પડેલા આ અસહ્ય આઘાતો નરસિંહરાવે, આશ્વાસન આપવા આવનાર સામું આશ્વાસન પામે એવી અડગ હિંમત અને અવિચલ ઈશ્વરશ્રદ્ધાથી સહન કર્યા. એમના હૃદયના ઉદ્‌ગાર આવે પ્રસંગે, ઈશ્વર જે નાખે તે આફતો સહન કરી લેવાના અને ઈશ્વરની આકરામાં આકરી કસોટીમાં પરાજિત ન થવાના દૃઢ નિશ્ચયની પ્રતીતિ આપતા.

આ વૃદ્ધ દંપતી પર પડેલા સર્વ આઘાતોમાં આખરનો આઘાત તે દૌહિત્ર પ્રેમલનું મૃત્યુ. અનેક ઉપચારો છતાં ટાઈફૉઈડ વધતો જ ગયો અને છેવટ મૃત્યુની રાત્રી આવી. ડાક્ટર, નર્સ અને બે મિત્રો જાગતા હતા. મધ્યરાત્રિ વીત્યા પછી એક પ્રહરે પ્રેમલનું મૃત્યુ પ્રતિ પ્રયાણ ત્વરિત થવા લાગ્યું. એ છેલ્લી ક્ષણે વૃદ્ધ નરસિંહરાવ અને વૃદ્ધ સુશીલાબહેન—બે પુત્રીઓને અને એક પુત્રને ગુમાવીને દુઃખી થઈ ચૂકેલાં આ બંને—પ્રેમલની મૃત્યુશય્યા પાસે આવ્યાં. પ્રેમલનું મુખ દેખાય તે રીતે બંને અડોઅડ ઊભાં રહ્યાં. પ્રેમલ ગયો,—અને આ દંપતી એ ક્ષણે ન રડયાં, ન બીજું કાંઈ બોલ્યાં. માત્ર એક પ્રભુસ્મરણમય છેલ્લો આશીર્વાદ દૌહિત્રને આપ્યો: 'પ્રેમલ, તું પ્રભુના દરબારમાં જાય છે; ત્યાં સુખી રહેજે.' બસ; આ આશીર્વચન મંદ સ્વરે ઉચ્ચારીને બંને જણાં શાન્તિથી, ધીમે પગલે, પોતાના સૂવાના ઓરડામાં ગયાં, પોતપોતાની પથારીમાં સૂતાં, અને સૂતાં તે સૂતાં. ત્યાંથી ફરીથી સાજાંસમાં ઊઠયાં જ નહિ. પરવશ, શય્યાગ્રસ્ત સ્થિતિમાં, અન્યોન્યની ચિંતા કરતાં, મરણ પામેલાં બાળકોનું સ્મરણ કરતાં, પ્રભુની પ્રાર્થના કરતાં, એ બંને, એક પછી એક, પ્રભુધામમાં સિધાવ્યાં.

શ્રી નરસિંહરાવે તથા શ્રી કેશવલાલ ધ્રુવે ૧૯૩૩માં ૭૫મા વર્ષમાં પ્રવેશ કર્યો એ પ્રસંગે એમની બંનેની જયંતી ઊજવવાનું અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (ગુજરાત વિદ્યાસભા)એ ઠરાવ્યું. દરમ્યાન પ્રેમલ મરણ પામ્યો હતો. ૧૯૩૪ના જાન્યુઆરીમાં ઊજવવી ધારેલી જયંતી ઊજવી શકાઈ નહિ, ને ૧૯૩૪ના મે-જૂનમાં 'બુદ્ધિપ્રકાશ'નો ખાસ અભિનંદન અંક કાઢીને એ બંનેને સમર્પિત કર્યો. વીલેપારલે સાહિત્ય સભાએ પણ અભિનંદન મોકલ્યાં. ખારની સાહિત્યસભાએ ખાસ મેળાવડો કર્યો, એ પ્રસંગે નરસિંહરાવે કહ્યું હતું: 'મુનશીએ મને ગુજરાતી સાહિત્યનો ભીષ્મપિતામહ કહ્યો છે. એ નામને હું યોગ્ય હોઉં કે ન હોઉં, પણ આ પ્રસંગ પૂરતું કહું છું કે કોઈ અર્જુન બાણાવળી બાણશય્યા રચશે તો તે પર સૂઈ જવા હું તૈયાર છું. માત્ર ઉત્તરાયણની રાહ જોતો રહીશ.' એ પછી એક ઉત્તરાયણ આવી અને ગઈ. સુશીલા ગયાં. નરસિંહરાવની બાણશય્યા લંબાઈ, બીજી ઉત્તરાયણ આવી. અને બરાબર એ ઉત્તરાયણને જ દિવસે, ૧૯૩૭ના જાન્યુઆરીની ૧૪મી તારીખે પ્રભાતમાં, નરસિંહરાવે દેહ છોડયો. ગુજરાતી સાહિત્યના ભીષ્મપિતામહનું પદ પુરવાર કર્યું.

નરસિંહરાવ ગુજરાતી સાહિત્યમાં પ્રથમ કવિ તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા. એમનાં, અંગ્રેજીમાં જેને 'લિરિક' કહે છે તેવાં ઊર્મિકાવ્યો, ગુજરાતીમાં એક નવું પ્રસ્થાન કરનારાં હતાં. ત્યાર પહેલાંના કવિઓનાં કાવ્યો કરતાં તે અનેક રીતે જુદાં પડતાં હતાં. પ્રકૃતિનું સ્વતંત્ર રીતે રસજ્ઞ દૃષ્ટિથી ગાન, માનવના હૃદયગત ભાવો અને પ્રકૃતિનાં તત્ત્વોનો સમન્વય, સમાજમાં વિધવાની દશાનું, બાળલગ્ન વગેરે કુરૂઢિઓની ભોગ બનેલી સ્ત્રીની અવદશાનું સમભાવી દ્રવીભૂત હૃદયથી કરેલું આલેખન, એ એમના કાવ્યવિષયો નવા હતા. એના વાહન તરીકે સ્વીકારેલી શિષ્ટ, સંસ્કૃતસુભગ એમની ભાષાશૈલી નવી હતી; પાશ્ચાત્ય સાહિત્યના સંપર્કથી વિકસેલી કવિતાદૃષ્ટિ અને સમર્પણરીતિ નવી હતી. એ એમનાં કાવ્યોના ત્રણ સંગ્રહો પ્રકટ થયા: 'કુસુમમાળા' ૧૮૮૭માં, 'હૃદયવીણા' ૧૮૯૬ માં, અને 'નૂપુરઝંકાર' ૧૯૧૪માં. નલિનકાન્તના મૃત્યુથી શોકક્ષુબ્ધ થયેલું કવિ-હૃદય અન્ય દિશામાં વળ્યું અને મૃત્યુની, દુઃખની, શ્રદ્ધાની, ધર્મની તાત્ત્વિક પણ કવિત્વરીતિની સમીક્ષા કરતું 'સ્મરણ-સંહિતા' નામનું એમનું કરુણપ્રશસ્તિ-કાવ્ય ૧૯૧૫માં પ્રકટ થયું. આ ઉપરાંત ભગવાન બુદ્ધના ચરિતને આલેખતું વિસ્તીર્ણ કાવ્ય રચવાની નરસિંહરાવની ઈચ્છા હતી. તે તો સંપૂર્ણરીતે સફળ ન થઈ, પણ સર એડ્‌વિન આર્નોલ્ડની જગમશહૂર કાવ્યકૃતિ 'The Light of Asia'ને આધારે રચાએલાં, બુદ્ધના જીવન અને ઉપદેશના છૂટકછૂટક પ્રસંગોનાં ખંડકાવ્યો એમણે રચ્યાં હતાં, તેનો સંગ્રહ 'બુદ્ધચરિત' ૧૯૩૪માં પ્રકટ થયો.

સાથોસાથ તેઓ ગુજરાતી સાહિત્યના સહાનુભૂત ચિકિત્સક તરીકે અનેક લેખો માસિકોમાં—મુખ્યત્વે સદ્‌ગત આનંદશંકરભાઈના 'વસન્ત'માં લખતા. ગુજરાતી ભાષાની જોડણી શાસ્ત્રીયરીતે કેવી હોવી જોઈએ, મૂળ એ શાસ્ત્રીય હતી તેમાંથી કેવી રીતે કૃત્રિમરીતે અશાસ્ત્રીય રૂપ પામી, એ વિષયોની વિસ્તીર્ણ અને વિદ્વત્તાભરી ચર્ચા ગુજરાતી સાહિત્ય પરિષદ સમક્ષ નિબંધ રૂપે એમણે રજૂ કરી હતી. અત્યારે એમની જોડણીપદ્ધતિ લોકે સ્વીકાર પામી નથી, છતાં ભાષાશાસ્ત્રના અભ્યાસી અને સ્વતંત્ર નિષ્પક્ષપાત દૃષ્ટિથી જોનારા પંડિતો એ જોડણીની શાસ્ત્રીયતા સ્વીકારે છે. જે નાટકો પ્રેમાનંદે રચ્યાં નહોતાં છતાં પ્રેમાનંદને નામે ચડાવી દેવાયાં હતાં એની સામે નરસિંહરાવે હિંમત, સત્યનો આગ્રહ અને વિદ્વત્તાભર્યો પરિશ્રમ સેવીને જે લાંબી લડત ચલાવી એ ગુજરાતી સાહિત્યમાં મશહૂર છે. ને આખરે આજે એમની એ લડતને સંપૂર્ણ સફળતા મળી છે; એ નાટકોને પ્રેમાનંદની કૃતિ તરીકે હવે વિદ્વાનો કબૂલ રાખતા નથી.

એમના પ્રકીર્ણ ગદ્યલેખો કવિતાસમીક્ષા, છન્દરચના, ભાષાશુદ્ધિ, ભાષાની ઉત્પત્તિ, સાહિત્યની મીમાંસા વગેરે અનેક વિષયો-

માં અવગાહન કરનારા હતા. ઊંડું અવલોકન, અંગઉપાંગની વ્યાપક વિસ્તીર્ણ ચર્ચા, સત્યનું નીડર અને ભારપૂર્વક સમીક્ષણ, એ ગુણોથી અંકિત એમના એ લેખોના ચાર સંગ્રહો 'મનોમુકુર' નામથી અમદાવાદની ગુજરાત વિદ્યાસભાએ પ્રકટ કર્યા છે.

અને ગુજરાતના અનન્ય, પ્રમાણભૂત ભાષાશાસ્ત્રી તરીકેનું એમનું ગૌરવવંતું કાર્ય 'Gujarati Language and Literature'ના બે ભાગોમાં પ્રકટ થયું છે. આ પુસ્તકમાં જે સામગ્રી છે તે મુંબઇ યુનિવર્સિટીના Wilson Philological Lectures તરીકે ભાષણરૂપે પ્રથમ રજૂ થઈ હતી. એવી જ બીજી વ્યાખ્યાનમાળા—ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળા—એમણે એ જ યુનિવર્સિટીની વ્યવસ્થા નીચે આપી હતી, તે પણ ગ્રંથ રૂપે પ્રકટ થઈ છે.

પ્રથમ ઇ. ૧૯૨૯માં 'ગુજરાત' માસિકમાં લેખમાળા રૂપે આવેલાં, તે અગાઉની અર્ધી સદીની રસમય મૂર્તિઓનો પરિચય કરાવતાં એમનાં આલેખેલાં શબ્દચિત્રો, 'સ્મરણમુકુર'ના નામે પ્રકટ થયાં. લેખવિષય વ્યક્તિઓના ગુણદોષની સ્પષ્ટ માર્મિક રજૂઆતને કારણે એ લેખમાળા પ્રકટ થઈ ત્યારે બહુ ચર્ચાસ્પદ બની હતી. કેટલાકને એમાં સુરુચિનો અભાવ જણાયો હતો. એ વિશે નરસિંહરાવે ગ્રંથનિવેદનમાં કહ્યું છે કે 'આ ચિત્રોમાં દર્શન કરવામાં કોઈપણ વ્યક્તિને કે વર્ગને આઘાત કરવાનો ઉદ્દેશ મ્હારો અણુમાત્ર હતો નહિ. છતાં કોઇને ક્ષોભ થયો હોય તો હું નિરુપાય છું.'

'વસન્ત'માં પ્રથમ 'જ્ઞાનબાલ' સંજ્ઞાથી પ્રકટ થયેલી લેખમાળા 'વિવર્તલીલા'એ, તત્વચિંતનને આકર્ષક કલ્પનામય હૃદયદ્રાવક શૈલીથી રજૂ કરનારો ગ્રન્થ આપણા સાહિત્યના કાવ્યમય ગદ્યગ્રન્થનું સૌથી પહેલું ઉદાહરણ છે. છેક છેલ્લી માંદગીમાં રચાએલી 'તરંગલીલા', મરણપથારીએ પડેલા યોદ્ધાના સાહિત્યક્ષેત્રમાં ઝઝૂમતા રહેવાના દૃઢ નિશ્ચયનું પરિણામ છે.

કવિ તરીકે કોમલ હૃદયી, પતિ અને પિતા તરીકે અત્યન્ત પ્રેમલ, મિત્ર તરીકે સદા શ્રદ્ધેય અને સ્નેહલ, ભાષાશાસ્ત્રી તરીકે કીર્તિને ઉજ્જ્વલ શિખરે પહોંચેલા, એવા નરસિંહરાવ વિવેચક તરીકે કડક હતા. એમની ગુણપરીક્ષા આકરી હતી. એમનું દોષદર્શન તડ અને ફડ કરનારું હતું. વાતચિતમાં પણ ગમે તેવો મહાપુરુષ ભૂલ કરે તો તરત કાન પકડાવતા. છતાં એમના માનસને ન્યાય કરવાની દરકાર હોય તો કહેવું જ પડે, કે લેખકો, પોતે કરેલી ભૂલ, એ ખરેખર ભૂલ છે એવો ખુલ્લો સ્વીકાર કરવાને બદલે બચાવ કરીને છટકવા ઈચ્છે, તેથી તેમની કડકાઇ વધતી જતી હતી. રૂબરૂમાં, અંગત સંપર્કમાં એમની વાત સ્વીકારે, એમની દલીલોના બળને વશ થાય, એમના પ્રત્યે વિવેકથી ને એમને અણગમતી બને એટલી પોચાશથી વર્તે, છતાં માસિકોમાં એમની વિરુદ્ધ લખવામાં સૌજન્ય પણ ભૂલી જાય એવા એ વખતે ઘણા હતા. અને એવાઓ પ્રત્યે એમને ચીડ ચડતી. પરિણામે એમની ઉગ્રતા વધતી. સત્યસંશોધન સર્વ સાહિત્યકારોનો ધર્મ છે. તે ક્ષણભર, આત્મરક્ષણ કાજે, વીસરી જઇને અસત્યનો કે સત્ય–અસત્યના સંદિગ્ધભાવનો આશ્રય લેવાય એ તેઓ સહન કરી શકતા નહિ. પરિણામે એમની જ માફક સાહિત્યના ક્ષેત્રમાં યુવાનોને શરમાવે તેવો સતત અભ્યાસ ચાલુ રાખનાર આજે ભાગ્યે જ જોવામાં આવે છે. એવી અવિશ્રાન્ત પાંડિત્યપૂર્ણ વિદ્યોપાસનામાં નિમગ્ન રહેનાર, એવા એક બે સાહિત્યધુરંધરો સાથે તેમને આજીવન સંઘર્ષ રહ્યો હતો; અને છતાં એમની વિદ્વત્તા, એમની વત્સલતા, અનેક આપત્તિઓની કસોટીએ ચડીને પાર ઊતરેલી એમની ઈશ્વરશ્રદ્ધા ઈત્યાદિ ગુણોએ એમને મિત્રોની ખોટ નહોતી રહેવા દીધી. ભાષાશાસ્ત્રને અંગે અનેક પાશ્ચાત્ય પંડિતોના સંપર્કમાં એઓ આવ્યા હતા. કાકા કાલેલકર અને પૂજ્ય ગાંધીજી જોડે એમનો સ્નેહભર્યો સંબંધ અવિચ્છિન્ન રહ્યો હતો. અનેક ઊગતા લેખકો એમની પાસે બેસીને જ્ઞાનના અને અનુભવના સદ્‌બોધ મેળવી જતા. અનેક ઊગતા લેખકોની–કવિઓની યોગ્ય ગુણપરીક્ષા કરીને જાહેર કદર એમણે કરી હતી. શ્રી મુનશી કૃત નવલકથા 'ગુજરાતનો નાથ', શ્રી ઉમાશંકર જોષી રચિત ખંડકાવ્ય 'વિશ્વશાન્તિ', સ્વ. બોટાદકર કૃત કાવ્યસંગ્રહ 'શૈવલિની' વગેરેનાં ગુણદર્શનો આનાં પ્રમાણ તરીકે મોજૂદ છે.

એમને મળવા આવનારામાં, એમની વિદ્વત્તાનો લાભ લેવા ઈચ્છનારામાં, પરપ્રાન્તીય પંડિતો પણ હતા. એવા એક પંડિત, ૧૩મી જાન્યુઆરી ૧૯૩૭ને રોજ સવારે, નરસિંહરાવના નિવાસસ્થાન 'મરીન વિલા'માં આવ્યા. કંપાઉંડમાં જે ઊભા હતા તેમને એમણે પૂછ્યું: 'Can I meet Shri Narsingrao Divatia?'

પણ એ જ તારીખે, સંક્રાન્તિના એ દિવસની જ પ્રભાતે, ગુજરાતી સાહિત્યના આ નરસિંહનો આત્મા અમર ધામ પ્રત્યે સંક્રાન્તિ કરી ચૂક્યો હતો.

સ્મરણ-કણિકાઓ

લેખિકા · સૌ. કુરંગીબહેન દેસાઇ
(સ્વ. નરસિંહરાવનાં દૌહિત્રી—પુત્રી લવંગિકાનાં પુત્રી)

એક વાર રાત્રે જમીને અમે બધાં વાતો કરતાં બેઠાં હતાં. સ્વ. નરસિંહરાવભાઈ તે વખતે આખરી માંદગીમાં પથારીવશ હતા. મને એમણે વાતમાં ને વાતમાં પૂછ્યું: 'માધવી, તેં મહાભારત વાંચ્યું છે?' મેં કહ્યું, 'ગુજરાતીમાં 'લઘુ મહાભારત' અને 'મહાભારત કથા' વાંચ્યાં છે.' તે વખતે મારી ઉમર તેરચૌદ વરસની હશે. પછી પૂછ્યું, 'પેલા અગસ્ત્ય મુનિના શાપથી અજગર થઇ ગએલા ને યુધિષ્ઠિરના જવાબોથી મુક્ત થએલા રાજાનું નામ યાદ છે?' મેં કહ્યું 'ના'.

વાત પૂરી થઇ. પછી બીજી થોડી વાતો કરીને અમે બધાં સૂઈ ગયાં.

રાતમાં બેએક વાગ્યે એમની સારવાર માટે રાખેલી નર્સે મને ઉઠાડી: 'માધવીબહેન, દાદાજી બોલાવે.' હું તો ગભરાઈ કે તબિયત વધુ બગડી કે શું? વહેલીવહેલી તેમની પાસે ગઇ ને પૂછ્યું: 'શું છે?'

ખૂબ ઉત્સાહપૂર્વક તેમણે જવાબ આપ્યો: 'માધવી, મને યાદ આવ્યું! પેલા રાજાનું નામ નહુષ!'

સ્વ. નરસિંહરાવભાઇ આગ્રહી સ્વભાવના હતા એ તો બધાં જાણે છે. પણ એ આગ્રહી સ્વભાવની પાછળ એક જાતની જે નિખાલસતા રહેલી હતી તે વિષે ઘણાં ઓછાં જાણતાં હશે. નાનું બાળક પણ કોઇ બાબતમાં નવો દૃષ્ટિકોણ રજૂ કરે તે જો તેમને સાચો લાગે તો તેઓ સ્વીકારતા. તેનો મને સરસ અનુભવ થયો હતો.

તેઓ એમ માનતા કે ગરબામાં ફરતી વખતે હાથની તાળી સાથે પગના ઠેકાથી તાલ પુરાવવો એ આધુનિક વસ્તુ છે; તેમને એમાં કંઈક નૃત્યનો લટકો લાગતો, અને તેથી એ રીતે પગનો ઠેકો દેવો તે એમને અછકલાપણાની નિશાની લાગતી.

લગભગ તેરચૌદ વર્ષની ઉમરે એક વાર મને વિચાર આવતાં મેં પૂછ્યું: 'દાદાજી, ગરબો ગાતાં પગનો ઠેકો દેવો એને તમે નવા જમાનાનું ચિહ્ન ગણો છો, ખરું ને?'

'હા. અમારા વખતમાં કોઈ એમ નાચતાં નહોતાં.'

મેં પૂછ્યું: 'પણ ત્યારે, કવિ દયારામના ગરબામાં "તાળી દેતાં વાગે ઝાંઝર ઝમખાં રે લોલ" એમ કેમ આવતું હશે ? એ વખતમાં તાળી સાથે પગનો ઠેકો ના દેવાતો હોત, તો એ આવું કેમ લખત ?'

થોડી વાર વિચાર કરી તેમણે કહ્યું, 'તારી વાત તો ખરી લાગે છે ! મૂળ એ રિવાજ હશે ખરો, પણ કંઈ અસંસ્કૃત associationsને લીધે બંધ થયો હશે.'

એકવાર સ્વ. ચંદ્રશંકર પંડ્યાએ એમને ખૂબ ગંભીરતાથી પૂછ્યું: 'આપ શું ધારો છો ? 'સિતાર' શબ્દ ખરો હશે કે 'સતાર' ?

ભાષાશાસ્ત્રી નરસિંહરાવે જવાબ આપ્યો : 'સુતાર'!

નરસિંહરાવભાઇ સાધારણરીતે જાહેરમાં કોટ-પાટલૂન-હૅટ વગેરે પહેરતા, પણ ઘરમાં ધોતિયું ને પહેરણ પહેરતા. સાંટાક્રુઝમાં રહેતા હતા ત્યારે પાસે જ કોઇને મળવા જવું હોય તો ધોતિયું અને પહેરણ ન બદલતાં, પહેરણ ઉપર જ હાફકોટ ચડાવી દેતા.

એક સવારે એવી રીતે ધોતિયું ને હાફકોટ પહેરી તે નીકળતા હતા, એટલામાં તેમને તડકો લાગવાની બીક લાગી. 'અત્યારે પાટલૂન કોણ પહેરે ?' એમ કરી ધોતિયું બદલ્યા વિના જ તડકાથી બચવા માથે હૅટ ચડાવી. રસ્તામાં કોઇ મળ્યું;તે કહે: 'આ શું નન્નુભાઈ ? ધોતિયા ઉપર હૅટ પહેરી ?'

નરસિંહરાવભાઈ બનાવટી ગંભીરતાપૂર્વક બોલ્યા:'ના, જુઓને; હૅટ તો હૅટને ઠેકાણે જ પહેરી છે—ને ધોતિયું એને ઠેકાણે.'

સામાન્ય વાતચિતોમાં પણ વધારેપડતી ગંભીરતા આવી જતાં તેઓ એકાદી મશ્કરીથી વાતાવરણને હળવું કરી દેતા. એક વાર એક મ્યૂઝિયમના વ્યવસ્થાપક સાથે અનેક વિષયની વાતચિતચાલતી હતી. એકાએક એ ભાઇએ પૂછ્યું; Are you interested in coins Mr. Divetia ? (આપને સિક્કાઓમાં રસ ખરો, શ્રી દિવેટિયા ?)

જવાબ મળ્યો : 'Yes; on the first of every month ! ('હા; દર માસની પહેલી તારીખે !)'

એમને વિષે સામાન્ય રીતે એવી માન્યતા હતી કે પોતાના વિદ્યાર્થીઓને પોતાના વ્યક્તિત્વ નીચે તે દબાવી દેતા. એટલું ખરું કે એમનું વ્યક્તિત્વ એવું જબરું કે સાધારણ વિદ્યાર્થી તો દબાઈ જ જાય. પણ એકવાર કોઇ પણ વિદ્યાર્થીમાં શક્તિ જોઈ, કે તેને ઉત્તેજન આપવામાં મિનિટનો પણ વિલંબ કરતા નહિ. એક વાર એક વિદ્યાર્થીએ એમ.એ.ની પરીક્ષામાં ભાષાશાસ્ત્રના વિષયમાં એવા તો સરસ જવાબો લખ્યા કે નરસિંહરાવભાઇ જેવા ચોક્કસ પરીક્ષકે તેમને ૧૦૦માંથી ૮૨ માર્ક આપ્યા; અને તે વિદ્યાર્થીએ ગુજરાત કૉલેજમાં ગુજરાતીના પ્રોફેસરની જગ્યા માટે અરજી કરેલી હોવાનું જાણતાં જ, તે વિદ્યાર્થીએ તેમને કહ્યું પણ નહોતું છતાં, તે વિદ્યાર્થીને એ જગ્યા આપવા માટે પોતે જોરદાર ભલામણ કરી. 'શિષ્યાત્ ઇચ્છેત્ પરાજયમ્' એ સૂત્ર પ્રમાણે તેઓ બહુ ગર્વથી કહેતા કે 'એ વિદ્યાર્થી જેવો ભાષાશાસ્ત્રનો પેપર તો હું પણ ન લખી શકું.'

શ્રી કાકાસાહેબ કાલેલકર એક વાર એમને મળવા આવ્યા. મ કાકાસાહેબને મારી ઑટોગ્રાફ બુક આપી ને એમાં કંઈક લખવા વિનતિ કરી. કાકાસાહેબે લખ્યું: हृदयेन हि सत्यं जानाति । (હૃદયથી જ તે સત્ય જાણે છે). દાદાજીએ મારા હાથમાંથી ચોપડી લઇને વાંચ્યું: हृदये नहि सत्यं जानाति। (હૃદયમાં તે સત્ય જાણતો નથી)।

કાકાસાહેબ ખડખડાટ હસી પડ્યા !

ઓગણીસમી સદીના આખરના ભાગમાં સરકારી નોકરીમાં રહેનારા વર્ગના લોકોમાં સ્વદેશાભિમાન પ્રગટરીતે બતાવવાની, એ તે પણ ઉપરીની વિરુદ્ધ પડીને બતાવવાની હિંમત ખાસ જણાવામાં આવી નથી. તેમાં પણ વિશેષ કરીને આબરૂદાર ઉપલા સામાજિક થરના કુટુંબના, અમલદારની પદવી સુધી પહોંચ્યા હોય એવા ગૃહસ્થોમાં તો કદાચ ઘણી ઓછી હશે. એ જમાનામાં નરસિંહરાવને કસોટીનો પ્રસંગ આવ્યો હતો. એક જાહેર પુસ્તકાલયમાં લોકમાન્ય તિલકની છબી મુકાઈ. સરકાર તરફથી એ પુસ્તકાલય ઉપર રાજદ્રોહના આરોપસર કેસ મંડાયો. એ કેસનો ચુકાદો આસિસ્ટંટ કલેક્ટર તરીકે નરસિંહરાવભાઇએ આપવાનો હતો.

બીજા અમલદારોનું વલણ સ્પષ્ટ હતું. શો ચુકાદો હોવો જોઇએ તેની ખાનગી સૂચના, મોઘમ રીતે, કમિશ્નરે નરસિંહરાવભાઈને મોકલી દીધી હતી. પણ એમણે તો પોતાની ન્યાયબુદ્ધિને જ સંતોષ આપ્યો, અને લોકમાન્ય તિલકની છબી રાખવાનો જાહેર સંસ્થાનો હક કબૂલ રાખી પુસ્તકાલયના સંચાલકોને નિર્દોષ ઠરાવ્યા.

ગાંધીજીનો અને નરસિંહરાવભાઈનો પરિચય 'લીડ કાઈન્ડલી લાઇટ' નામના અંગ્રેજી ભજનનો અનુવાદ (પ્રેમળ જ્યોતિ તારો દાખવી) એમણે ગાંધીજીને કરી આપ્યો ત્યારથી શરૂ થએલો. ત્યાર પછી જ્યારે નરસિંહરાવભાઇ અમદાવાદ જાય ત્યારે અચૂક ગાંધીજીને મળતા. મુંબાઇમાં પણ મળવા જતા. ગાંધીજીએ પણ મુંબાઇમાં નરસિંહરાવભાઈને ત્યાં આવવાના પ્રસંગો શોધેલા. ઘણાને આ સંબંધથી નવાઇ લાગતી; કારણકે રાજકીય બાબતોમાં ગાંધીજી સાથે એમને તીવ્ર મતભેદ હતો. છતાં, એમની જૂની રોજનિશિમાંથી આપણે જોઇ શકીએ છીએ કે એમને ગાંધીજી તરફ માત્ર સદ્ભાવ જ નહિ, પણ અત્યંત આદર હતો. એનો એક પ્રસંગ નોંધવા લાયક છે. ૧૯૧૬માં એક વાર ગાંધીજી નરસિંહરાવભાઇને રહેઠાણે ગયા અને પોતાની રીત પ્રમાણે જમીન ઉપર બેસી ગયા. તે વખતે નરસિંહરાવભાઈએ કહ્યું કે 'આપ આમ કરો, તો મારે તો જમીનમાં ખાડો ખોદીને જ બેસવું પડે !'

ગાંધીજી હસતા હસતા ખાટલા ઉપર બેઠા.

નરસિંહરાવભાઇ મુંબાઈના એક પરામાં નિવૃત્ત જીવન ગાળતા હતા. પૂ૦ ગાંધીજી સાથે તેમને ૧૯૧૫-૧૬ની સાલથી પરિચય હતો, અને રાજકીય વિચારોમાં બે વચ્ચે આસમાન જમીનનો ફેર હતો. છતાં જેમજેમ ગાંધીજી સાથેનો પોતાનો પરિચય વધતો ગયો, હતો, તેમતેમ નરસિંહરાવભાઇને એમના પ્રત્યે આદર વધતો જતો હતો. તે આદર અંગતરીતે તો વ્યક્ત કરતા જ; પણ હવે તેમને એ આદર ગાંધીજીની પોતાની સમક્ષ વ્યક્ત કરવાની ઇચ્છા થઈ હતી.

તેવામાં ગાંધીજી વીલેપાર્લેની રાષ્ટ્રીય શાળામાં આવ્યા, એ જાહેર સભામાં સ્વ. નરસિંહરાવભાઈ ગયા. સભા પૂરી થતાં ગાંધીજીને મળવા આવ્યા અને એક પરબીડિયું તેમના હાથમાં મૂક્યું. ગાંધીજીએ તે ઉઘાડ્યું તો અંદર લખેલું હતું :

यत्र योगेश्वरो गांधी वल्लभश्च धुरंधरः।
तत्र श्रीर्विजयो भूति र्ध्रुवा नीतिर्मतिर्मम॥
(જ્યાં યોગેશ્વર ગાંધી છે, ને ધુરંધર વલ્લભ,
ત્યાં શ્રી, વિજય, ને કીર્તિ, નક્કી, મારી મતિ કહે.)

ગાંધીજીએ એ વાંચીને હસતાંહસતાં કહ્યું : 'વલ્લભભાઇને તમે ઠીક બળદિયા બનાવી દીધા !' (ધુરંધર=ધૂંસરી ધારણ કરે તે. એનો અર્થ 'મોટો નેતા' એમ પણ થાય અને 'બળદ' પણ થઈ શકે.)



પચ્ચીસ વર્ષ પહેલાં



અંક ૨૧ ભાદરવો ૧૯૮૧ (સપ્ટેમ્બર ૧૯૨૫)

ભાદરવા માસમાં આવતી ગાંધીજીની જન્મતિથિ નિમિત્તે એ અંકના મુખચિત્ર તરીકે આપેલા શ્રી રાવળે કરેલા એમના જે રેખાંકનની નાની પ્રતિકૃતિ અહીં આપી છે તે ચિત્ર ખૂબ લોકપ્રિય થએલું. દેશભક્તિના ચઢતા જુવાળના એ કાળમાં, એ અંકમાં કૉંગ્રેસના આદિ સ્થાપકોમાંના એક, અને એક સમયે પોતાની ગર્જનાઓથી સમસ્ત દેશને ગજવનાર સુરેન્દ્રનાથ બૅનરજીનું ચરિત્ર હતું, તે સદા સ્મરણ યોગ્ય હોઈ એનો સાર ભાગ ઉતારીએ છીએ.



ઈ. ૧૯૨૫ના ગાંધીજી

“કલકત્તાની અંગ્રેજ છોકરાઓ માટેની ડવટન કૉલેજના મેદાનમાં એક ચબરાક હિંદુ વિદ્યાર્થી આવતો-જતો દેખાય છે એ કોણ છે? કૉલેજના વાર્ષિક મેળાવડાઓમાં દર વરસે જે ફરીફરીને ગંભીર ગૌરવથી ઇનામો જીતી લઈ જાય છે તે જ એ સુરેન્દ્ર બૅનરજી.

એ બી.એ.માં પાસ થતાં કૉલેજના પ્રિન્સિપાલ સાઇમે એના જાજ્વલ્યમાન સ્વભાવ અને બુદ્ધિશક્તિથી મોહ પામી એના પિતાને સૂચવ્યું કે એને આઈ.સી.એસ. થવા વિલાયત મોકલવો. દાક્તર દુર્ગાચરણ પોતાના પુત્રને મહાન જોવા તૈયાર હતા.

નવયુવક સુરેન્દ્ર એ પરીક્ષામાં પાસ થયો; પણ અંગ્રેજ પરીક્ષકોએ એને ઉમરનો બાધ કાઢી હિંદી અમલદાર થવા માટે ચૂંટયો નહિ. પણ અજબ શ્રદ્ધા અને સ્વમાન ધરાવનાર સુરેન્દ્રે પોતાની વય હિંદુ રીત મુજબ ગણવાથી કાયદેસર છે એ અદાલતમાં કેસ ચલાવી પુરવાર કર્યું. અને સુરેન્દ્રનાથે આસામના સીલહટ નગરના આસિસ્ટન્ટ મૅજિસ્ટ્રેટ તરીકે હિંદુસ્તાનને કાંઠે સગર્વ પગ મૂકયો.

પરંતુ સરકારની નજર સારી ન હતી. તેણે એમની કારકિર્દીમાં દૂષણો કાઢયાં અને એક ‘કમિશન’ બેસાડયું. સુરેન્દ્રનાથે આ ‘કમિશન’ની બેઠક ખુલ્લે બારણે જાહેરમાં ચલાવવા માગણી કરી, પણ સરકારે તે ન માની. તેને બંધબારણે ‘અપરાધી’ ઠરાવ્યા અને માસિક ૫૦ રૂપિયાનું પેન્શન દઇને ‘સિવિલ સર્વિસ’માંથી બરતરફ કર્યા!

હવે તેઓ બૅરિસ્ટર બનવા ફરી વિલાયત ઉપડયા ને એ પરીક્ષા દીધી. પણ બરતરફ થએલા સરકારી અમલદારોને એ ‘કાળો ઝભ્ભો’ આપવામાં નથી આવતો એ રૂએ સુરેન્દ્રનાથ બૅરિસ્ટર થઈ શકયા નહિ! કાળજાતૂટ અભ્યાસ પછીનો આ બીજો ઘા કારી નીવડયો.

પણ સુરેન્દ્રનાથનો જુસ્સો જબરો હતો. હિંદીઓને કાયદેસર થતી આ અડચણોથી તેણે વિચાર્યું, કે મારા જેવા અનેક હિંદીઓની મુશ્કેલીઓ દૂર કરવા, આજ સુધી જે મેં જાત માટે કર્યું તે હવે દેશ માટે કરીશ. એમ કરતાં સરકારથી લડવું પડે તો તેમ પણ કરીશ.

શરૂઆતમાં તેઓ મહાન સંસારસુધારક ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની ‘મેટ્રોપૉલિટન ઇન્સ્ટીટયૂટ’માં બસો રૂપિયાના દરમાયાથી અધ્યાપક નીમાયા. ત્યારબાદ કલકત્તાના બાઉ બજારમાં આવેલી એક નાની શાળાનું આખું તંત્ર પોતાના હાથમાં લઇ તે ચલાવવી શરૂ કરી. અને પ્રો૦ સુરેન્દ્રનાથ વિદ્યાર્થીઓમાં એટલા તો પ્રિય થઇ પડયા કે વાતવાતમાં આ નાની શાળા ભવ્ય ‘રિપન કૉલેજ’ બની ગઈ.

સરકાર શિક્ષણના અમુક હક પોતાને હાથ રાખી ખાનગી શાળાઓને ‘ગ્રાન્ટ’ આપે છે. એવી કોઇ પ્રકારની સહાય ન લેતાં સુરેન્દ્રનાથે આખી કૉલેજને પોતાના ખર્ચે સ્વતંત્ર પણે નભાવી. યુવકોની કેળવણીનું સુકાન વરસો સુધી ચલાવ્યા પછી એમણે જ્યારે એ સંસ્થા આખરે પ્રજાને હાથ સોંપી તે વેળા તેમાં પુસ્તકાલય, પ્રયોગશાળા અને ફર્નીચર ઉપરાંત ૨૫,૦૦૦ રૂ. જેટલી રોકડ રકમ હતી.

ઊગતી પ્રજાના આચાર્યનું આ સંગીન કામ કરીને પછી તે રાજપુરુષ થયા. હિંદી રાષ્ટ્રીય મહાસભા સ્થપાઇ તે અગાઉ આઠેક વરસે, એટલે ઈ.સ. ૧૮૭૬માં સુરેન્દ્રનાથે પોતાના સાથી આનંદમોહન બોઝની જોડે મળી પહેલવહેલી ‘ઇન્ડિયન એસોસીએશન’ નામની સંસ્થા ઊભી કરી. ૧૮૮૪માં કૉંગ્રેસની સ્થાપના થવાથી એની જોડે ભળી ગયા પછી પણ સુરેન્દ્રનાથ અને તેમની આ સંસ્થાએ એ ધ્યેય પાછળ વીસ વરસ સુધી સખત કામ કર્યું. કૉંગ્રેસની એકેય પ્રવૃત્તિ સુરેન્દ્રનાથ વિનાની ન હતી. તેની સ્થાપનાના દિવસથી તે ઠેઠ ૧૯૧૭ સુધી એમણે તેમાં હમેશાં આગેવાનીભર્યો જ ભાગ લીધો. ૧૮૯૫માં પૂનામાં, અને ત્યાર પછી ફરીથી ૧૯૦૨માં અમદાવાદમાં, એમ બે વાર તેઓ કૉંગ્રેસના પ્રમુખ ચુંટાએલા. એ બંને વખતનાં એમનાં ભાષણો કૉંગ્રેસના ઇતિહાસના ઉજ્જ્વળ સ્થંભ સરખાં છે.

વક્તા તરીકે સુરેન્દ્રનાથની જાદુઈ છટાને લીધે એ હિંદના ડિમૉસ્થિનિસ ગણાયા છે. ઇંગ્લંડ પણ એમનાં વ્યાખ્યાન પાછળ ઘેલું હતું. વિલિયમ પિટનો ઘેરો નાદ, ફૉક્સનું વાણીકૌશલ્ય, બર્કની તાજી ને તેજોમય બાની અને શેરિડનનાં મર્માળાં કટાક્ષ—એ સૌ આ ભાષણકારમાં ભરચક હતાં. ઈટાલીના મૅઝિનીની જેમ તેમની ભાષામાંથી મુશળધાર આગ વરસતી. નરકેસરીની ત્રાડ સરખી તેમની ઘેરી ગર્જનાઓએ અનેકવાર બંગાળને ને હિંદને ધણધણાવ્યું છે. એમનાં ભાષણો પર તો લોકો આફરીન હતા, મોહિત હતા, વારી જતા.

જેટલા સમર્થ વક્તા, તેટલા જ શક્તિવાન એ પત્રકાર હતા. પ્રોફેસર મટીને રાજકારણમાં પડયા ત્યારથી જ પત્રકાર તરીકે પણ એમનું જીવન શરૂ થયું. ૧૮૭૯માં એમણે ‘બંગાળી’ અઠવાડિક સોળસો રૂપિયે ખરીદ્યું અને કલ્પના, લાગણી, અખૂટ બળ, અત્યંત પરિશ્રમ તથા અટલ હીંમત વડે એમણે પત્રને ખીલવ્યું અને લોકપ્રિય બનાવ્યું. ૧૯૦૦માં એ અઠવાડિક મટી દૈનિક થયું અને સોળસો રૂપિયે ખરીદેલું એ પત્ર અંતે એક લાખની કિંમતનું બન્યું! વચમાં થોડો વખત એ બિપિનચંદ્ર પાલે ચલાવ્યું, પણ છેવટે સુરેન્દ્રનાથે ફરીથી તેનું તંત્રીપદ હાથમાં લીધેલું, અને એક જુવાનના જોમથી પોતાના ઘડપણની રહીસહી શક્તિઓ એ તેની પાછળ ખરચી રહ્યા;

તે એટલે સુધી કે છેક પોતાની અંતકાળની માંદગીને બિછાનેથી પણ 'બંગાળી' માટે લેખો લખાવ્યાં હતા.

બંગાળાના ભાગલા પડયા ત્યારથી સુરેન્દ્રનાથ બંગભંગની સામે પડી બંગાળના દેશનેતા અને પ્રબળ પ્રજાનાયક બન્યા. એમણે અસરકારક ભાષણો કરી આખો દેશ ખૂંદ્યો. ચળવળથી સરકાર ન સળવળી એટલે ઇતિહાસપ્રસિદ્ધ પેલો 'બૉયકૉટ'નો પવન એમણે બંગાળને ચારે ખૂણે ફૂંક્યો. હવે સરકાર ચોંકી ઊઠી, એની સત્તા ધ્રૂજી, પણ સુરેન્દ્રનાથનો લોકપક્ષ મજબૂત હતો. લોકોએ કમળકા અને લાડથી એમને સુરેન્દ્રનાથને બદલે 'સરેન્ડર નૉટ' (નમતું નહિ આપનાર) કહીને બોલાવ્યા. આખરે ઘણી ધમાલ પછી સરકારને બંગભંગ ખેંચી લેવો પડયો અને સુરેન્દ્રનાથને લોકોએ 'બંગકેસરી' અને 'બંગાળના તાજ વગરના રાજા'ના ઈલ્કાબથી નવાજ્યા.

પરંતુ ધીમેધીમે જુવાનો લગામ છોડી ગયા. તેઓ કાવતરાં ને બૉમ્બ ફેંકવાનો ધંધો લઈ બેઠા. આ જોઈને સુરેન્દ્રબાબુને દુઃખ થયું. તેમણે બધી હીલચાલ ઠંડી પાડી નાખી. મિદનાપુરની પરિષદમાં જુવાનિયાઓએ તેમની આ નરમાશને ધિક્કારી કાઢી. કૉંગ્રેસમાં વિનીત ને ઉદ્દામ બે પક્ષ પડી ગયા. ૧૯૦૮ની સુરતની કૉંગ્રેસથી વિનીત પક્ષના સુરેન્દ્રનાથની લોકપ્રિયતાનો જુવાળ ઊતરવા માંડયો.

પછી એ બંગાળની ધારાસભામાં ગયા અને ત્યાં સરકારના કેળવણી અને સ્થાનિક સ્વરાજ્ય ખાતાંઓના પ્રધાન બન્યા. એ હોદ્દો એમણે ૧૯૨૩ સુધી ભોગવ્યો. પ્રધાનપદ આપ્યા પછી સરકારે ૧૯૨૧માં એમને 'સર'ના ઈલ્કાબથી પણ નવાજ્યા.

સુરેન્દ્રનાથને આપણે પૂરા નથી પિછાનતા. એ કૉંગ્રેસના અવતારનાર હતા, હિન્દના મૅઝિની હતા. જિંદગીભરની સેવાના પુરાવા સમી પેલી રિપન કૉલેજ તો અનેક વર્ષો સુધી અચળ ઊભી રહેશે. પોતાની જિંદગીનાં ઉત્તમોત્તમ પચાસ વરસની સેવા તેમણે પ્રિય માતૃભૂમિને ચરણે ધરી. એમના જેવા પુરુષો ભારતવર્ષમાં બહુ ઓછા પાકયા છે. અસહકારના યુગમાં તે દેશની સાથે ન રહી શકયા, એટલે તે ભુલાઈ ગયા. પણ હિન્દના સ્વરાજ્ય-મંદિરમાં, સ્વરાજ્યની સાધનામાં જિંદગીની ભેટ ધરી જનારા સેવકોની સ્મરણતસ્વીરો મૂકવાની ઘડી આવે, ત્યારે સુરેન્દ્રનાથ એ માનના સૌથી પ્રથમ અધિકારી બને એટલી મહાન તેમની સેવાઓ છે.'

અન્ય ઉપયોગી લેખો પૈકી 'તમારું માથું દુખે છે?' એ નામના લેખમાંથી નીચેનો ભાગ ઉતારવા જેવો છે:


'માથું દુખવું એ આપણામાં સામાન્ય થઇ પડેલું દરદ છે અને તેના માટે સંખ્યાબંધ દવાઓ વેચાય છે.

આ દવાઓમાં કેટલીક આકરી ઓષધિઓ—જેવી કે ફીનાસેટિન, ઍન્ટિપાઈરિન અને કોલટારમાંથી કાઢેલા બીજા ઝેરી પદાર્થો હોય છે. તે હૃદય ઉપર ખરાબ અસર કરે છે; માટે અનુભવી વૈદકીય સલાહ સિવાય કદી તે વાપરવી નહિ જોઈએ. તેનો વારંવાર ઉપયોગ કરવાથી હમેશનો ફાયદો થતો નથી, પણ ઊલટું નુકસાન થાય છે.

માથાનો દુખાવો કેમ થાય છે, તે જાણવું કામનું છે. પહેલું તો એ કે માથાનો દુખાવો પોતે જ વ્યાધિ નથી, પણ વ્યાધિનું ચિહ્ન છે. આપણા શરીરનો કોઈ પણ ભાગ કામ કરે છે ત્યારે શરીરમાં કેટલોક કચરો ઉત્પન્ન થાય છે. તંદુરસ્ત હાલતમાં આ ઝેરી કચરો લોહી વાટે ખેંચાઈ જાય છે અને મૂત્રાશય, પરસેવો વગેરે દ્વારા બહાર નીકળી જાય છે. જ્યારે આપણે વધુ કામ કરીએ છીએ ત્યારે તે કચરો વધુ પ્રમાણમાં ઉત્પન્ન થાય છે, અને પૂરેપૂરો બહાર નીકળી ન શકવાથી શરીરમાં એકઠો થાય છે. આ ઝેરી પદાર્થને કાઢવાના પ્રયત્નમાં હૃદય લોહીને વધારે જોરથી ધક્કેલે છે. જ્યારે વધુ દબાણથી લોહી મગજમાં ધકેલવામાં આવે છે ત્યારે આપણને માથામાં દુખાવો થાય છે. બજારુ દવાઓ હૃદયને નરમ કરનારી હોય છે તેથી હૃદય ધીમેથી ચાલે છે, અને પરિણામે લોહી મગજમાં ઓછા દબાણથી વહે છે અને દુખાવો બંધ થઇ જાય છે પણ જે કચરાને લીધે હૃદયની ગતિ વધી તે મૂળ કારણ દૂર થતું નથી.

આ ઉપરથી સમજાશે કે દુખાવો એ રોગ નથી. તે માત્ર બતાવે છે કે શરીરમાં કાંઈક બગડયું છે.

મુખ્યત્વે કરીને માથાનો દુખાવો નીચેના ચિત્રમાં જણાવેલાં કારણને લીધે ઉત્પન્ન થાય છે. એમાં જે જગ્યાએ માથું દુખતું હોય તે જગ્યા બતાવીને સામે તેનું કારણ લખેલું છે.



અતિ આહાર એટલે હદ ઉપરાંત ખાવાથી કે હોજરી બગડવાથી માથાનો દુખાવો થાય છે. આ સ્થિતિમાં ખાવાનું ઓછું કરવાથી, એકાદ આછો જુલાબ લેવાથી કે ઉપવાસ કરવાથી આરામ થઈ જશે.

આંખનો શ્રમ: ખરાબ કૃત્રિમ પ્રકાશ કે ભળભાંખળામાં વાંચવાથી, આકરા તેજમાં જોવાથી કે વારંવાર સીનેમા જોવાથી પણ માથાનો દુખાવો ઉપડી આવે છે. એ કારણ દૂર કરવાથી દરદ અટકે છે.

સૂતાં કે બેસતાં તોછડી રીતે માથું રહી જવાથી, બહુ ઊંચું ઘણું નીચું માથું ઘાલી રાખવાથી પણ દુખાવો થાય છે.

કામના આવેગથી કે અતિ શ્રમ લેવાથી આપણાં શરીરમાં ઝેરી દ્રવ્યો ઉત્પન્ન થાય છે. તે તરત બહાર નીકળવા જોઈએ. ઘણી વાર અશુદ્ધ કે બંધિયાર હવાને લીધે પણ માથું દુખે છે. આવા દાખલામાં તાજી હવા અને લાંબો આરામ લેવાથી દુખાવો મટી જાય છે.

કૉફી, ચાહ, તમાકુ અને એવી બીજી કેફી ચીજોનો હદથી બહારે ઉપયોગ કરવાથી પણ માથું દુખે છે. કેટલીક વાર શરીરનું લોહી બગડયું હોવાથી, તો કોઈ વાર આંખની ખામીને લીધે પણ દુખાવો થાય છે. તેવા પ્રસંગે આંખના ડાક્તરની સલાહ લેવી.

યાદ રાખજો કે માથું દુખવું એ પોતે દરદ નથી, પણ દરદની આગમચેતી છે.'



ગોદાવરી તટે નાશિકના ઘાટ · અંદરનું ચિત્ર : નાશિક વચ્ચે વહેતી ગોદાવરી

નાશિક

જમણી બાજુ : નાશિકનું સ્થાન દર્શાવતો નકશો




આ માસમાં કૉંગ્રેસનું આગામી અધિવેશન જ્યાં ભરાવાનું છે તે નાશિકના નામથી તો કોઈ પણ શ્રદ્ધાળુ હિંદી અપરિચિત ન જ હોય. ગોદાવરીને ડાબે કાંઠે આવેલા દંડકારણ્યમાંના રામના વસવાટથી પવિત્ર થએલી આ ભૂમિએ યુગેયુગે નવાં નામો ધારણ કર્યાં છે. કૃતયુગમાં પદ્મનગર, ત્રેતામાં ત્રિકંટક, દ્વાપરમાં જનસ્થાન ને કલિયુગમાં (નાનાં નાનાં નવ શિખરો વચ્ચે વસેલી હોઇ) આ નગરી નવશિખનું અભિધાન પામી, જેનું અપભ્રંશ નાશિક થયું એમ ગનાય છે. મુસલમાની રાજ્યમાં તેને ગુલશનાબાદ એવું નામ પણ અપાયું છે.

વૈષ્ણવ, બૌદ્ધ, શૈવ અને જૈન વગેરે પંથના અનેક ધાર્મિક અને રાજકીય અવશેષો તથા દહેરાંમંદિરથી આ સ્થળ મઢાએલું છે. માળવાના સીથિયન કે પાર્થીયન રાજા નહપાને અહીંના બૌદ્ધ રાજાને હરાવી પોતાનું રાજ્ય સ્થાપેલું. ઈ. સ. ૪૮૦માં અહીં ગુજરાતના ચાલુક્યો અને તે પછી રાઠોડો તથા યાદવો પણ આવી ગયા. અગિયારમા-બારમા સૈકામાં તે જૈન ધર્મનું કેન્દ્ર પણ થયું. ૧૨૯૫માં અલ્લાઉદ્દીન ખિલજીએ તે સર કર્યું તથા ૧૭૬૦માં તે મરાઠાઓને હાથ જઈ પૂનાથી બીજા નંબરનું રાજકીય અને પહેલું ધાર્મિક સ્થાન બન્યું. આજે પણ પેશ્વાઇના અવશેષો પૂના કરતાં નાશિકમાં જ વધારે છે. એ કાળમાં ચાલતા મહારાષ્ટ્રી રાજ્યના 'જરી પટકા'ના રૂપિયા અહીંની ટંકશાળમાં પડતા, અને હજી આજે યે ચલણી નોટો અને પોસ્ટની ટિકિટો અહીં જ છપાય છે.

મુંબાઈથી ૧૧૭ માઇલના રેલવે અંતરે આવેલા 'નાશિકરોડ' સ્ટેશનેથી તે છએક માઈલ દૂર હોઈ બસ સર્વિસ દ્વારા ત્યાં પહોંચાયછે. ગામની વચ્ચે થઇને વહેતી ગોદાવરીને ડાબે કિનારે રામાયણના કરુણ કેન્દ્ર જેવું પંચવટી છે; પણ ધર્મશાળાઓ, આરોગ્યભવનો અને બજારોએ આજે તેનું નૈસર્ગિક લાવણ્ય અને પવિત્રતા ભૂંસી નાખ્યાં છે.

આજે યાત્રાળુઓને બતાવાતા અહીંના રામાયણકાળના અવશેષો માત્ર માનવ શ્રદ્ધાના પ્રતીક રૂપ જ લેખવા પડે. પંચવટીમાં સીતાગુફા નામની બતાવાતી અંધારી ગુફામાંથી રાવણ સીતાને હરી ગએલો કહેવાય છે. ત્યાંથી બેએક માઈલ દૂર 'તપોવન'ની ભૂમિ છે, જ્યાં લક્ષ્મણે શૂર્પણખાનું નાક કાપેલું. (આ નાસિકા-છેદન પરથી પણ નાશિક નામ પડ્યું હોવાની એક માન્યતા છે.) અહીં લક્ષ્મણનું એક મંદિર પણ છે. સરસ્વતી અને ગોદાવરીનો અહીં સંગમ થાય છે અને ગૌતમ ઋષિએ એ સંગમ પર તપ કર્યું હોવાની માન્યતા છે.

નાસિકથી પાંચેક માઈલ દૂર આવેલી ટેકરી પર લગભગ ૩૫૦ ફૂટની ઊંચાઇએ 'પાંડવ લેના' નામથી ઓળખાતી ગુફાઓ વસ્તુતઃ તો બૌદ્ધ ધર્મની જ ગુફાઓ છે. જો કે કાર્લી અને કન્હેરીની ગુફાઓ જેટલી ઉત્કૃષ્ટ એની કળા નથી, છતાં તેમાં અજબ રીતે સચવાઇ રહેલા ૨૭ સંસ્કૃત-પ્રાકૃત મિશ્ર લેખોમાં હિંદુ રાજ્યસમયની ધર્મભાવના અને રાજરાજેશ્વરોનો મહત્ત્વનો ઇતિહાસ કોરેલો છે. ગુફામાં નાનામોટા ૨૪ ખંડ છે, જેમાં એક ચૈત્ય અને ત્રણ વિહારો ખાસ ધ્યાન ખેંચે છે. તેમાંના ત્રીજા વિહારનું કોતરકામ સાંચીને મળતું



નાશિક પાસેની બૌદ્ધ ગુફાઓના પ્રવેશદ્વારનું પ્રાચીન ચિત્ર

છે. ૨૧મા ખંડમાં બુદ્ધની એક દસેક ફૂટની મૂર્તિ છે, પરંતુ તે અંધારાને લીધે સ્પષ્ટ નથી દેખાતી.

આમ, હિંદુ ધર્મની મૂર્ત ભાવના સમા નાશિકમાં હિંદના દરેક પંથે પોતાની ભાવનાનું કંઈ ને કંઇ સ્મારક ઊભું કર્યું જ છે. જેમાંથી મુસ્લિમો પણ બકાત નથી રહ્યા. ઇ. સ. ૧૬૮૦માં ઔરંગઝેબે લગભગ ૨૫ જેટલાં મોટાંમોટાં મંદિરો તોડયાં જેમાંના મહાલક્ષ્મીના મંદિરના પત્થરોમાંથી ચણેલી જુમા મસ્જિદ આજે પણ ઊભી છે. એ ધ્વંસ છતાં યે એ વિનાશમાંથી બચી ગએલાં કે તે બાદ પેશ્વાઈ સમયમાં નવસર્જિત થએલાં અનેક મંદિરોમાં ચોથા પેશ્વા માધવરાવની મા ગોપિકાબાઈની આસ્થાનાં સ્મારકો અને અહલ્યાબાઈ હોળકરનાં બંધાવેલાં મંદિરો ખાસ ધ્યાન ખેંચે છે, જેમાં 'કાળા રામ'નું મંદિર ત્યાંના પાવનકારી વાતાવરણ અને સભામંડપની સુંદરતા માટે બહુ જાણીતું છે. રામનવમીને દિવસે ગોપિકાબાઈએ આપેલા વિરાટ રથમાં તેની મૂર્તિ પધરાવી, સૌ બ્રાહ્મણો તેને ખેંચી, જનસમૂને તેનાં દર્શન કરાવે છે. આ ઉપરાંત, પેશ્વાના સરદાર નારૂશંકરે ૧૮ લાખને ખર્ચે તૈયાર કરાવેલું નારૂશંકર મહાદેવનું મંદિર પણ તેનાં શિલ્પ-સ્થાપત્ય માટે પ્રખ્યાત છે. તેની દીવાલ પરનો છ ફૂટના પરિઘનો એક મોટો ઘંટ વિશેષ ધ્યાન દોરે છે. તેના ઉપર અંગ્રેજી આંકડામાં ૧૭૨૧ની સાલ લખેલી છે. સંભવ છે કે સરદારે કોઇ પોર્ટુગીઝ દેવળનો ઘંટ ઉઠાવી લાવી મહાદેવને અર્પણ કર્યો હોય! ત્રીજું મોટું મંદિર સતી દરવાજા પાસે આવેલું સુંદર નારાયણનું છે. આ દરવાજે સ્ત્રીઓ સતી થતી. દસ લાખ રૂપિયાને ખર્ચે હોળકરના સરદાર ગંગાધર યશવંત ચંદ્રચૂડે ૧૭૫૬માં તે બંધાવેલું. એમાં આસપાસ લક્ષ્મીવાળી નારાયણની મૂર્તિ એવી રીતે ગોઠવવામાં આવી છે કે ૨૦મી અને ૨૧મી માર્ચે સૂર્યકિરણ નારાયણના પગે પડે જ, એ તેની વિશિષ્ટતા છે. દર કાર્તિકી પૂનમે આખું મંદિર દીપમાળથી શણગારવામાં આવે છે. ચોથું સુંદર મંદિર નીલકંઠેશ્વરનું છે. ૧૭૪૭માં એક લાખને ખર્ચે તે બંધાવાએલું. આ ઉપરાંત નારૂશંકરની સામે ગોદાવરી તટમાં આંખને ખૂંચે એવા લાલ-સફેદ ઘુમ્મટવાળું તારકેશ્વરનું એક મંદિર છે. પંચવટી ને નાશિકની વચ્ચે થઈ વહેતી ગોદાવરીમાં જવલ્લે જ પૂર આવતું હોવાથી તેના તટમાં આમ અનેક મંદિરો બંધાયાં છે. અરુણા ને વરુણા નામનાં બે નાનાં ઝરણાં અહીં નદીને મળે છે. નદીનો પટ અહીં તદ્દન પથરાળ અને સાંકડો ૮૦ વારનો જ હોવાથી ઉનાળામાં એમાં નહિવત્ પાણી રહે છે ને અવરજવર તેમાંથી જ થાય છે.

પટમાં આવેલા 'ધોળારામ'ના એક મંદિર પાસે જ ગોદાવરીનું પણ એક મંદિર છે. તે સિંહસ્થ વર્ષમાં જ ખોલવામાં આવે છે, જ્યારે હરદ્વારના કુંભમેળા જેવો અહીં પણ મોટો મેળો ભરાય છે. એની જ હારમાં મહિષાસુર-મર્દિની, મારુતિ, ગણેશ વગેરેનાં, પેશ્વાના ગોર હિંગણેએ બંધાવેલાં કેટલાક મંદિરો છે. એક શીતળા માતાનું મંદિર પણ છે. પણ આ બધાંમાં સૌથી પવિત્ર તો 'રામકુંડ' જ ગણાય છે, જેમાં રામ અહીંના વસવાટ દરમિયાન સ્નાન કરતા એમ મનાય છે! અને બીજી પણ એક દૃઢ માન્યતા છે કે દર સિંહસ્થ વર્ષે આ કુંડમાં ગંગા-ગોદાવરીનો સંગમ થાય છે.

આમ એક ધાર્મિક સ્થળ હોઇ અહીંનો મુખ્ય વ્યવસાય પણ ગોરપદાંનો છે, છતાં યે દક્ષિણનાં બીજાં શહેરો કરતાં નાશિક વધુ પૈસાપાત્ર અને ઉદ્યમી લાગે છે, અને જિલ્લાનું મુખ્ય શહેર છે. પોલીસ ખાતાના ઈન્સ્પેકટરોની તાલીમ માટેની મોટી 'પોલીસ ટ્રેઈનિંગ સ્કૂલ', મિલિટરી કૉલેજ વગેરે પણ નાશિકને આગળ લાવવામાં મુખ્ય ભાગ ભજવે છે. લગભગ પાંચ ચોરસ માઇલના વિસ્તારમાં પથરાએલા આ શહેરમાં એક મુખ્ય રાજમાર્ગ છે, જેમાંથી અનેક નાનાનાના માર્ગો ફંટાએલા છે. યાત્રાધામ હોઈ તેની વસતિમાં વધઘટ થયા જ કરે છે, છતાં યે તેની સ્થાયી વસતિ લગભગ દોઢ લાખની છે. ઊંચાનીચા ટેકરાઓ ઉપર સાંકડી ગલીઓમાં રહેતા લોકોનાં મકાનો મોટેભાગે બેએક માળ ઊંચાં અને બે-ત્રણ ફૂટ ઊંચી 'પ્લિન્થ' પર બંધાએલાં છે, જેનો આગલો ભાગ મોટે ભાગે લાકડાની સુંદર કોતરણીવાળો હોય છે. અલ્લાઉદ્દીન ખિલજી અને મહમ્મદ બેગડાના જુલ્મથી ત્રાસીને અહીં આવેલા સિદ્ધપુર અને મહાનેરના અનેક યજુર્વેદી બ્રાહ્મણો આજે પેઢીઉતાર ગોરપદું કરે છે. આ ઉપરાંત ગુજરાતી લુહારો પણ અહીં સારા પ્રમાણમાં વસે છે, પરંતુ દિવસેદિવસે તેઓ પહેરવેશ, ભાષા અને વ્યવહારે દક્ષિણી

થતા જાય છે. આવી જ રીતે તાંબાપિત્તળનાં વાસણો બનાવવાની પોતાની કારીગીરીથી પ્રખ્યાત થએલા અહીં-ના તાંબટો પણ અસલ તો ગુજરાતી જ છે. હજુ યે તેઓ ચાંપાનેરની કાલી માતાની પૂજા કરે છે, અને બહાર મરાઠી બોલતા હોવા છતાં ઘરમાં હજી યે ભાંગ્યુંતૂટ્યું ગુજરાતી જ બોલે છે. ખાસ કરીને અભિષેકપાત્રો, સંપુટ, ઘંટા, આરતી, હાંડાગાગર વગેરે બનાવવામાં તેઓ નિપુણ છે. પણ બધે થાય છે તેમ અહીં પણ હવે નકલી માલની આયાત વધતી જાય છે.


નાશિકથી ૧૮ માઈલ દૂર પર્વતની તળેટીમાં ગોમતી તટે બાલાજી બાજીરાવે બંધાવેલું ત્ર્યંબકેશ્વરનું શિવાલય છે, જેની ગણના જ્યોતિર્લિંગમાં થાય છે. શ્રાવણ મહિનાને સોમવારે સાંજે એ મહાદેવનો વરઘોડો નીકળે છે ત્યારે મહાદેવની મૂર્તિને ત્રણ લાખની કિંમતનો મુકુટ ધરાવાય છે, જે પાંડવોનો હોવાનું મનાય છે મંદિર પાછળ લીલથી છલોછલ એક વાવ, ને તેથી જરા દૂર ગંદા દુર્ગંધભર્યા ચેપી રોગયુક્ત પાણીથી ભરેલો 'કુશાવર્ત'નો પવિત્ર (!) કુંડ છે. અહીં ગોદાવરી નાની નીક જેવી થઈ જતી હોવાથી પાણીની ગજબ હાડમારી રહે છે અને આપણી તીર્થસહજ ગંદકીને કારણે અવારનવાર કૉલેરા કે ટાઈફૉઈડ જેવા ચેપી રોગો ફાટી નીકળે છે.

ત્ર્યંબકના પહાડ બ્રહ્મગિરિમાં ગોદાવરીનું મૂળ છે. તેને ગંગાદ્વાર કહે છે, કેમકે મૂળ ગોદાવરીને ગંગા જ કહેવામાં આવે છે. પહાડના પત્થરમાંથી ટપકીટપકી પાણીનો એ રેલો ગંગા ગોદાવરી રૂપે નાની મોટી અનેક નદીઓને પોતાનામાં સમાવતો ૯૦૦ માઈલ સુધી વહે છે. અહીં પર્વતમાં ગોરખમઢી ને ૧૦૮ શિવલિંગની કોતરેલી ગુફા છે. પાસે જ ૧૮૦૦ ફૂટ ઊંચે ત્ર્યંબકનો ત્રિકૂટ કિલ્લો છે, જે નાશિક જીતતાં પહેલાં અંગ્રેજોને તોડવો પડેલો. જિલ્લામાં આવા ૩૮ કિલ્લાઓ છે. આસપાસની પર્વતમાળા સહ્યાદ્રિની માળાને નામે પ્રખ્યાત છે. ઉત્તરે ડાંગનું વન છે, જેમાં થઇને મધ્ય કાળમાં લશ્કરો નાશિક પર આક્રમણ કરવા આવતાં આજે હવે ત્યાં અહિંસાની ઉપાસક કૉંગ્રેસ પોતાનું અધિવેશન ભરે છે.


(માહિતી તથા ચિત્રો શ્રી સુરેશ દીક્ષિતના લેખ તથા બીજાં સાધનો ઉપરથી)

નવાં પુસ્તકો

તૂટેલીપાંખ: મહાકવિ ખલીલ જિબ્રાનના ત્રણ પુસ્તકોનો અનુવાદ કરનાર: શિવમ્ સુંદરમ્, પલાશ ને કૃષ્ણપ્રસાદ ભટ્ટ. પ્રકાશક: આદર્શ પુસ્તક ભંડાર–અમદાવાદ, ૪–૦–૦; अमेरीका के निर्धन विद्यार्थी : સ્વાવલંબનનું મહત્ત્વ સમજાવતા લેખકના અમેરિકાવાસ દરમિયાન થએલા અનુભવો પરથી રચેલ પુસ્તિકા, ૦–૮–૦ अनन्तकी ओर: અમેરિકન લેખક રાલ્ફ વાલ્ડો ટ્રાઈન-ના આધ્યાત્મિક વિષયના પુસ્તકને આધારે લખેલ પુસ્તક.બન્નેના લેખક ને પ્રકાશક: સ્વામી સત્યદેવ પરિવ્રાજક--જવાલાપુર. ૩–૦–૦; **નૂતન નિબંધ અને પત્રલેખન**: પ્રાથમિક શાળાના ધો. ૫, ૬, ૭ તથા માધ્યમિક શાળાના ઉપલા ધોરણ માટે ઉપયોગી પુસ્તક. લેખક જયંતિલાલ ટી. દવે. પ્રકાશક: નારણલાલ મોતીલાલ શાહ, અમદાવાદ, ૧–૧૨–૦.



સામેના પાના ઉપર દર્શાવેલા નાસિક પાસેના બૌદ્ધ ચૈત્ય-ગુફાઓની અંદરના ભાગનું દૃશ્ય. અજંતા-ઈલોરા કે કાર્લી-કન્હેરી જેવું ઉત્કૃષ્ટ શિલ્પવિધાન ત્યાં નથી; પરંતુ એનું સ્થાપત્ય તો આકર્ષક છે જ. કલાપ્રેમીઓએ તે જોવી જોઇએ. નીચે: નાસિકથી ૧૮ માઇલ દૂર પર્વતની તળેટીમાં ગોમતી તટે આવેલું ત્ર્યંબકેશ્વરનું શિવ-મંદિર.



ટિકિટસંગ્રહ

આજનો એ સંસારવ્યાપી શૉખ કેમ કેળવવો તેની તથા બીજી ઉપયોગી માહિતી આપતો વિભાગ

સંગ્રહ શરૂ કેમ કરવો તે વિષે અનેક માર્ગોની સલાહ અપાય છે. શરૂમાં પોતાને હાથ ચડતી ટિકિટો એકઠી કરવા માંડી ને પછી સ્વાભાવિક રીતે જ માણસ પોતાના ઓળખીતાઓ, મિત્રો, સગાંસંબંધીઓ, વગેરે જેમને શોખ ન હોય તેમને ત્યાં આવતા દેશપરદેશના પત્રો પરની ટિકિટો માગી લાવીને, તથા જેમને શોખ હોય તેમની પાસેથી વધારાની ટિકિટોમાં ભાગ પડાવીને શરૂઆત કરે છે. પણ આ તો શહેરમાં રહેતા, યા બહોળું મિત્રમંડળ, સંબંધો કે વગ-ઓળખાણો ધરાવતા માટે શક્ય હોય. ગામડાંઓમાં અગર આવા સંપર્ક વિનાના શોખીનોને મુશ્કેલી પડવાની. તેમણે જેમ બને તેમ સંપર્કો વધારવા તત્પર રહેવું પડે. અને આ શોખનો ખરો રસ પણ એમાં જ છે ને? ખરો આનંદ હમેશાં 'પ્રતીક્ષા'માં હોય છે, 'પ્રાપ્તિ'માં નહિ. જેને માટે આપણે આતુર હોઈએ તે વસ્તુ સહેલાઈથી જો મળી રહે તો તેમાં તેની અર્ધી મઝા મારી જાય છે. એને માટે જે રાહ જોવી પડે, મથામણ કરવી પડે, તે એની પ્રાપ્તિના રસને ઘટ્ટ બનાવે છે. આ શૉખનું હસ્ય પણ એ જ છે. સાધનસંપન્ન કે લાગવગવાળા માણસો ધારી રકમો આપીને ઝપાટાબંધ સંગ્રહ ઊભો કરી શકે, તેમાં આ શોખની મઝા કે ગૌરવ નથી. એનું સાચું પોત તો મુગ્ધ, નિર્વ્યાજ માનસથી, એક નવી દિશામાં રહેલાં જ્ઞાન, માહિતી ને રસના અખૂટ ભંડારની શોધ માટે પુરુષાર્થ કરવામાં છે.

અને તેથી જ નવી શરૂઆત કરનારાઓએ અમુક એક ચોક્કસ દેશ કે જાતની ટિકિટોનો જ સંગ્રહ કરવાનું મર્યાદિત ક્ષેત્ર ન રાખવું. એમાં યે અલબત્ત, એક પ્રકારનો 'શોધ'નો આનંદ તો રહેલો જ છે; પણ તે પાકટ થએલા સંગ્રાહકો, બહોળો સંપર્ક ધરાવનારાઓ, યા શ્રીમંતો માટે વધુ શક્ય છે. નવા શોખીને તો આખી દુનિયાની ટિકિટોના સંગ્રહના ક્ષેત્રથી જ ભૂમિકા બાંધવી, ને એ સંગ્રહ કરતાં કરતાં પછી પોતાને જે ખાસ દેશમાં રસ જાગે તેનો નિઃશેષ સંગ્રહ કરવાનું રાખ્યા કરવું. એ દરમ્યાન એને બીજા દેશોની ટિકિટોનું પ્રાથમિક જ્ઞાન તથા તાલીમ મળતી રહેતી જશે. આમ, સામાન્ય ભૂમિકા બાંધ્યા પછી જ વિશિષ્ટ ઉપર જઇ શકાય. દેશેદેશને પોતાની ટિકિટોની અવનવી પદ્ધતિઓ, ખાસિયતો, લઢણો હોય છે. એ સૌનો અભ્યાસ પણ જરૂરી છે. જેમજેમ તેની ટિકિટો હાથ ચડતી જાય છે, તેમતેમ તેની ભૂમિકા બંધાતી જાય છે. અને આપણને ભલે તેની લિપિનું જ્ઞાન ન હોય તોપણ તેના કાગળો, શાહીઓ, રંગો, આકૃતિઓ, વિષયો વગેરેની માહિતી અને જ્ઞાન પાકાં થતાં જાય છે અને તેનું માનસ પણ સમજાય છે. આ સર્વ ટિકિટ-સંગ્રહની કેળવણીનો એક ભાગ છે, ને તેથી માણસે પોતાની ભૂમિકા આખી દુનિયાની ટિકિટોથી બાંધવી જરૂરી છે.

આને માટે બે માર્ગ છેઃ શક્ય હોય તેઓ ટિકિટોના વેપારીઓને ત્યાંથી મળતાં 'હોલ વર્લ્ડ પૅકેટો' મંગાવીને માંડણી કરી શકે. આ સરળ રસ્તો છે. જેમને માટે એ શક્ય ન હોય તેમને માટે 'શોધ'ની ઝુંબેશનો પુરુષાર્થ ને પરિશ્રમનો માર્ગ બાકી રહે છે. એ મુશ્કેલ છે તેટલો જ અખૂટ રસભર્યો છે.

જર્મની અને રુમાનિયાની અભિનવ-ચિત્ર ટિકિટો મથાળે: (૧) ૧૯૪૭ની ૧૦મી ફેબ્રુઆરીના શાંતિ કરારના સ્મરણમાં રુમાનિયાની ટિકિટઃ જેના પર અમેરિકા, રશિયા, બ્રિટન અને ફ્રાન્સના ધ્વજો અને શાન્તિસૂચક ઑલિવ વૃક્ષની ડાળી છે; (૨) ઑલિવ વૃક્ષની ડાળીઓ વચ્ચે વર્તમાનપત્રો ને મશાલના આલેખનવાળી રુમાનિયાની ટિકિટ પર પ્રજાના અવાજરૂપ પત્રકારત્વનું આલેખન; (૩) વિજયમાળની વચ્ચે સ્વસ્તિક ને ખડ્ગવાળી નાઝી જર્મનીની ટિકિટ. વચ્ચે: (૧) 'બ્રાઉનરિબન' તરીકે જાણીતી જર્મનીની અશ્વજોડીવાળી ટિકિટ; (૨) જર્મન રાજ્યના સોનીઓની સંસ્થાની ૧૦મી જયંતી નિમિત્તની ટિકિટ, જેમાં સોનીકામની બે કલાકૃતિઓનું આલેખન છે. (૩) આલ્બર્ટ યુનિવર્સિટીની શતાબ્દીની ટિકિટ પર તેના સ્થાપક ડયૂક આલ્બર્ટનું આલેખન. છેલ્લે: (૧) હિટલરના સંસ્કૃતિ ફંડ અને 'ટિકિટ દિન' નિમિત્તની ટિકિટ પર, હાથમાં કાચ લઈ ટિકિટો તપાસતા સંગ્રાહકનું આલેખન; (૨) કૃષિઉદ્યોગની દર્શક ટિકિટ પર દાતરડાને ધાર કાઢતો ખેડૂત; (૩) હિટલરના સંસ્કૃતિ-ફંડ માટેની બીજી ટિકિટ. (અજિતકુમાર સંઘવીના સંગ્રહમાંથી)





થરેથર, પ્રભો, પ્રમાદભર પ્રાણના કાપ તું!
અમારી હળની આણી ઉપર વજ્રને સ્થાપ તું!
પરાક્રમવિહિન પામર જયેષણા ભક્ષ તું!
અને કુટિલ પક્ષવાદ થકી સત્ય સંરક્ષ તું!
પ્રભો કજળતાં ઉરે તણખ એક આશાની દે!
ભલે ન કંઈ દે શકે, જરીક આત્મશ્રદ્ધા તું દે! –ઉમાશંકર

સ્વ. રામમોહનરાય જસવંતરાય દેસાઈ



આ અંક માટે નરસિંહરાવ ભોળાનાથ દીવેટિયાના ચરિત્રની યોજના કરતી વખતે કલ્પના પણ ન હતી કે એની સાથોસાથ એ જ જમાનાના એક બીજા સાહિત્યસેવકની અવસાનનોંધ લેવાની આવશે. 'સુમંત'ની સહીથી લખેલાં કાવ્યોથી નહિ એટલા પોતાની ટૂંકી વાર્તાઓથી, પણ સૌથી વિશેષ તો 'સુન્દરી સુબોધ' નામના સ્ત્રીઓ માટેના, છતાં એ કાળના સર્વજનપ્રિય માસિકના સંપાદનકાર્યથી ગુજરાતી સાહિત્યસેવકોમાં જાણીતા શ્રી રામમોહનરાય જસવંતરાય દેસાઇનું–એમના અંગત સ્નેહી સંબંધીઓમાં જાણીતા બિંદુભાઈનું, ગઈ તા. ૧૧મી ઑગસ્ટે, એમના વતન હાલોલમાં, ૭૭ વર્ષની વયે અવસાન થયું.

આજથી ચારેક દાયકા પર જ્યારે આપણા સાહિત્યમાં માસિકોનો બહુ વિકાસ નહોતો થયો ત્યારે સ્વ. બિન્દુભાઇ અને એમના ૬ મિત્રોએ મળી ગુજરાતી સાહિત્યની અને તે દ્વારા સ્ત્રી-ઉન્નતિ-કાર્યની સેવા કરવાના ધ્યેયથી 'બન્ધુસમાજ' નામનું મંડળ સ્થાપેલું, જેમાં એ કાળના અત્યંત લોકપ્રિય વાર્તાલેખક સ્વ. ભોગીન્દ્રરાવ દિવેટિયા, સ્વ. ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ પટેલ, સ્વ. શિવુભાઈ દુર્બળ, વગેરે સાહિત્યરસિકો હતા. 'સુન્દરી સુબોધ'માંની વાર્તાઓ ત્યારે બહુ રસપૂર્વક અને હોંશથી વંચાતી અને તેમાં આપણા સામાજિક અને ખાસ કરીને સ્ત્રીજીવનના પ્રશ્નોને ચર્ચતા લેખો આવતા. એની પાછળ સ્વ. બિન્દુભાઈનું જ વ્યક્તિત્વ મુખ્યત્વે હતું.

એમનો જન્મ અમદાવાદની વડનગરા નાગર (ગૃહસ્થ)જ્ઞાતિમાં ૧૮૭૩ની ૨૫મી સપ્ટેમ્બરે (આવતી ૨૫મીએ એમને ૭૭વર્ષ પૂરાં થાત) થયો હતો. કૉલેજની ઊંચી કેળવણી નહિ લીધેલી હોવા છતાં ખાનગી અભ્યાસથી તેમણે પોતાનું વાચન એટલું વિશાળ અને ઊંડું ખેડેલું કે સાહિત્ય ઉપરાંત ઇતિહાસ, અર્થશાસ્ત્ર, રાજકારણ, તત્ત્વજ્ઞાન આદિ વિવિધ વિષયોની ચર્ચા વખતે એમનું તલસ્પર્શી જ્ઞાન જણાઇ આવતું. થોડો

માસમાસનાં પંખી–૫૬
દશરથિયાં

ઘેરાતી રાત્રે વાસણોના ઘસારા જેવો કર્કશ અવાજ કાઢી ઊડતાં પંખીને ઘણા ચીબરી માની લે છે, પણ તે હોય છે દશરથિયાં. એ નિશાચર પંખી સ્વભાવે નિરુપદ્રવી ને જીવાતભક્ષક હોઈ માણસને બહુ ઉપયોગી છે. રાતમાં જ પોતાનો આહાર પતાવી દિવસે કોઇ ઝાળાના મૂળમાં લપાઇને ઊંઘતું હોવાથી તે બહુ પરિચિત નથી. વળી તેના ટીલડીટપકીવાળા ફિક્કા લાલ કે મેલા બદામી રંગથી ધૂળમાં કે ઘાસતરણાંની ઓથે તે અજબ મળી જાય છે. એવી જ નીરવ તેની ઊડ હોય છે.

રૂપેરંગે નરમાદા બંને સરખાં કાબરચીતરાં. કોયલની માદાને મળતાં જ છે, પણ કદમાં જરા નાનાં. ફેર માત્ર એટલો કે દશરથિયાંનાં જડબાં વચ્ચે આખું લીંબુ સમાઈ શકે એવી વિશાળ તેની મોંફાડ હોય છે. નિશાચર હોઇ તેની આંખો મોટી, વિશાળ અને ચમકતી, અંગારા જેવી લાલ બદામી; ચાંચ ખૂબ ટૂંકી, નરમ, સુકોમળ અને ધૂળમાંથી જીવાત ઉપાડી ખાવાના ઉપયોગ પૂરતી સબળ; પગ નિર્બળ ને ટૂંકા, તેમાં ત્રણ આંગળાં આગળ ને એક પાછળ.

વનવગડા કે ખેતર-પાદરનું વસનારું હોવા છતાં મનુષ્યની વસતિની નજીક પણ એ આવે-જાય છે અને માળા યે બાંધે છે. ગ્રીષ્મના આરંભથી વર્ષાના અંત સુધીના તેના પ્રજનનકાળ દરમિયાન તે એકાદ છોડવાના મૂળમાં કે અવડ ખેતરની વચ્ચે ઉઘાડમાં જ ચળકાટવાળાં, મેલા ઘેરા રંગનાં, ક્વચિત્ ટપકાંવાળાં ૨–૩ ઇંડાં મૂકે છે.

(શ્રી 'વનેચર'ના લેખ ઉપરથી તારવીને)



સગય હાઇકોર્ટ પ્લીડરનો કાયદાનો અભ્યાસ કર્યા બાદ ૧૯૦૪માં તેઓ ન્યાય ખાતામાં જોડાએલા; પણ પછી તે છોડી દીધેલું.

પંચમહાલના હાલોલ ગામમાં એઓ જમીનદાર હોવાથી ઘરની સ્થિતિ સુખી હોઈને એમણે જીવનનો મોટો ભાગ અભ્યાસ અને લેખનકાર્યમાં જ ગાળેલો. એમણે ઈ. ૧૮૯૧થી કાવ્યો, લેખો આદિ લખવાં શરૂ કરેલાં અને અમદાવાદનાં એ કાળનાં બુદ્ધિપ્રકાશ, આર્યવત્સલ, વિદ્યુત નાગરહૃદય, વ્યાપાર ને ઉદ્યોગ, વાર્તાવારિધિ, સજ્જપત્રિકા, વિનોદિની વગેરે સામયિકો (જેમાંનાં કેટલાકનાં તો નામ પણ આજે ઘણા નહિ જાણતા હોય એવાં)ના સંપાદનમાં એમનો ફાળો હતો. જાણીતા 'ગુજરાતી પંચ' અઠવાડિકના પણ ૧૯૦૯-૧૧ સુધી તેઓ સહતંત્રી હતા. પણ 'સુન્દરી-સુબોધ'ના કાર્યથી તે વધુ જાણીતા થયા. એમાં એમનાં કાવ્યો ઉપરાંત ટૂંકી વાર્તાઓ, નવલકથાઓ તથા બીજા લેખો આવતા. ઉચિત શબ્દોની પસંદગી, ચિત્ર રજૂ કરવાનું કૌશલ, સુંદર ભાષાંતર કરવાની હથોટી અને જે કાંઇ લખવું તે સર્વાંગ સુંદર બનાવવાની ચીવટ અને ધીરજ, એ તેમના લેખનના ગુણો હતા. એમની કવિતા ઉપર નરસિંહરાવ અને બાલાશંકરની અસર જણાતી. 'તરંગાવલિ' નામના એમના કાવ્યસંગ્રહ અને 'રસીલી વાર્તાઓ'ના ટૂંકી વાર્તાઓના બે ભાગ ઉપરાંત 'યોગિની' અને 'બાલા' એ બે એમની નવલકથાઓ વિશેષ લોકપ્રિય થએલી. ચાળીસ વર્ષ પહેલાંનાં સમાજસેવા અને ભવિષ્યદૃષ્ટિ એમાં આલેખેલાં છે. 'યોગિની'માં જુદીજુદી સ્ત્રીવ્યક્તિ સમાજ ઉપર શી અસર કરે છે તે દૃષ્ટાન્તસહ બતાવ્યું છે, અને 'બાલા'માં ગ્રામોદ્ધાર વિના દેશોદ્ધાર શક્ય નથી એ (ગાંધીજી હિંદમાં આવ્યા તે અગાઉ) એ કાળે એમણે સમજાવ્યું છે.

જુવાન ઉંમરમાં આવ્યા ત્યારથી જ એમની તબિયત નાજુક અને અસ્વસ્થ જેવી રહ્યા કરતી હોવાને લીધે તેઓ એકધારું કામ ન કરી શકતા, અને ઉત્તર જીવન મોટે ભાગે એમણે હાલોલમાં પોતાની જાગીર પર જ ગાળેલું. વંશપરંપરાથી મળેલી એ દેસાઇગીરીની જમાવટ કરવામાં પણ તે બાહોશ હતા, અને અમલદારોને નમતું ન આપવા છતાં એટલું માન પામેલા કે બ્રિટિશ સરકાર તરફથી રાવસાહેબનો ખિતાબ પામેલા.

એમના રાજદ્વારી વિચારો આ જમાનાને અનુકૂળ ન હોવાથી અસહકાર જેવી ઉગ્ર હીલચાલ વગેરે પ્રત્યે એમને અણગમો હતો, એટલે એ કાળથી જ તે જાહેર જીવનથી દૂર ખસી ગયા હતા; પણ એમના સ્નેહસંબંધો છેક સુધી ચાલુ રહેલા. એમના અવસાનથી એ વીતેલા જમાનાના એક લાક્ષણિક અભ્યાસી સાહિત્યસેવી અને સંસ્કારસંપન્ન સજ્જન આપણે ગુમાવ્યા છે. એમને ચિરશાન્તિ ઇચ્છીએ.
['ગ્રંથ અને ગ્રંથકાર'માંની માહિતી ઉપરાંત 'ગુજરાતી'માંના શ્રી હિંમતલાલ ગણેશજી અંજારિયાના, તથા 'જ્યોતિર્ધર'માંના શ્રી મટુલાલ ગોપીલાલ ધ્રુના લેખોનાં અવતરણોના ઋણસ્વીકાર સાથે.]

ગાર-માટીનું લીંપણ

ગાયભેંસનાં છાણ અને માટીથી જૂનાં ઘરોમાં જે લીંપણ—ગાર કરાતી, એ ગાર ત્રણે ઋતુમાં માનવ-શરીરને અનુકૂળ બની રહેતી. એ, જેને અનુભવ હશે તેને કબૂલ કર્યા વગર ચાલે તેમ નથી. પોષ મહિના જેવી કડકડતી ઠંડીમાં આ છાણ-માટીની ગાર ગરમી આપે અને ઉનાળામાં ઠંડક આપે. ચોમાસામાં ભેજ ચૂસી લઇને પોતે કોરી પડી જાય. ખાટલા વગર ગાર ઉપર પથારી કરી નાની સરખી પાતળી ગોદડી બિછાવીને રાત ગાળે તો યે ન શરીરને ઇજા પહોંચે, ન શરદી લાગે. નાનું બાળક એ ગારમાં ભાંખોડભરિયાં ચાલે કે પેટ ઘસે તો યે તેને ન આવે વાંધો, ન લાગે શરદી. પાણી ઢોળાયું હોય તો પાંચ મિનિટમાં પાણી ચુસાઇને સ્વચ્છ થઇ જાય. અશુચિ થયું હોય તો ઉપર માટોડી ને પાણીનો હાથ ફેરવ્યો કે સ્વચ્છ બની જાય.

એની સાથે હવે લાદી કે સીમેન્ટ પથરાવેલી ઘરની ભૂમિને સરખાવો. શિયાળો બેસે એટલે એની અંદર રહેનારનું આવી બન્યું. એ સીમેન્ટના પ્લાસ્ટર કે લાદી ઉપર રાત્રે પથારી કરીને સૂઓ. પછી સવારમાં ઊઠો ત્યારે શરીર કોઈએ રગડ્યું હોય કે દુખતું હોય તેમ આખા અંગે કળતર થાય, પાંસળાં દુઃખે.

સીમેન્ટમાં શરદી એકદમ લાગે છે. ઉઘાડા પગે ફરનારનાં પગનાં તળિયાંમાં ફાટો પડે છે. શિયાળામાં સીમેન્ટ એવો ઠંડો બોળ જેવો બની જાય છે તેની ઉપર ઉઘાડા પગે ચાલનારના અંગમાંથી ટાઢ જાય જ નહિ. પણ જમાનો એવો આવ્યો છે કે માનવીને સુખ અને સગવડ જોઇએ છે ખરાં, પણ હાડકાં અકડાઇ ગયાં છે! ત્રણત્રણ મહિને ગાર-માટીનાં લીંપણ કરતાં જોર આવે છે, એટલે જ આજની સ્ત્રીઓ પુરુષોની સાથે ઝગડીને, નાનાંસરખાં છાપરાં જેવાં મકાનો હોય તો યે, તેમાં આગ્રહપૂર્વક સીમેન્ટનું પ્લાસ્ટર કરાવે છે.
(બહુરૂપી)'

—વૈદ્ય જાદવજી નરભેરામ

રાખડી

[અમદાવાદના દૈનિક 'ગુજરાત સમાચાર'માં દર શનિવારે 'પાનસોપારી' નામથાળા નીચે શ્રી ચિનુભાઇ પટવા 'ફિલસૂફ'ની સહીથી જે હળવાં લખાણો લખે છે તે આપણે ત્યાંના મનોરંજનસાહિત્યમાં નોંધપાત્ર છે. રોજિંદા જીવનના સામાન્ય વિષયો પર કવચિત મમાળું હાસ્ય, તો કવચિત તીક્ષ્ણ કટાક્ષ કરતાં એ લખાણોમાંની વિષયની એતદ્દેશીય મૌલિકતા એ તેની વિશિષ્ટતા છે. છેલ્લા બળેવના પ્રસંગે 'રાખડી' ઉપર લખેલું તેમનું લખાણ તેમાંથી અહીં ઉતારીએ છીએ]

રાખડીનો પ્રચાર બળેવે બળેવે વધતો જતો લાગે છે, એમ આ વર્ષની રાખડીના વેચાણના આંકડા બતાવે છે. રાખડીનું સાચું ક્ષેત્ર અને મર્યાદા ભાઇ-બહેન વચ્ચે ગણાય, પરંતુ રાખડી ત્યાં અટકી ન જતાં હવે ધંધાદારી સ્વરૂપે અન્ય ક્ષેત્રોમાં પણ પ્રવેશી છે. જે ન્યાતમાં રાખડીનો રિવાજ સૌથી વધુ પ્રચલિત છે તે ન્યાતના એક ભાઇ બળેવને દિવસે મને કહેતા હતા કે 'આખું વર્ષ મને એવો ખ્યાલ રહે છે કે મારે પોતાની અને કાકાની ગણતાં ત્રણ બહેનો છે; પરંતુ આજે ખબર પડી કે મારે અગિયાર બહેનો છે.'

'અગિયાર?!'

'હાજી; સાત અહીંની અને ચાર ટપાલની. અરે, મારે તો જાણું એ બધી સાચી ઓળખાણો છે; પરંતુ પેલા મનુભાઇ ઉપર તો દરદ્વારથી બહેનોની સંસ્થાની સંચાલિકા તરફથી દરેક બળેવે રાખડી સાથે સરનામાવાળું કોરું મનીઑર્ડરનું ફોર્મ પણ મોકલવામાં આવે છે.'

'એમ? તે કરતાં તો બહેનો વી. પી.થી રાખડી મોકલે, તો કેટલા પૈસાની આશા રાખે છે તેની પણ મનુભાઇને સમજણ પડે! પણ અલ્યા, તું બહારગામથી રાખડી મગાવે છે તેનો સંબંધ કેવો છે?'

'એ પછી; પણ આ બ્રાહ્મણોએ રાખડીને કૈં કમર્શ્યલાઇઝ કરી છે!'

'એમાં તારા પપ્પાનું શું ગયું?'

'મારા પપ્પાનું નહિ, મારું પોતાનું જાય છે. આજે સવારે પેલો નાસી ગએલો રસોઇયો ઘેર આવી બારણા આગળ મોટાભાઈના બાબાને રાખડી બાંધતો હતો. શી એની હિંમત! મારા રૂમથી જ ઉપર આવે ત્યારે વાત. પરંતુ એને ઠપકો આપવાની મનની મનમાં જ રહી ગઈ; કારણ કે ભાભી પાસેથી સવાક઼ની કિંમતના રૂપિયા... રાજીખુશીથી પડાવી ગએલો. ત્યાર પછી, રજા આપેલા ને બદલીમાં

આવેલા રસોઈયાઓ અને તેમનાં સગાંઓની, જાણે દીવાળીની બોણી લેવા, હાર લાગી! અરે, એ તો ઠીક, પણ અમારા નોકરો પાસેથી પણ રાખડીના મંત્રના જાદુથી સારી જેવી રકમ પડાવેલી. એક જૂનો પટાવાળો અને એક સાઇકલ રીપેર કરનારો ઘેર આવ્યા ત્યારે જ ખબર પડી કે તેઓ પણ બ્રાહ્મણકુળમાં જન્મેલા છે! એક 'બ્રાહ્મણીઆ પાણી'વાળો આવેલો ત્યારે તો ચોખ્ખી ના પાડી દીધી; પણ રંગબેરંગી અબરખી રાખડીનો ચળકાટ બાબાલોકને એવું ગાંડું આકર્ષણ કરાવે છે! પેલાને અનિચ્છાએ આઠ આના આપ્યા, તો ગળગળો થઈને કહે 'સાહેબ, બાબાશેઠે પસંદ કરી બંધાવેલી પાંચ રાખડીઓની કિંમત દસ આના છે. છ આના નફો તો આપો!'

'એની વાત ખોટી નથી; રાખડીઓના ભાવ પણ સારી રીતે વધ્યા છે. પણ તેં પેલી વાત કેમ ઉડાવી? પેલી મુંબાઈથી રાખડી આવે છે, તેની સાથે કેવો સંબંધ છે?'

'કેમ? સારો—લાગણીમય સંબંધ છે.'

'તે રાખડી-સંબંધ જાળવી શકાશે?'

'સંબંધ વધશે; રાખડી આવતા વર્ષથી બંધ થશે.'

'એમ?! ત્યારે લોકોની વાત સાચી નીકળી.'

'પણ સાચું પૂછો તો આજે પ્રણયલગ્નોના જે થોડા સફળ સંસાર જણાય છે તેના મૂળમાં તો રાખડીના સંબંધ હતા, એ આપણે ક્યાં નથી જાણતા? અને રાખડી તો કુંતા અભિમન્યુને અને પત્ની પતિને ય બાંધી શકે. ભાઈ-બહેનનું તૂત તો રાજપૂતોએ ઘુસાડયું છે.'

'એમ? પત્ની પતિને રાખડી બાંધી શકે?!'

'એમ શું? આપણાં પુરાણોમાં જ પુરાવો છે કે જ્યારે અસુરોથી ઈન્દ્ર હાર્યા ત્યારે આખરી જંગમાં ઇન્દ્રાણીએ ઈન્દ્રને રાખડી બાંધી રક્ષેલા, અને દેવો જીતેલા. આમ રાખડીનું મૂળ તો પત્નીએ પતિને બાંધેલી એ જ છે. જોકે રાજપૂતોએ દાખલ કરેલો રિવાજ પણ ખોટો નથી. હવે ભાઈની મૂડીમાં બહેન ભાગ પડાવશે એવા નવા હિંદુ કાયદાના આ સમયમાં ભાઈ-બહેન વચ્ચેના સંબંધમાં રાખડી ઓર મહત્ત્વનો ફાળો આપશે. રાજપૂત ઇતિહાસ કહે છે તેમ ઘણાં યુદ્ધોમાં એક પક્ષની બહેને બીજા પક્ષના રાજવીને રાખડી બાંધી યુદ્ધો અટકાવેલાં છે.'


'તારી વાત ખોટી નથી. ઊલટું આપણા દેશમાં રાખડીનું જે આદર્શભર્યું સ્થાન ગણાય છે તેનો જો દેશપરદેશમાં પ્રચાર કરવામાં આવે, અને જો એ યુનાઇટેડ નેશન્સમાં માન્ય થાય તો મને લાગે છે કે શ્રી વિજયાલક્ષ્મી સ્ટેલીનને અને મિસિસ ટ્રુમેન માઓત્સે તુંગને સ્વહસ્તે રાખડીઓ બાંધી દુનિયાને ત્રીજા મહાયુદ્ધમાંથી જરૂર ઉગારી શકે.'

—'ફેલસૂફ'

ઈંગ્લિશ ખાડી તરવાની હરીફાઇ માટે ગુજરાતી જુવાન

તાજેતરમાં ઈંગ્લિશ ખાડી તરવા માટે એક હરીફાઈ યોજાઇ હતી. તેમાં સાહસ અને શૉખ બન્નેનું અદ્ભુત મિશ્રણ છે. ૭૫ વર્ષ અગાઉ કૅપ્ટન વેબે આ ખાડી તરવાનું સાહસ કર્યું હતું. તે પછી અત્યાર સુધી માત્ર બાર સ્ત્રીઓ સહિત ૩૦ જણ જ એ તરવા શક્તિમાન થયા છે. આ વર્ષે કૅલિફૉર્નિયાની ૩૧ વર્ષની યુવતી ફ્લોરેન્સ શેન્ડવિકે વિજયી થઈને ૨૪ વર્ષની અંગ્રેજ યુવતી ગર્ટ્રુડ એડરલે નોંધાવેલો રેકર્ડ તોડયો છે. (વર્ષો પહેલાં 'કુમાર'માં એ ગર્ટ્રુડનો વિગતવાર અહેવાલ આવેલો.) ફ્લોરેન્સે ૧૩ કલાક અને વીસ મિનિટમાં ૨૭ માઇલ પાર કર્યા હતા. ૧૯૨૬માં સિયેગે નોંધાવેલો ૧૧ ક. ૫ મિનિટનો રેકર્ડ તોડી આ વર્ષે ઇજિપ્તના હસન અબ્દુલ રહીમે પુરુષોમાં ૧૦ કલાક ને ૫૮ મિનિટનો નવો રેકર્ડ નોંધાવી ઇનામ મેળવ્યું છે.

આ હરીફાઈમાં ભાગ લેવા જવા માટે અમદાવાદના એક ગુજરાતી જુવાને પ્રયાસ કરેલો તેની ઘણા ઓછાને જાણ હશે. ભારતમાંથી કોઈ જુવાન એમાં જતો નથી. કેમકે ૨૭ માઇલ તરીને પાર કરવાનું કામ ખરેખર કઠણ છે. એ માટે ભારે પરિશ્રમ વેઠવો પડે છે ને પૂરી તૈયારીઓ કરવાની હોય છે. આ બધું જોખમ ખેડવા એ અમદાવાદી જુવાને હામ ભીડી અને આંતરરાષ્ટ્રીય હરીફાઇના નિર્માતાઓની પરવાનગી મેળવી. ૨૫ માઈલ તરવાનો એને મહાવરો હતો એટલે ૨૭ માઇલનું અંતર કાપી શકશે એવી શ્રદ્ધા પણ હતી. પાસપોર્ટ મળી ગયો, ને પૈસાની વ્યવસ્થા થઇ ગઈ, ત્યાં આ હરીફાઇની તારીખ બદલાઈને વહેલી રખાયાના સમાચાર આવ્યા. જો જાય તો એકાદ મહિનો તાલીમ લેવાનો જે અવકાશ રહેતો હતો તે ચાલ્યો ગયો. એટલે જુવાનને માંડી વાળ્યા વગર ચાલ્યું નહિ. હજી ય એને આ હરીફાઇમાં ભાગ લેવાના કોડ છે. (લોકનાદ)



ગિરિ-આરોહણનું શિક્ષણ

જગતનું ઊંચામાં ઊંચું ગિરિશિખર ધરાવવાનું ગૌરવ લેતું ભારત, હિમાલય ઉપરાંત બીજી પણ અનેક નાનીમોટી ગિરિમાળાઓ ધરાવતું હોવા છતાં, દુનિયાના મોટા ભાગમાં પ્રચલિત એવા પર્વતારોહણના સાહસ કે શૉખથી વંચિત છે. માનવીનાં જિગર ને જોમને કસે ચડાવતા આ શૉખને, દેશની ઊગતી પ્રજાનાં ચારિત્ર્ય અને આત્મવિશ્વાસને ખડતલ બનાવવાના ઉપયોગી સાધન તરીકે, પશ્ચિમના દેશોમાં તો શિક્ષણમાં પણ સ્થાન અપાય છે, અને તેની પદ્ધતિસરની તાલીમ આપવામાં આવે છે. ઇંગ્લંડમાં ચાલતી ત્યાંના કંબરલૅન્ડ પરગણાની એવી એક ગિરિ-શાળા અંગે અપાતા એક પાઠનું આ બાજુનું ચિત્ર છે. તેમાં અકસ્માતનો ભોગ બનેલા કોઇ શિખરિણીને, દોરડાંની મદદથી સ્ટ્રેચર દ્વારા, ડુંગરની ધારેધારે થઇને નીચે ખીણમાં કેવી સિફત ને આસાનીથી ઉતારવો તેનો પ્રયોગપાઠ અપાય છે.

આમાસ (સપ્ટેમ્બર) ઈતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

દિનવિશેષ

તા. ૨ ઝામોરિન સાથે સંધિ કરી, આખી મૂરિશ લૂટ ભરપાઈ કરી આપીને પોર્ટુગીઝોએ કાલિકટમાં દેવળ બાંધવાની રજા મેળવી, ૧૬૯૯.
તા. ૫ ફ્રેંચોએ જિન્જીના સૂબા પાસેથી પૉન્ડીચેરી ખરીદ્યું, ૧૬૭૪.
તા. ૧૦ જગવિખ્યાત મકરબા 'તાજમહાલ'નું કામ પૂરું થયું, ૧૬૪૫.
તા. ૧૨ કચ્છના રાવ રાયધણ ત્રીજાને કેદ કરી, પ્રજા તરફથી જમાદાર ફતેહમહમ્મદે રાજ્યવ્યવસ્થા હાથમાં લીધી, ૧૭૮૬.
તા. ૧૩ લાહોર કાવતરા કેસના કેદીઓ સામેના વર્તનના વિરોધમાં કરેલા ઉપવાસના ૬૩મા દિવસે જતીન્દ્રનાથ દાસનું અવસાન, ૧૯૨૯.
તા. ૧૪ કલકત્તા-મુંબાઈ વચ્ચે પહેલો ટેલીફોન વ્યવહાર શરૂ, ૧૯૩૪.
તા. ૨૨ પૂર્વના પ્રદેશો સાથે વેપારી સંબંધ બાંધવાના ઇરાદાથી ઈંગ્લંડમાં ઈસ્ટ ઇંડિયા કંપનીની સ્થાપના થઇ, ૧૫૯૯.
તા. ૨૭ એ જ ઇસ્ટ ઈંડિયા કંપનીની સરકારને (૧૬૧ વરસ પછી) લશ્કરી ખર્ચ માટે બર્દવાન, મિદનાપુરને ચિતાગૉંગ આપી, બદલામાં મીર જાફરના જમાઈ મીર કાસિમે બંગાળની ગાદી મેળવી, ૧૭૬૦.
તા. ૨૮ દિલ્હીના છેલ્લા સમ્રાટ બહાદુરશાહનું રાજ્યારોહણ, ૧૮૩૭.
તા. ૩૦ મહારાષ્ટ્રના મહાવિદ્વાન ન્યાયમૂર્તિ ને સંસ્કૃતિશિરોમણિ જસ્ટીસ કાશીનાથ ત્ર્યંબક તેલંગનો જન્મ, ૧૮૫૦.

વ્યક્તિ વિશેષ : વી. શ્રીનિવાસ શાસ્ત્રી



હિંદમાં એવા જૂજ પુરુષો છે જેના ચારિત્ર્યની અભેદ્યતાને શ્રીનિવાસ શાસ્ત્રી કરતાં ઊંચું સ્થાન આપી શકાય. દક્ષિણની બ્રાહ્મણ સંસ્કૃતિના સર્વ ઉચ્ચ અંશો સાથે એમનો જન્મ ૧૮૬૯ના સપ્ટેમ્બરની ૨૪મી તારીખે થએલો. શાળાને કૉલેજની તેજસ્વી કારકિર્દી પૂરી કરી તે કેળવણીના ક્ષેત્રમાં પડયા, પણ ગોખલેજીએ એમની પ્રતિભાને શોધી કાઢી ઉદાત્ત સેવાકાર્યમાં જોડયા, ને ૧૯૦૭માં તેઓ સર્વન્ટ્સ ઑફ ઇંડિયા સોસાએટીના સભ્ય થયા. ગોખલેજીના મૃત્યુ બાદ તે તેના પ્રમુખ બન્યા, જે પદે ૧૯૧૫થી ૧૯૨૭ સુધી રહ્યા. ૧૯૧૪માં કાઉન્સિલચેમ્બરમાં સરકારને પડખે રહી એમણે પોતાની શક્તિ દાખવી, છતાં રોલેટ કાયદાનો વિરોધ કરતાં તે અચકાયા નહિ.

એમની પ્રામાણિકતા ને વફાદારીને લઈ સરકારે એમને ૧૯૨૧માં ઇમ્પીરિયલ કૉન્ફરન્સમાં પ્રતિનિધિ તરીકે લંડન મોકલ્યા, જ્યાં દક્ષિણ આફ્રિકાના વડા પ્રધાન જનરલ સ્મટ્સ સાથે એમને સંસ્થાનોમાં વસતા હિંદીઓના સમાન નાગરિકત્વ માટે ખૂબ તડાતડી થઈ. આથી એ પ્રશ્નને પોતાનો બનાવી તેઓ સંસ્થાનવાસી હિંદીઓની હાલત તપાસવા જગતસફરે નીકળ્યા. ૧૯૨૩માં હિંદી સરકાર વતી કૉલોનિયલ ઑફિસમાં કેન્યાગાંના હિંદીઓના સંપૂર્ણ નાગરિકત્વની માગણી મૂકી પોતાના જબરા પ્રતિસ્પર્ધી લૉર્ડ ડેલામીઅરનો સફળ સામનો કર્યો. તે અંગેના વ્હાઈટ પેપરના ચુકાદામાં સમગ્ર પૂર્વ આફ્રિકાનાં દ્વાર હિંદીઓ માટે ખુલ્લાં મુકાયા છતાં બીજી બાબતોમાં ગોરી વિશેષતાનો સ્વીકાર થયાથી એમને બહુ આઘાત લાગ્યો. ફરી તે દક્ષિણ આફ્રિકા ગયા જ્યાં નહિ ધારેલો આવકાર મળ્યો, અને એમને દક્ષિણ આફ્રિકાના એજન્ટ જનરલ બનાવવામાં આવ્યા.

આખરે અન્નામલાઇ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર થયા બાદ પાછલું જીવન લગભગ નિવૃત્તિમય ને ચિંતન તથા અભ્યાસમાં જ ગાળી તેઓ ૧૯૪૬ના એપ્રિલ માસમાં અવસાન પામ્યા.

પ્રસંગવિશેષ : આદિલશાહીનો અંત

તુર્કી ગુલામ તરીકે હિંદ આવેલો, પણ મૂળ તો રાજખટપટથી નાસી આવેલો કહેવાતો તુર્કસ્તાનના સુલતાનનો નાનો પુત્ર યુસુફ આદિલખાન પોતાનાં પરાક્રમ અને ચાતુર્યથી બ્રાહ્મણી રાજ્યમાં પ્રગતિ કરતો કરતો બીજાપુરના સૂબાપદે પહોંચ્યો, અને લાગ જોઇને ઇ. ૧૪૮૯માં ત્યાં સ્વતંત્ર હકૂમત સ્થાપી, જે આદિલશાહીને નામે ઓળખાઇ. તેણે એક મરાઠા સરદાર મુકુંદરાવની બહેન સાથે લગ્ન કર્યું જેણે બુબુજી ખાનમ નામ ધારણ કરેલું. એ આદિલશાહી વંશમાં ઘણા બાદશાહ થઈ ગયા. તેની રાજભાષા મરાઠી ને ઊંચા હોદ્દેદારો બહુધા મરાઠાઓ હોઇ તેઓના જીવનમાં પણ અનેક ઊંડાં પરિવર્તનો થયાં. ને બહાદુરી પણ વધી, જેમાંથી મોરારરાવે મોટું પરાક્રમ કરી મુઘલોની વિખ્યાત તોપ 'મુલ્કે મેદાન' બીજાપુર આણેલી. આમ પરાક્રમો ને પ્રગતિની એષણામાંથી મરાઠાઓને સ્વાતંત્ર્યનું ભાન થયું. ૧૬૫૬માં, લગભગ પોણાબસો વર્ષે, આદિલશાહ અલીના વખતમાં ઔરંગઝેબે બીજાપુર પર પહેલી ભીંસ દીધી. બીજી તરફ શિવાજીનો સિતારો પણ ચમકતો જતો હતો. આમ એક તરફથી મુઘલો અને બીજી તરફથી મરાઠાઓની ભીંસ વધતાં આદિલશાહીના પાયા ઢીલા પડવા લાગ્યા. ત્યાં તો ૧૬૮૬માં ઔરંગઝેબે આદિલશાહને કપટથી ઝેર દઈ બીજાપુરની પાદશાહત હાથ કરી અઢળક લૂટ મેળવી, ને સંવત ૧૬૦૮ના આશ્વિન વદ ૨ (૨૩મી સપ્ટેમ્બર, ૧૬૮૬)ને દિવસે લગભગ બસો વર્ષથી ચાલતી આદિલશાહી પાદશાહત અસ્ત પામી.

જીવવું તો જીવવું જગમાં ખરી તાકાતથી,
માથું મુક્તિની ખુમારીથી સદા ઊંચું કરી.

—મનસુખલાલ ઝવેરી—

આ વરસના વરાએલા કૉંગ્રેસ-પ્રમુખ શ્રી પુરુષોત્તમદાસ ટંડન (એમનું ચરિત્ર ૨૯૨ અંકમાં આવી ગયું) અતિ તેજસ્વી ચારિત્ર્યના ચુસ્ત સિદ્ધાંતભક્ત છે. અસહકારના કાળથી ધીકતી વકીલાત છોડી દીધા પછી એમની આર્થિક સ્થિતિ એવી નબળી થઈ ગઈ કે ઘણી વાર ભૂખ્યા રહીને કે મીઠું ખાઇને જ ચલાવવું પડેલું; છતાં તેમના જેલમાં ગયા પછી શ્રી જમનાલાલ બજાજે તેમના કુટુંબને માસિક રૂા. બસોની સહાય મોકલવાની કરેલી વિનતિને દૃઢતાથી નકારેલી. એટલી જ ચુસ્તતાથી આજે સરકારી નિયમોનું પણ તેઓ પાલન કરે છે. રૅશનમાં મળેલા ઘઉં ખલાસ થઇને માત્ર જવ જ રહ્યા હોય તો ગમેતેવા મોટા મહેમાન આગળ પણ જવની જ રોટલી મૂકે છે. એક વખત તો કેટલાક પ્રધાનો સાથે મહેમાનો આવ્યા, ત્યારે ઘરમાં માત્ર પાશેર જ ચોખા હતા. તેટલા જ ચોખાનો ભાત, અને બગીચામાં ઊગેલાં બટાટા બાફીને મહેમાનો આગળ પિરસી તેમણે કહ્યું 'આજે ઘરમાં આટલું જ ભોજન છે.' અને સૌ એટલું જ જમીને વિદાય થયા.

અનેકાર્થી શબ્દ : **લાળી**=પશુપંખીની–ખાસ કરીને શિયાળની બૂમ; કાનની નીચેના ભાગમાં લબડતી ચામડી; ઘંટની જીભ.

કહેવતોના અર્થ: 'સુતારનું મન બાવળિયે' –પોતાના સ્વાર્થ કે શોખ માટેની માણસની લાલચુ વૃત્તિનો નિર્દેશ કરતી આ કહેવતને મળતી બીજી કહેવતો: 'ચોરની નજર બચકે તે ભિખારીની નજર લચકે'; 'જોગીને વહાલાં તુંબડાં ને ભોગીને વહાલા ભોગ'; 'રંડી કા જી હંડીમેં' વગેરે.

ગયા માસમાં આ પાને પ્રકટ થએલું 'ફિશ-પ્લેટ'નું ચિત્ર ઊલટું છપાઈ ગએલું છે. તે, અંકને ઊલટાવીને જોવાનું છે.


ગણિતગમ્મત: એક રકમ લો; તેનો છેલ્લો અંક કાઢી નાખો; હવે આવેલી રકમને, પેલો છેલ્લો અંક દશમાંથી બાદ કરતાં જે અંક આવે તે વડે ગુણો, અને એ રકમને બાજુએ રાખો; હવે છેલ્લો અંક કાઢી નાખતાં વધેલી રકમમાં એક ઉમેરી જે આવે તેને છેલ્લા અંક વડે ગુણો, અને જે આવે તે પેલી બાજુએ રાખેલી રકમમાં ઉમેરો, એટલે મૂળ લીધેલી રકમ જ આવશે. દા.ત. ૧૩૨ ૪; ૧૩૨; [૧૩૨×(૧૦–૪)]+[(૧૩૨+૧)×૪] એટલે કે (૧૩૨×૬)+(૧૩૩×૪); એટલે કે ૭૯૨+૫૩૨ =૧૩૨૪. (નીતિન મજુમદાર)

અમેરિકામાંનું વૉશિંગ્ટનનું સ્મારક દર વર્ષે ૦। ઇંચ જમીનમાં બેસતું જતું ગનાય છે. આ હિસાબે તે ૨,૬૬,૪૦૦ વરસમાં જમીન સરસું થઇ જશે!

LOCAL DELIVERY
POST CARD
REPLY.
ADDRESS ONLY



સરકારે સ્થાનિક ટપાલના દર ખાસ ઓછા કરીને કવર માટે એક આનો અને પત્તા માટે અર્ધો આનો કર્યો હોવાથી, તે માટે જે ખાસ કાર્ડ-કવર કાઢવામાં આવનાર હતાં તે પૈકી તાજેતરમાં નીકળેલા કાર્ડનો નમૂનો. તેના ઉપર અરધા આનાની ટિકિટ જેવી જ કોણાર્કના મંદિર પાસેના અશ્વના શિલ્પની છાપ છે.



કલાકણિકા

હિંસક શસ્ત્રો ઉપર પણ કલાની અર્ચના તો માનવીએ કરી જ છે, તે દર્શાવતાં તલવારની મૂઠો ઉપરનાં સુશોભનો : ડાબી બાજુથી (૧) મૂઠમાં ચાર વાઘ તથા વેલ બુટ્ટીની રચના; (૨) સિંહ, સાપ અને પોપટની લોલવિલોલ ગૂંથણી;–આ બંને તલવારો બિકાનેરના મહારાજા અનુપસિંહે ૧૭મી સદીમાં દક્ષિણ હિંદના અડોની પરની ચડાઈમાંથી મેળવેલી. (૩) મુઘલ સમયની ૧૮મી સદીની તલવાર પર સોનાકામની વેલબુટ્ટીની બારીક કારીગરી.

દેવનાગરીમાં રદ્દીકરણની પહેલી છાપ

આ મહીને નાશિકમાં ભરાનારા કૉંગ્રેસના અધિવેશન માટે તૈયાર કરેલા ગાંધીનગરની પોસ્ટ ઑફિસ, ત્યાંથી પોસ્ટ થતા કાગળો વગેરે ઉપર રદ્દીકરણ કરવા માટે ખાસ નવી છાપો મારવાની છે; જેમાં એક ડિલીવરીની તારીખ માટે ને બીજી રદ્દીકરણ માટે રહેશે. તેના ઉપર હિંદીમાં 'ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસનું ૫૬મું અધિવેશન' એવું દેવનાગરીલિપિમાં લખેલું હશે. દેવનાગરી લિપિવાળી આ છાપ ભારતીય ટપાલખાતાના ઇતિહાસમાં પહેલી હશે. અગાઉ માત્ર એક જ પ્રસંગે રદ્દીકરણની છાપ પર 'જયહિંદ' શબ્દો વપરાયા હતા.



જીવનચક્ર (ચિત્રકાર · શારદાચરણ ઉકિલ)



દધીચિ (ચિત્રકાર · અશ્વિની રૉય)



ગોષ્ઠિ (ચિત્રકાર · સુશીલ સેન)

ભારત અને અફઘાનિસ્તાનના પુરાતન સાંસ્કૃતિક સંબંધોના અનુસંધાનમાં, પરસ્પરની સંસ્કૃતિઓને બંને દેશો સમજીને એકબીજાની નિકટ આવતા થાય તે માટે જે પ્રયત્નો શરૂ થયા છે તેના એક ભાગ તરીકે, થોડા સમય ઉપર, કાબુલમાં ભારતીય કલાઓનું એક પ્રદર્શન ભરવામાં આવેલું. તેમાં રજૂ થએલી આધુનિક ભારતીય ચિત્રકારોની કૃતિઓ પૈકી ત્રણ આ ઉપર આપી છે. ડાબી તરફનું પ્રથમ ચિત્ર, આ સદીની શરૂઆતમાં બંગાળમાં થએલા ચિત્રકળાના નવનિર્માણ પછી જે એક વિશિષ્ટ શૈલી 'બંગાળી લઢણ' તરીકે શરૂ થઇ તે ઢબનું છે. બાળક, માતા અને વૃદ્ધાનાં પાત્રોમાં ત્રણ પેઢી દર્શાવતા આ ચિત્રમાં, ભવિષ્ય તરફ મીટ માંડી રહેલા બાળકને હેતથી હૈયે વળગાડી રહેલી વર્તમાનકાળ સમી વત્સલ યુવાન માતાને પડછે, ચિંતનગ્રસ્ત ભૂતકાળ દાખવતી વૃદ્ધાનું આલેખન, સદા પરિવર્તિત જીવનચક્રનો હૃદયસ્પર્શી ખ્યાલ આપે છે. બીજા ચિત્રમાં, વૃત્રાસુરને હણવા માટે વજ્રસમું શસ્ત્ર તૈયાર કરવામાં જરૂરી દધીચિ ઋષિનાં હાડ માગવા આવેલા દેવો દાખવતી પુરાણકથાનું આલેખન છે, જે તિબેટી-ચીની શૈલીની ભૂમિકા ઉપર કરેલું છે. ઘરના આંગણામાં નિરાંત મેળવી ગોષ્ઠિ કરતી બે ગૃહિણીઓવાળા ત્રીજા ચિત્રમાં હિંદુ ઘરસંસારની બપોરની શાંતિનું સુમધુર ચિત્રસંયોજન દ્વારા આલેખન છે.

!! અમને આશ્ચર્ય થયું!

'કુમાર'થી આકર્ષાઈને નવા થતા ઘણા ગ્રાહકો આગ્રહપૂર્વક તેના મળી શકતા બધા પાછલા અંકો તથા ફાઈલો માગે છે. જોકે આજે તો માત્ર ૧૯૪૯–૫૦ના બે જ વર્ષોના સળંગ અંક મળી શકે છે. (અને તેની પણ માંડ બે-પાંચ નકલો રહી હશે.) પરંતુ ૧૦૦મા અને ૨૦૦મા અંકની, પાછળથી થએલી ઉલટભરી માગ જોઈને, અમે ૩૦૦મા અંકની થોડી વધારે નકલો કાઢેલી; એટલે જેઓ ૧૯૪૯ની શરૂઆતથી—૩૦૧મા અંકથી ગ્રાહક થવા ઈચ્છતા હોય તેમને ૩૦૦મો અંક પણ સાથે લેવાની ભલામણ કરીએ છીએ. આજ સુધી બધા જ એવા ગ્રાહકો એનો હર્ષથી સ્વીકાર કરતા આવ્યા છે. પણ હમણાં જ એક ગૃહસ્થ તેમાં અપવાદ રૂપ નીકળ્યા. તેમણે અમને લખ્યું કે **'મારે ૩૦૦મો અંક નથી જોઈતો.** ૩૦૧થી ગ્રાહક થવું છે; તો નોંધશો કે કેમ ?' આ પત્ર વાંચીને અમને ઘણું આશ્ચર્ય થયુ.

અમને લાગે છે કે કદાચ એ ગૃહસ્થને ૩૦૦મા અંકની સમૃદ્ધ સામગ્રીની જાણ નહિ હોય. અને એમ કદાચ ઘણાને નહિ હોય. દર શતકનો ખાસ અંક કાઢવાની જે નવી પ્રથા 'કુમારે' શરૂ કરીને ૧૦૦મા અને ૨૦૦મા અંકો કાઢ્યા, (અને જે આજે મોં-માગી કિંમતે પણ મળતા નથી) તેની પરંપરા જાળવતો એ ૩૦૦મો અંક સર્વ વાચકો અને વિવેચકોએ ઉમળકાથી બિરદાવ્યો છે. ૧૬૪ પાનાંના દળદાર વાચન સાથે એમાં ૬ ત્રિરંગી ચિત્રો તથા ૮ એકરંગી ચિત્રોવાળી આર્ટપ્લેટો, અમુક પાનાંની સુઘડ સચિત્ર બેરંગી છપાઈ, અને આખા ય અંકને ચિત્રમય કરતાં ૧૦૫ ચાલુ ચિત્રો, આલેખનો, ફોટોગ્રાફો વગેરે વડે ચિત્રિત થએલી વાર્તાઓ, લેખો, કાવ્યો ને વિવિધ જ્ઞાનસામગ્રીનું રસભર્યું વાચન છે. કિંમત માત્ર બે રૂપિયા. રજિસ્ટ્રેશન પોસ્ટેજ વગેરે સાથે ૨-૬-૦.





ગોહનાતાલ (ફોટો · અશ્વિન ત્રિવેદી) છેક પશ્ચાદ્‌ભૂમિમાં ડોકાતા સફેદ હિમશિખરથી માંડીને અગ્ર ભાગમાં પારા જેવાં સ્થિર પડેલાં સ્વસ્થ પાણી સુધીના સર્વબિંબ આછાયેરા રૂપપલટાને અણીશુદ્ધ ઉતારતું આ ચિત્ર આ દૃશ્ય જેવી જ સ્વસ્થરમ્ય ફોટોકલાનો નમૂનો છે. અને આ ગોહનાતાલની રચનાની કથા પણ ‘કુમાર’ના વાચકોને રસ પડે તેવી છે. ૧૮૯૩ના ચોમાસાની એક રાતે, અલકનંદાને આવી મળતી નાનકડી બિરહી ગંગાની પડખેનો એક મસમોટો પહાડ તૂટી પડચો અને પલકમાં ૧૦૦૦ ફીટ ઊંચો, નીચેથી ૧૧૦૦૦ ફીટ ને ઉપરથી ૨૦૦૦ ફીટ પહોળો બંધ રચાઈ ગયો! પ્રખ્યાત ભૂવિદ્યાશાસ્ત્રી ડૉ. હાઈમના અંદાજે દશ કરોડ ઘન મિટર જેટલાં પથ્થર-માટીનું તેમાં પુરાણ થયું હશે! ભાખરા બંધના આંકડાઓ સાથે આ સરખાવી જોઇએ તો જ પ્રકૃતિની આ લીલાનો પૂરો ખયાલ આવે. બરાબર એક વર્ષ સુધી બિરહી રોકાઇ ગઇ. ૧૮૯૪ની ૨૫મી ઑગસ્ટે મધરાતે આ બંધ છલકાયો ને તૂટચો. ગોહનાતાલની પાણીની સપાટી સડસડાટ ૩૯૦ ફીટ ઊતરી ગઇ. નીચાણોના પ્રદેશોમાં ભયંકર પૂર આવ્યું અને અલકનંદાને કાંઠે આવેલું શ્રીનગર આખુ તણાઇ ગયું. પણ સૌથી આશ્ચર્યજનક બીના તો એ બની કે પહાડ અને બંધ બંને તૂટચા ત્યારે એકે માણસ માર્યો નહિ ગયો. બંધ તૂટચો તે અગાઉ સરકારે બિરહી–અલકનંદા ખીણના ભયગ્રસ્ત વિસ્તારોમાંથી વસતિને દૂર ખસેડી નાખી હતી. ગોહનાતાલ હમણાં સૌથી વધુ ૪૦૦ ફીટ ઊંડું છે ને સમુદ્રસપાટીથી ૫૩૮૦ ફીટ પર આવ્યું છે.

હિમાલયના ઘાયલ એવા મિત્રે એક વાર વાતવાતમાં કહેલું કે ગોહનાતાલ આગળ નૈનીતાલ તો puddle–ખાબોચિયું–કહેવાય, ત્યારે અતિશયોક્તિ લાગેલી. પણ ઑક્ટોબરની એક સમી સાંજે દોઢ–બે હજાર ફીટ ઊંચેથી પહેલી વાર ગોહના જોયું ત્યારે થયું કે વાત સાવ સાચી હતી. રાઇરંગી ગાઢા પીળા મોટા મોટા ખડકાળ ડુંગરાઓ કુમળાં લીલાં ચીડને માથે ચડાવી ઘેરી વળેલા. દક્ષિણકાંઠે વસેલા દુરમી ગામના લાલઘુમ ‘ચુઆ’નાં ઢળતાં ખેતરોનું, અને ઉત્તરપૂર્વના બેથારતોલી હિમાલ (૨૦૮૪૦ ફીટ), નંદાઘુંટી (૨૦૭૦૦ ફીટ)ને ત્રિશૂળ (૨૩૩૬૦ ફીટ)નું પ્રતિબિંબ ઝીલતાં ગોહનાનાં નીલમરંગી પાણી ભૂરા આકાશ સામે નિષ્પલક તાકી રહેલાં. પહેલાં ત્યાં પહોંચવા માટે બિરહીને કોતરે કોતરે દોડતી કપરી પગદંડી સિવાય બીજો રસ્તો નહોતો, અને ‘ટ્રાઉટ’ના શોખીન અંગ્રેજ મછલીમારો સિવાય ત્યાં કોઈ જતું ય નહિ. હવે બદરીનાથ માટેના હરદ્વાર–પીપલકોટી મોટરમાર્ગ પર આવેલા ચમોલીથી ૧૪ માઇલની સડક થઈ ગઈ છે. એક બોટહાઉસ તો વર્ષોથી હતું; વધારામાં જંગલખાતાનો એક બંગલો પણ બંધાવા માંડચો છે, એટલે બદરી-કેદારના યાત્રાળુઓએ, ખાસ તો યુવાન યાત્રાળુઓએ, ગોહના અચૂક જવું જોઇએ.